# આત્મધર્મ

## વર્ષ ૦૩

## સળંગ અંક ૦૨૫

### Version History

| Version Number | Date | Changes |
| --- | --- | --- |
| 001 | Jan 2006 | First electronic version. |

卐 ધર્મનું મૂળ દર્શન છે. 卐

# આત્મધર્મ

## શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક

વર્ષ ત્રીજું
અંક પહેલો

: સંપાદક :
રામજી માણેકચંદ દોશી
વકીલ

કારતક
૨૪૭૨

## જિનવાણી સ્તુતિ

હે જિનવાણી માતા તુમકો લાખોં પ્રણામ
તુમકો ક્રોડો પ્રણામ........
શિવસુખદાની માતા તુમકો લાખોં પ્રણામ........ટેક
તૂ વસ્તુ સ્વરૂપ બતાવે, અરૂ સકલ વિરોધ મિટાવે;
સ્યાદ્વાદ વિખ્યાતા તુમકો લાખોં પ્રણામ............૧.
તૂ કરે જ્ઞાતાકા મણ્ડન, મિથ્યાત્વ કુમારગ ખંડન;
હે તીન જગકા ત્રાતા તુમકો લાખોં પ્રણામ..........૨.
તૂ લોકાલોક પ્રકાશે, ચર અચર પદાર્થ વિકાસે;
હે વિશ્વતત્ત્વકી જ્ઞાતા તુમકો લાખોં પ્રણામ..........૩.
તૂ વસ્તુસ્વરૂપ સુઝાવે, સિદ્ધાંતકા મર્મ સમઝાવે;
તૂ મેટે સર્વ અસાતા તુમકો લાખોં પ્રણામ............૪.
હે માત કૃપા અબ કીજે, અબ પરભાવ સકલ હર લીજે;
'શિવરામ' સદા ગુણ ગાતા તુમકો લાખોં પ્રણામ.......૫.

૨૫ ૨૫

## ભગવાન શ્રી મહાવીર નિર્વાણ કલ્યાણક
## મહોત્સવઅંક

વાર્ષિક લવાજમ
અઢી રૂપિયા

છુટક અંક
ચાર આના

આત્મધર્મ કાર્યાલય સુવર્ણપુરી–સોનગઢ ( કાઠિયાવાડ )

(૧) આત્મધર્મ માસિકનો ૨૫ મો અંક આસો સુદ બીજે પ્રગટ કરી નવું વર્ષ–ત્રીજું વર્ષ આસો માસથી જ શરૂ કરવાની ગણતરી હતી પરંતુ ભાઈશ્રી હરિલાલ અમૃતલાલ મહેતા કે જેઓ 'આત્મધર્મ'નું લખાણ તૈયાર કરે છે તેમની નાદુરસ્ત તબિયતને કરણે ૨૫ માં અંકનું લખાણ સવેળા તૈયાર થઈ શક્યું નહિ જેથી આસો સુદ બીજે અંક પ્રગટ થયો નથી. એથી હવે ત્રીજા વર્ષનો પહેલો–૨૫ મો અંક કારતક મહિનામાં જ પ્રગટ થાય છે. અને નવા વર્ષની શરૂઆત પણ કારતકથી જ થાય છે એમ સમજવું.

(૨) 'આત્મધર્મ'ના લવાજમનું ધોરણ બારમહિનાના હિસાબે નહિ રાખતા ૧૨ અંક સાથે રાખેલું છે. એથી દરેક ગ્રાહકોએ પોતાનો અંક નંબરની સંખ્યા પ્રમાણે નિયમિત મળે છે કે નહિ તેનું જ લક્ષ રાખવું કે જેવી ફલાણા મહિનાનો અંક નથી મળ્યો એવી ફરિયાદ અને ફિકર કરવાનું ન રહે.

**પચીશમો અંક-ભગવાનશ્રી મહાવીર નિર્વાણ મહોત્સવ અંક-કારતક સુદ બીજે સૌ ગ્રાહકોને મળી જાય એવી રીતે પ્રગટ કરવાનું જણાવ્યા છતાં તે પ્રમાણે પ્રગટ નથી થઈ શક્યો એ બદલ આપ સૌની ક્ષમા ચાહું છું- પ્ર.**

(૩) રૂપિયા પાંચ લવાજમ ભરીને ગઈ સાલે થયેલા તમામ ગ્રાહકોને, સ્વ. પારેખ શ્રી લીલાધર ડાહ્યાભાઈના સ્મરણાર્થે આપેલું ભેટ પુસ્તક 'અમૃત ઝરણાં' હાથોહાથ સથવારે, અથવા તો બુધપોસ્ટથી મોકલાવાઈ ગયું છે અને હવે તેમને ૨૫ થી ૩૬ સુધીના અંકો નિયમિત મળશે.

(૪) દરેક ગ્રાહકોએ પોતાનો ગ્રાહક નંબર નોંધી રાખી જ્યારે કાર્યાલય સાથે પત્રવ્યવહાર કરવો પડે ત્યારે તે ગ્રાહક નંબર અવશ્ય લખવો.

(૫) કોઈપણ પ્રકારનો 'આત્મધર્મ' અંગેનો પત્રવ્યવહાર કોઈ વ્યક્તિના નામથી નહિ કરતાં નીચે પ્રમાણે કરવો. વ્યવસ્થાપક, પ્રકાશક, સંચાલક કે સંપાદક (જેને ઉદ્દેશીને લખવું હોય તે એક) આત્મધર્મ

**આત્મધર્મ કાર્યાલય**

**સુવર્ણપુરી-સોનગઢ (કાઠિયાવાડ)**

## સુખ...સમજસે... પાવે

**[ રાગ-શું કહું કથની મારી રાજ ]**

**આ અંકમાં અન્યત્ર આપેલ શ્રીસમયસારજીનું ભાદરવા સુદ ૨ નું વ્યાખ્યાન વાંચીને તેના ભાવ ઉપરથી આ કાવ્ય બનાવવામાં આવ્યું છે.**

સુખકી ઇચ્છા સબી જીવોકો, બાહીર ફાંફાં મારે
ઢુંઢત ઢુંઢત મંદિર દેરાસર, કોઈ પોથી કો ફાડે
રાજ...સુખ સમજસે પાવે. ૧

કસ્તુરી કાજે હીરણ ઢુંઢત હૈ, ચૌદીશ ફાંફાં મારે
દોડત દોડત થકત ભયો તબ, આખીર મૃત્યુકો પાવે....રાજ....સુખ ૨
અજ્ઞાનીકા યહી હાલ હૈ, સુખ બાહીરસે ચાહે
પરાશ્રયસે ઉપાય કરત હૈ, સુખ કચ્છુ નવ પાવે....રાજ....સુખ ૩
બોત પુણ્યસે સુખ મિલેંગે, બાહીર ધર્મ મનાવે
દયા, દાન, વૃત, તપ, શીયળસે, અપના સુખ નવ પાવે....રાજ....સુખ ૪
આંબિલ ઓળી જાત્રાએ જાવે, મૌનવૃત પડિમા ધરાવે
તપ કરી દેહ જીર્ણ કરત હૈ, તોબી સુખ નવ પાવે....રાજ....સુખ ૫
સદ્‌ગુરુદેવકી કૃપા જબ હોવે, શાશ્વત સુખ દીલાદે
સુખકે કાજે પાંવ પડત હૈ, અરજ કરત નવ દેવે....રાજ....સુખ ૬
વિકારસે કબી સુખ નવ હોવે, મિથ્યાત્વ બુધ્ધિ મનાવે
આનંદકંદ પ્રગટ દશા કર, અપને સ્વરૂપ નવ જાને....રાજ....સુખ ૭
બહિર દૃષ્ટિ સુખ નવ હોવે, સુખસ્વભાવસે ભરીઓ
અંતર દૃષ્ટિ જ્ઞાન ભયો તબ, અનંત ગુણસે ભરીઓ....રાજ....સુખ ૮
સુખ સ્વરૂપ શાશ્વત સ્વાધીન હૈ, સ્વયમેવ સુખરૂપ હોવે
સુના નહિ કબી સબ જીવોને, બાહીર ફાંફાં મારે....રાજ....સુખ ૯
'સુવર્ણપુરીકાસંત' સુનાવે, સુખ સાગરસે ભરીઓ
સ્વાધીન દૃષ્ટિસેદેખ ભયો તબ, સુખ સ્વરૂપસે બનીઓ.....રાજ....સુખ ૧૦
વીરસંવત ચોવીસો એકોતેર, શનિશ્ચર દીન બતાયો
સુકલ પક્ષ ભાદ્રવ માસકો, બીજકો દિવ્યધ્વનિ આયો...રાજ...સુખ ૧૧

## ૫૦૦૦-પાંચહજાર

આત્મધર્મના તમામ ગ્રાહકોને–વાંચકોને તથા શુભેચ્છકોને–સાદર વિનતિ છે કે આ વર્ષે આત્મધર્મ માસિકની ગ્રાહક સંખ્યા પાંચ હજાર થાય એવી મારી ભાવના છે. તેમાં ગુજરાતી આત્મધર્મ ના ત્રણ હજાર ગ્રાહકો કરવાના રહે છે. બે હજાર ગ્રાહકો હિંદી આત્મધર્મના કરવાનો પ્રયત્ન થશે.

આજે ગુજરાતી આત્મધર્મના ૧૫૦૦ ગ્રાહકો છે એટલે જો દરેક ગ્રાહક માત્ર એકજ નવા ગ્રાહકનું નામ મોકલાવી આપે તો એક જ દિવસે ૧૫૦૦ નવા ગ્રાહકો વધી ૩૦૦૦ ગ્રાહકો થઈ જાય. આશા છે કે આત્મધર્મના ગ્રાહકો પોતાના સ્વજન, સ્નેહી કે સંબંધીમાંથી ઓછામાં ઓછા એક ગ્રાહક નું નામ અને લવાજમ મોકલાવી આપી આત્મધર્મનો બહોળો ફેલાવો કરવાનું પુણ્ય કાર્ય જરૂર કરશે જ.

**પ્રકાશક**

# આત્મધર્મ

## શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક

વર્ષ ૩ કારતક

અંક ૧ ૨૪૭૨


## શ્રી ગુરુ સ્તુતિ

તે ગુરુ મેરે મન બસો, જે ભવ જલધિ જિહાજ;
આપ તિરહિં પર તારહિં, એસે શ્રી ઋષિરાજ...તે ગુરુ૦
મોહ મહારિપુ જાનિ કૈ, છાંડયો સબ ઘરબાર
હોય દિગંબર વન બસે, આતમ શુદ્ધ વિચાર...તે કુંદ પ્રભુ૦
રોગ-ઉરગ-વિલ વપુ ગિણ્યો, ભોગ ભુજંગ સમાન
કદલી તરુ સંસાર હૈ, ત્યાગ્યો સબ યહ જાન...તે ગુરુ૦
રતનત્રય નિધિ ઉર ધરૈ, અરુ નિરગ્રંથ ત્રિકાલ
માર્યો કામ ખવીસ કો, સ્વામી પરમ દયાલ...તે કુંદ પ્રભુ૦
પંચ મહાવ્રત આદરે, પાંચોં સમિતિ સમેત
તીન ગુપતિ પાલે સદા, અજર અમર પદ હેત....તે ગુરુ૦
ધર્મ ધરૈં દશ લાછની, ભાવૈ ભાવન સાર
સહૈ પરિષહ બીસ-દ્વૈ, ચારિત રતન ભંડાર....તે કુંદ પ્રભુ૦
જેઠ તપૈ રવિ આકરો, સુખૈં સર વર નીર
શૈલ-શિખર મુનિ તપ તપૈ, દાઝૈં નગન શરીર....તે ગુરુ૦
પાવસ રૈન ડરાવની, બરસૈ જલ ધરધાર
તરુતલ નિવસૈ તબ યતી બાજે ઝંઝા વ્યાર....તે કુંદ પ્રભુ૦
શીત પડૈ કપિ-મદ ગલૈ, દાહૈ સબ વન રાય
તાલ તરંગનિ કે તટૈં, ઢાડે ધ્યાન લગાય....તે ગુરુ૦
ઇહિ વિધિ દુદ્ધર તપ તપૈં, તીનોં કાલ મંઝાર
લાગે સહજ સરૂપમે, તનસોં મમત નિવાર....તે કુંદ પ્રભુ૦
પૂરવ ભોગ ન ચિંતવૈં, આગમ બાંછૈ નાહિં
ચહું ગતિ કે દુઃખસોં ડરૈ, સુરતિ લગી શિવમાહિં....તે ગુરુ૦
રંગ મહલમેં પૌઢતે, કોમલ સેજ બિછાય
તે પચ્છિમ નિશિ ભૂમિમૈં, સોવેં સંવરિ કાય....તે કુંદ પ્રભુ૦
ગજ ચઢિ ચલતે ગરવસોં, સેના સજી ચતુરંગ
નિરખિ નિરખિ પગ વે ધરૈં, પાલૈં કરુણા અંગ....તે ગુરુ૦
વે ગુરુ ચરણ જહાં ધરૈ, જગમેં તીરથ જેહ
સો રજ મમ મસ્તક ચઢો, 'ભૂધર' માંગે એહ....તે કુંદ પ્રભુ૦

**શ્રી જીનેન્દ્ર સ્તવન મંજરી પાનું-૩૦૪**

**સત્‌દેવ-ગુરુ અને શાસ્ત્રનું યથાર્થ સ્વરૂપ સમજાવનાર**

**સત્પુરુષ શ્રી કાનજી સ્વામીને નમસ્કાર હો**

'આત્મધર્મ' પ્રથમ સાં–૨૦૦૦ ના માગસર સુદ ૨ ના રોજ પ્રસિદ્ધ થયું હતું, આજે તે ચોવીશ અંક પૂરા કરી પચીશમાં અંકમાં પ્રવેશ કરે છે.

જગતના જીવો અનાદિથી દુઃખી છે, કેમકે તે નિજ સ્વરૂપથી અજ્ઞાત છે. શાશ્વતસુખ મેળવવાને માટે તેઓ અનેક બાહ્ય ઉપાયો નિરંતર કર્યા કરે છે પણ તે ઉપાયો ખોટા હોવાથી સુખને બદલે દુઃખનો અનંત પ્રવાહ ચાલુ રહે છે. આ પ્રમાણેની સ્થિતિ હોવાથી જીવોને શાશ્વતસુખનો માર્ગ આ માસિકમાં દર્શાવવામાં આવે છે.

આ માસિક વિશ્વના તમામ પદાર્થોની સંપૂર્ણ સ્વતંત્રતા જાહેર કરે છે અને વીતરાગી–વિજ્ઞાન તે જ ધર્મ છે એમ તેમાં બતાવવામાં આવે છે. વીતરાગીવિજ્ઞાનને વિશ્વધર્મ–જૈનધર્મ કે વસ્તુ સ્વરૂપનો ધર્મ કહેવામાં આવે છે.

**વસ્તુ સ્વરૂપ**-જૈનધર્મ તે વાડો કે સંપ્રદાય હોઈ શકે જ નહિ. આ સ્વરૂપ આત્મજ્ઞાની પુરુષો જ પ્રતિપાદન કરી શકે અને તેથી પૂ. સદ્‌ગુરુદેવશ્રી કાનજી સ્વામીના આત્મઅનુભવમાંથી નીકળતી અમૃતવાણી આ માસિકમાં પ્રસિદ્ધ કરવામાં આવે છે. તે સિવાય આ માસિકમાં પ્રસિદ્ધ આચાર્યોનાં શાસ્ત્રો ઉપરથી તૈયાર કરેલા લેખો આપવામાં આવે છે.

આ માસિક લોકપ્રિય થયું છે, ઘણા મુમુક્ષુઓ તેનો લાભ લે છે; આજે તેના આશરે ૧૫૦૦ ગ્રાહકો છે, પરંતુ તેનો વિશેષ વિશેષ બહોળો પ્રચાર થવાની જરૂર છે તેથી આ માસિકનો ઘણો બહોળો પ્રચાર કરી જ્ઞાન પ્રભાવના કરવા મુમુક્ષુઓને વિનંતિ છે.

**રામજી માણેકચંદ**

આજે આત્મધર્મ પચીશમાં અંકમાં પ્રવેશ કરે છે, એ વખતે હું અત્યંત આનંદ અને ઉલ્લાસ અનુભવું છું. અનાદિ અનંત સનાતન સત્ય એક જ હોય છે અને તે શાશ્વત સત્ય આત્મધર્મ માસિક દ્વારા પ્રગટ થાય છે, એથી આત્મધર્મ પ્રગટ કરવામાં મારું પરમ સૌભાગ્ય માનું છું.

પરંતુ આજે તો એથીયે વિશેષ આનંદ પ્રગટ કરવા પ્રેરાયો છું તે એ કે, છેલ્લા ૨૪ માસથી જેમના નિકટ સહવાસમાં આવ્યો છું તે આત્મધર્મ માસિકના માનદ્ સંપાદક વંદનીય મુરબ્બી શ્રી રામજીભાઈના સમાગમથી હું મને ધન્ય માનું છું.

જેમને પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી 'ભાઈ' જેવા અતિ પ્રેમ ભર્યા શબ્દોથી સંબોધે છે એ વંદનીય શ્રી રામજીભાઈ ખેરખર સર્વ મુમુક્ષુઓની ભીડ ભાંગનાર ભાઈ જ છે. તેઓશ્રીની સનાતન જૈનધર્મ (વસ્તુ સ્વરૂપ)ની અવિચલ શ્રધ્ધા, તેઓશ્રીનું એ પાવનકારી જિનવાણીનું સૂક્ષ્મજ્ઞાન અને તે જ શ્રધ્ધા અને જ્ઞાનમાં રમણતા કરવાનો તેઓશ્રીનો અખંડ પુરુષાર્થ આપણ સૌને પ્રેરણા અને વંદનરૂપ હો.!

વિશેષ શું કહું! તેઓશ્રીની દ્રઢતા, બુદ્ધિમત્તા, સહનશિલતા, નિર્ભયતા, નિડરતા, નિઃસ્પૃહતા, નિર્મમતા, નિશ્ચિંતતા, નિરભિમાનતા, ઉદારતા, સરળતા, એકાગ્રતા, લઘુતા, અર્પણતા, વાત્સલ્યતા, ઉદાસિનતા, સત્યપ્રિયતા, જિતેંદ્રિયતા, કાર્યકૌશલ્યતા અને કર્તવ્યપરાયણતા આદિ અનેક ગુણોએ મને સદાય આકર્ષ્યો છે.–અંતરાત્મા તરફ વાળ્યો છે.

આત્મધર્મમાં અપાતી તમામ વસ્તુઓ તેઓશ્રી ખૂબ કાળજીપૂર્વક ઝીણવટથી તપાસીને, વાંચકની રુચિને ઓળખીને–વર્તમાન સમયને બરાબર લક્ષમાં રાખીને, સનાતન જૈન ધર્મના અપૂર્વ ન્યાયો, સાદી અને સરળ ભાષામાં તથા આવા ગહન વિષયને પણ સહેલાઈથી સમજી શકાય એવી સુંદર શૈલીમાં આપવાનો સતત પ્રયત્ન કરે છે. જેને માટે આપણે જ માત્ર નહિ પણ હવે પછીના કાળમાં જૈનધર્મને યથાર્થરૂપે સમજવા ઇચ્છતા ધર્મીજીવો પણ તેઓશ્રીના અત્યંત, અત્યંત આભારી છીએ.

જગતમાં ધર્મના નામે ચાલતા અનેક મતો, પંથો, સંપ્રદાયો, સમાજો અને સંઘોના અભિપ્રાય સામે વાસ્તવિક ધર્મને રજુ કરતાં આત્મધર્મ જેવા કેવળ અધ્યાત્મ વિષયના માસિકના સંપાદકના જાણપણા માટે સામાન્ય રીતે આજના આ કહેવાતા વિજ્ઞાનના જમાનામાં કેટલાક અભ્યાસીઓને તેમજ સંશોધકોને જાણવાનું મન થાય એ સ્વાભાવિક છે તેથી તેઓશ્રીનો સત્‌શાસ્ત્રોનો અભ્યાસ તથા બીજા અન્ય ગ્રંથોનું વાંચન તેઓશ્રીના જ શબ્દોમાં અહીં આપું છું.

"પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજી સ્વામીના સત્સમાગમમાં હું સંવત ૧૯૮૯ ની સાલમાં આવ્યો છું અને ત્યારથી મને તેઓશ્રીની પવિત્ર વાણીનો લાભ મળતો રહ્યો છે; તેઓશ્રીનો સત્સમાગમ થયાં પહેલાં શ્રી સમયસાર, શ્રી પ્રવચનસાર શ્રી પંચાસ્તિકાય, શ્રી પંચાધ્યાયી વગેરે શાસ્ત્રોનું મને વાંચન હતું. પણ તેના ભાવ હું સમજી શકયો નહોતો. નિશ્ચય અને વ્યવહારનયના કથનો આવતાં તેના અર્થ સં. ૧૯૯૦ માં તેઓશ્રીના ઉપદેશથી રાજકોટમાં શ્રી સમયસારનું વાંચન થયું ત્યારે સમજી શકયો હતો, તે પહેલાં નિશ્ચય અને વ્યવહારનયના અર્થો અને તેની સંધિ સમજાતી નહોતી. એ રીતે તેઓશ્રીના ઉપદેશનો મને લાભ મળતાં વસ્તુ સ્વરૂપ જે રીતે સમજવામાં આવ્યું છે તે અહીં (આત્મધર્મમાં) રજુ કરવામાં આવે છે. ત્યારપછી ઉત્તરાધ્યયન, પનવણા, ભગવતિ જીવાધિગમ, જ્ઞાતા, સમવાયાંગ વગેરે શ્વેતાંબર સંપ્રદાયને માન્ય શાસ્ત્રોનો પણ યથાશક્તિ અભ્યાસ કર્યો છે. આ ઉપરાંત યોગ, વૈશેષિક, સાંખ્ય, નૈયાયિક, પંચદેશી, વિચારસાગર બ્રહ્મસૂત્ર, ગીતા વગેરે વેદાંત શાસ્ત્રો પણ યથાશક્તિ વાંચ્યા છે.'

વંદનીય મુરબ્બી શ્રી રામજીભાઈ વિશે આ બધું તો પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવના દર્શન–શ્રવણાર્થે સોનગઢ આવનાર સૌ કોઈ જાણતા જ હોય એ સ્વાભાવિક છે. પરંતુ તેઓના પ્રત્યેનું બહુમાન અને ભક્તિ પ્રગટ કરવાનો આજે–આત્મધર્મની ત્રીજા વર્ષની શરૂઆતે–ઉલ્લાસ આવવાથી અત્યંત નિર્મળ અને નિઃસ્પૃહ ભાવે લખું છું.

કારતક સુદ ૨ ૨૪૭૨ : મંગળવાર **જમુ રવાણી**

**જૈન શાસનનો જળહળતો સૂર્ય સદા પ્રકાશવંત રહો.**

# ભગવાન શ્રી મહાવીર નિર્વાણ કલ્યાણક

મંગલં ભગવાન વીરો,
મંગલં ગૌતમો ગણી,
મંગલં કુંદકુંદાર્યો,
જૈન ધર્મોઽસ્તુ મંગલં.

[ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીનાં સાં. ૧૯૯૯ તથા ૨૦૦૦ ના આસો વદ ૦ ) ) ના વ્યાખ્યાનો ઉપરથી ]

વર્તમાન શાસનનાયક શ્રી વીર ભગવાનના નિર્વાણક કલ્યાણકનો આજે દિવસ છે. આજથી ૨૪૭૧ વર્ષ પહેલાં તેઓશ્રી ભરતક્ષેત્રમાં બિરાજતા હતા; મહાવીર ભગવાનનો જન્મકલ્યાણક દિવસ ચૈત્ર સુદ ૧૩ નો છે. તેઓશ્રી પણ જેવા આ બધા આત્મા છે તેવા આત્મા હતા અને પહેલાં તેઓ પણ સંસારમાં હતા. પોતાના આત્મામાં પરિપૂર્ણ જ્ઞાન અને પરમાનંદ ભર્યો છે તેનું તેઓશ્રીએ ભાન કરીને પછી સ્થિરતાના પ્રયાસ વડે તે જ્ઞાન-આનંદ પરિપૂર્ણ પ્રગટ કર્યાં, તે દિવસ વૈશાક સુદ ૧૦ નો છે. કેવળજ્ઞાન થયા પછી ૩૦ વર્ષ સુધી દિવ્યધ્વનિદ્વારા પરમ સત્ય-વસ્તુસ્વરૂપ યાને ધર્મને જગજાહેર કર્યો, અને તેમને ૭૨ વર્ષ થતાં તેઓશ્રી પવિત્ર મોક્ષ લક્ષ્મીને પામ્યા, તે માંગલિક દિવસ આજે [ આસો વદ ૦ ) ) ના પરોઢિયે ] છે. ભગવાનશ્રી મોક્ષ પધાર્યા તેનો મહા મંગળિક મહોત્સવ પાવાપુરીમાં ઇન્દ્રો-દેવો અને રાજવીઓએ દીવા વગેરેથી ઉજવ્યો હતો તેથી તે દિવસ દિપોત્સવી અથવા તો દિવાળી તરીકે પ્રખ્યાત છે. ખરેખર આજનો દિવસ આત્માના પૂર્ણાનંદ સ્વભાવને પ્રગટ કરવાની ભાવનાનો છે. જેવો ભગવાનનો આત્મા તેવો જ મારો આત્મા છે એમ વિચારી સ્વભાવનું ભાન કરી વિભાવપરિણામને સ્વરૂપ-સ્થિરતા વડે તોડું-એમ પુરુષાર્થ ઉપાડવાનો આજનો દિવસ છે.

શ્રી ભગવાન આજના જ દિવસે મોક્ષ પધાર્યા-એમ પૂર્વકાળની વર્તમાન સાથે સમ્યગ્જ્ઞાનદ્વારા સંધિ કરવી તે ખરેખર તો વસ્તુદૃષ્ટિ છે. વસ્તુદૃષ્ટિમાં દ્રવ્ય-પર્યાય વચ્ચેનો કાળભેદ તોડી નાખીને, ભૂતકાળમાં જે બન્યું તેને વર્તમાનરૂપ કરીને, મહોત્સવ કરવામાં આવે છે.

વસ્તુદૃષ્ટિથી જોતાં વસ્તુ તો મુક્ત સ્વરૂપ જ છે અને મુક્ત દશાનું કારણ પણ વસ્તુ જ છે. આવા પરિપૂર્ણ વસ્તુ સ્વભાવનું ભાન થયું છે પણ હજી પૂર્ણ મુક્તદશા પ્રગટી નથી, અવસ્થામાં અપૂર્ણતા છે, એવા સાધક જીવો જેઓ પૂર્વે પૂર્ણ થઈ ગયા છે તેમને વર્તમાન યાદ કરીને પોતાની પૂર્ણતાની ભાવના કરે છે. જે પરમ પવિત્ર દશા પ્રગટીને કાયમ રહે છે તે પવિત્ર દશા જે વસ્તુસ્વભાવથી પ્રગટે છે તે વસ્તુની દૃષ્ટિ [ શ્રદ્ધા, પ્રતીત ] થયા વગર "પ્રભુજી આજે મોક્ષ પધાર્યા" એવો કાળભેદ તોડીને દ્રવ્ય-પર્યાયની સંધિ કરતો, યથાર્થ આરોપ કે ઉત્સવનો ભાવ આવે જ નહિ.

'આજે પ્રભુશ્રી મહાવીર મુક્તપણાને પામ્યા' એવો પૂર્વનો આરોપ વર્તમાનમાં કરે છે તે આરોપ સાચો ક્યારે કહેવાય ? કે-( ભગવાનની મુક્તદશા તો તેમની પાસે રહી ) હું પણ એવો જ મુક્તસ્વરૂપ છું-એમ જો તે આરોપ પાછળ પોતાના અનારોપ સ્વરૂપનું ભાન હોય તો જ આરોપ યથાર્થ રીતે કરી શકે છે અને મુક્તદશાના મહોત્સવ કરીને પોતે પણ પોતાના મુક્તસ્વરૂપના જોરે અલ્પકાળમાં મુક્તદશા પ્રગટ કરે છે.

અરિહંત દશામાં પરમાત્માને સમોસરણ અને બાર સભા વગેરે સાથે તો સંબંધ હતો જ નહીં અર્થાત્ કોઈ પ્રત્યે રાગ-દ્વેષ હતો નહિ-પરંતુ હજી જોગનો વિકાર હતો, આજે તે પણ છૂટીને અકંપસ્વભાવમાં પ્રભુશ્રી સ્થિર થયા. જે જીવે પ્રભુશ્રીને ઓળખીને પોતાના તેવા જ સ્વભાવનું ભાન કર્યું તે જીવે અજ્ઞાન, રાગ, દ્વેષ, કર્મ વગેરે બધા સાથેનો સંબંધ ઉડાડયો અને પોતાના સિદ્ધ સ્વભાવ સાથે સંબંધ કર્યો.

ભગવાન શ્રી મહાવીર સ્વભાવનું ભાન કરીને રાગ અને પરના સંબંધનો નાશ કરી કેવળજ્ઞાન પામ્યા અને ત્યારપછી જોગના વિકારનો પણ સંબંધ છૂટતાં તદ્દન અકંપ સિદ્ધ સ્વભાવમાં સ્થિર થયા એવા નિજ-આત્મ સ્વભાવની ઓળખાણ સહિત જો જીવ ભગવાનનો નિર્વાણ કલ્યાણક મહોત્સવ કરે તો તે પરમાર્થના ભાનસહિત વ્યવહાર મહોત્સવ છે, અને પોતે જ જ્યારે તે પવિત્ર દશાને પ્રાપ્ત કરે ત્યારે તે પરમાર્થ મહોત્સવ છે. આ સિવાય બીજા કોઈ યથાર્થ મહોત્સવ ઉજવી શકે નહિ.

**ભૂત, વર્તમાન અને ભાવી જગતશિરોમણી તીર્થંકરોને નમસ્કાર હો.**

# સુપ્રભાત મંગળિક : : :

આજે બેસતું વરસ છે. નવા વરસનાં પ્રભાત તો ઘણાં ઊગે છે પરંતુ આત્માના સમ્યગ્જ્ઞાનનો પૂર્ણ પ્રકાશ ખીલીને જે કેવળજ્ઞાન પ્રગટે છે તે જ ખરૂં સુપ્રભાત છે. નવાં વરસનાં પ્રભાત તો ઘણાં આવ્યાં અને ઘણાં ગયાં પણ પ્રભાત તો તેને કહેવાય કે આત્માનો જે કેવળજ્ઞાન સૂર્યનો જળહળતો પ્રકાશ ઊગ્યો તે ઊગ્યો, પછી અસ્ત ન થાય-તેનું નામ સુપ્રભાત, સુપ્રભાત મંગળિક છે, કઈ રીતે મંગળિક છે? મંગળિક એટલે જે આત્માના ભાન દ્વારા પોતાના પુરુષાર્થવડે કેવળજ્ઞાન પમાડે તે પોતે સુમંગળ છે. નિર્મળ સમ્યગ્દર્શન, નિર્મળ સમ્યગ્જ્ઞાન અને નિર્મળ સમ્યકચારિત્ર તે ત્રણ ગુણોની નિર્મળ પર્યાય પ્રગટે તે પવિત્રભાવ છે-પવિત્ર પર્યાય છે, તે પવિત્ર પર્યાય પ્રગટતાં રાગદ્વેષની અપવિત્ર પર્યાયનો નાશ થાય છે તેથી તે પવિત્ર ભાવ પોતે જ મંગળ છે.

આત્મા સહજ સ્વરૂપ દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદ વગેરે ગુણોથી ભરેલ સ્વભાવ સંપદાનું મંદિર છે. સ્વભાવની પૂર્ણ લક્ષ્મીનું વીતરાગી-મંદિર છે. આત્મા જ્ઞાન-આનંદથી તાદાત્મ્ય [ એકમેક ] સ્વરૂપ છે, તેનાથી કદી આત્મા છૂટયો નથી. એવા આત્મસ્વભાવમાં દ્રષ્ટિના જોરથી જેને કેવળજ્ઞાન પ્રગટયું તેને જ સાદિ-અનંત સુપ્રભાતનો પ્રકાશ થયો અને મોક્ષદશા પ્રગટી તે જ નવું વર્ષ બેસ્યું છે. જીવને આત્માના પૂર્ણ સ્વભાવનો અને કેવળજ્ઞાનનો મહિમા આવતાં પરનો મહિમા ટળે છે-તે જ મંગળ છે.

× × × ×

આજથી ૨૪૭૧ વર્ષ પહેલાં ત્રિલોકનાથ ભગવાન શ્રી મહાવીર પ્રભુ સંપૂર્ણજ્ઞાનસહિત આ ભરતક્ષેત્રમાં વિચરતા હતા, તેઓશ્રી વિશ્વ-ઉપકારક અને મહાન ધર્મતીર્થના પ્રવર્તક તીર્થંકર મહાપુરુષ હતા. આસો વદી ૧૪ ની પાછલી રાત્રે એટલે કે આસો વદી ૦ )) ના પ્રાતઃકાળમાં આયુષ્ય પૂર્ણ થતાં પ્રભુશ્રીનો આત્મા સર્વ પ્રકારે સંપૂર્ણ શુદ્ધ થયો અર્થાત્ પ્રભુશ્રી નિર્વાણ પધાર્યા, જીવનમુક્ત ભગવાન દેહ મુક્ત થયા. પ્રભુશ્રીના નિર્વાણનો આ સંદેશ વીજળીની માફક થોડી જ વારમાં સર્વત્ર ફેલાઈ ગઈ ગયો અને તુરત જ દેવેન્દ્રો, દેવો, રાજવીઓ અને જનસમૂહ ભક્તિથી ગદ્ગદ્ થઈ નિર્વાણભૂમિ શ્રી પાવાપુરીમાં આવી પહોંચ્યા.

ભગવાન શ્રી મહાવીરનો વિરહ પડતાં ઇન્દ્રોને પણ પ્રશસ્ત રાગને લીધે આંખમાંથી ચોધાર આંસુ ચાલ્યા જાય છે અને કહે છે કે અરેરે! આજે આ કેવળજ્ઞાન સૂર્ય અસ્ત થયો, કેવળજ્ઞાની ભગવંતના વિરહ પડયા...આ રીતે એક તરફથી વિરહનાં-વેદન થાય છે-પરંતુ બીજી તરફથી ભગવાન મહાવીર પ્રભુ સંસારથી છૂટીને સંપૂર્ણ મુક્તદશા પામ્યા તેથી અતિ આનંદથી સર્વે નિર્વાણકલ્યાણક મહોત્સવ ઉજવે છે.

ભગવાન શ્રી મહાવીર તીર્થનાયક જગતઉદ્ધારક તીર્થંકર પુરુષ હતા, તેથી સમસ્ત ભવ્યાત્માઓ ભગવાનના નિર્વાણ કલ્યાણકનો પવિત્ર મહોત્સવ ઉજવે એ સ્વાભાવિક છે. તે દિવસે પ્રાતઃકાળે કાંઈક અંધારૂં હોવાથી ભક્તિથી રત્નોના અને ઘીના દીપકો કરવામાં આવ્યા હતા. અગણિત દીપકોની હાર વડે એ મહોત્સવ ઉજવાયો હોવાથી તે દિવસને 'દીપોત્સવી' અથવા તો 'દીપાવલી' ( દીવાળી ) કહેવામાં આવે છે.

જે આ મહાવીર ભગવાના નિર્વાણ કલ્યાણક-ઉજવવાનું વાસ્તવિક સ્વરૂપ દર્શાવ્યું છે તે પ્રમાણે સમજીને, જે પોતાનું સ્વરૂપ પ્રગટ કરશે તે મુક્તિને પામશે. જેવું ભગવાન મહાવીરના આત્માનું સ્વરૂપ છે તેવું જ બધા આત્માનું સ્વરૂપ છે. આ જે મહાવીર ભગવાનનાં ગાણાં ગાયા તે પોતાના સ્વરૂપને પ્રગટ કરવા માટે છે, તેવા સ્વરૂપને સમજે તો અત્યારે પણ એકાવતારીપણું પ્રગટ કરી શકાય છે; ભગવાન શ્રી મહાવીર પરમાત્મા મોક્ષ પધાર્યા અને સંતોના નાયક શ્રી ગૌતમ ગણધર કેવળજ્ઞાન પામ્યા-જ્ઞાનાવરણાદિ રાત્રિનો નાશ કરી કેવળજ્ઞાન-પ્રભાત પ્રગટ કર્યું તેવા શ્રી કેવળજ્ઞાનીઓને અમારા

ન....મ....સ્કા....ર....હો.

## : પ્રવચનસાર :
## ગુજરાતી

ભગવાનશ્રી કુંદકુંદાચાર્યકૃત શ્રી પ્રવચનસારજીની શ્રી અમૃતચંદ્રાચાર્યકૃત મૂળ ટીકાને સ્પર્શીને તેનું ગુજરાતી અનુવાદન તૈયાર થાય છે, તેનો પ્રથમ ભાગ ( જ્ઞાનતત્વ પ્રજ્ઞાપન ) છપાઈ ગયેલ છે અને અહીં વાંચન માટે કાચું બાઈન્ડીંગ કરીને તે તૈયાર કરેલ છે. આસો સુદ ૧ થી તેનું વ્યાખ્યાનરૂપે વાંચન શરૂ થયેલ છે. આચાર્ય ભગવંતોના ગુઢ અંતરભાવોને ઊંડેથી સીંચીને પૂ. ગુરુદેવશ્રી ખુબ સ્પષ્ટ કરે છે. આસો સુદ ૧ ના રોજ શ્રી પ્રવચનસારજીની શાસ્ત્ર-પૂજા તથા જ્ઞાન-પૂજા થઈ હતી.

# પ્રશ્નોત્તર

[ પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીને જિજ્ઞાસુઓએ પૂછેલા પ્રશ્નો અને અને તેના ઉત્તર આ નીચે આપેલ છે. ]

: ૧ :

**પ્રશ્નઃ**-શુભભાવ અને અશુભભાવ એવા બે ભેદનું મૂળ કારણ શું? દેવ-ગુરુ-શાસ્ત્ર કે સ્ત્રી, કુટુંબ વગેરે પરની અપેક્ષા લીધા વગર શુભ-અશુભ એવા ભેદનું આત્મામાં શું કારણ છે?

**ઉત્તરઃ**-ભેદની અપેક્ષાએ એટલે કે શુભ અને અશુભને જુદા ગણવામાં આવે તો તેનું કારણ ઊંધાઈમાં વીર્યની મંદતારૂપ કે તીવ્રતારૂપ જોડાણ છે-તે છે જ્યારે ઊંધાઈમાં વીર્ય તીવ્રપણે જોડાય ત્યારે અશુભભાવ છે અને ઊંધાઈમાં મંદપણે જોડાય ત્યારે શુભભાવ છે અને પુણ્ય-પાપ બન્ને વિકાર હોવાથી પરમાર્થે તો તે બંને એક જ છે-એમ અભેદપણે જોતાં તેનું કારણ અજ્ઞાનભાવે સ્વલક્ષથી ખસીને પરલક્ષ કરવું તે છે.

: ૨ :

**પ્રશ્નઃ**-એક જીવ જ્ઞાની મુનિ છે, તેમને સંયમદશા-સાતમું-છઠ્ઠું ગુણસ્થાન વર્તે છે, ક્ષયોપશમ સમકિત છે, અહીં સંયમદશામાં દેહ છોડીને જ્યારે તે દેવલોકમાં જાય છે ત્યારે ત્યાં અસંયમભાવ-ચોથું ગુણસ્થાન આવે છે તેનું શું કારણ?

**ઉત્તરઃ**-છઠ્ઠાથી ચોથે ગુણસ્થાને આવે છે તેમાં દ્રષ્ટિનો દોષ નથી પરંતુ ચારિત્રના પુરુષાર્થનો દોષ છે. ચારિત્રના પુરુષાર્થની નબળાઈને લીધે પ્રત્યાખ્યાનાવરણ અને અપ્રત્યાખ્યાનાવરણ કષાયનો સત્તામાં સદ્‌ભાવ છે, જો તીવ્ર પુરુષાર્થ કરીને તે પ્રકૃતિઓનો સત્તામાંથી ક્ષય કર્યો હોત તો તે જ ભવે મોક્ષ પામત. પ્રત્યાખ્યાનાવરણાદિ પ્રકૃત્તિનો વર્તમાન ઉપશમ કર્યો પરંતુ સત્તામાં તે કેમ રહી ગઈ? અહીં જીવનો પુરુષાર્થ મંદ છે તેથી સામે નિમિત્તરૂપે સત્તામાં તે કર્મ રહ્યું છે. મુનિદશા વખતે જેને ચારિત્રનો પુરુષાર્થ અપ્રતિહત નથી પણ પ્રતિહત પુરુષાર્થ છે તેને હજી ચારિત્ર અધૂરૂં રહી જાય છે અને તેથી જ નવા ભવનો બંધ પડયો છે. જો ચારિત્ર અપ્રતિહત હોત તો નવા ભવનો બંધ પડત નહિ અને તે જ ભવે મોક્ષ જાત.

છઠ્ઠે ગુણસ્થાનથી ચોથે આવે છે ત્યાં દ્રષ્ટિનો દોષ નથી પણ ચારિત્રનો દોષ છે. દ્રષ્ટિએ તો સામાન્ય એકરૂપ દ્રવ્યનું લક્ષ કર્યું છે તેથી તે તો અખંડ થઈ છે, તેથી તે દ્રષ્ટિ તો બીજા ભવમાં પણ ચાલુ જ રહે છે. પરંતુ ચારિત્ર ગુણ અખંડ થયો નથી તેથી છઠ્ઠેથી ચોથે આવી જાય છે. જે ગુણ અખંડ થયો છે તે ગુણ સાથે લઈ જાય છે, અને જે ગુણમાં ખંડ પડે છે તે સાથે લઈ જવાતો નથી. જો દ્રષ્ટિ અને ચારિત્ર બંને પૂરા થઈ જાય તો તે જ ભવે મુક્તિ થાય, પણ જો દ્રષ્ટિ ક્ષાયક હોય અને ચારિત્ર અધૂરૂં રહી જાય તો ત્રણ ભવની અંદર મુક્તિ પામે. અહીંથી છઠ્ઠે ગુણસ્થાને દેહ છૂટે છતાં દેવલોકમાં છઠ્ઠું નથી રહેતું તેનું કારણ એ છે કે ચારિત્ર ખંડિત છે, પુરુષાર્થમાં ભંગ પડયો છે અને સત્તામાં અપ્રત્યાખ્યાનાવરણાદિ કર્મ પડયાં છે; જ્યારે દેવમાંથી મનુષ્ય થશે ત્યારે પણ ચારિત્રનો પુરુષાર્થ નવેસરથી કરવો પડશે અને જ્યારે ઉગ્ર પુરુષાર્થ વડે સત્તામાંથી તે કર્મોનો ક્ષય કરશે ત્યારે જ મુક્તિ થશે.

દ્રષ્ટિનો વિષય તો એકરૂપ અખંડ છે તેથી દ્રષ્ટિ પણ એકરૂપ રહે છે, તેમાં ખંડ પડતો નથી. ચારિત્રની સ્થિરતામાં ક્રમ પડે છે, ત્યાં દ્રષ્ટિનો બિલકુલ દોષ નથી. વર્તમાન પુરુષાર્થ સાથે જ પર્યાયનો સંબંધ છે. વર્તમાન પર્યાયમાં પૂર્વની પર્યાયનો અભાવ વર્તે છે, માટે પૂર્વના દોષનું કોઈ કારણ વર્તમાન પર્યાયમાં નથી. દેવ લોકમાં જનાર મુનિને અસંયત ભાવ થાય છે તેનું કારણ તે અવસ્થાની વર્તમાન યોગ્યતા જ છે અને તેમાં પુરુષાર્થનો દોષ છે. કોઈ કર્મનું કારણ નથી તેમ જ દ્રષ્ટિનો દોષ નથી.

: ૩ :

**પ્રશ્નઃ**-જો પૂર્વની પર્યાય વર્તમાન પર્યાયને કાંઈ ન કરી શકતી હોય તો અમુક સ્થાનેથી આવેલો જીવ અમુક દશા પ્રાપ્ત ન કરી શકે એમ શા માટે? જેમકે સાતમી નરકેથી નીકળીને મનુષ્ય થયેલો જીવ તે ભવે મોક્ષ ન જઈ શકે એવો નિયમ છે-આમ શા માટે બને છે?

**ઉત્તરઃ**-તે જીવ મોક્ષ નથી જઈ શકતો તેમાં તે જીવની વર્તમાન નબળાઈ છે. પૂર્વે તે જીવે ઉગ્ર જોરપૂર્વક ઊંધું વીર્ય ફોરવ્યું છે અને તે ઊંધાઈ પોતે વર્તમાન પર્યાયમાં ચાલુ રાખી છે તેથી તેને વર્તમાન વીર્યની મંદતા વર્તે છે. વીર્યની મંદતા પોતે જ વર્તમાન-વર્તમાન લંબાવતો આવે છે, પૂર્વની પર્યાય વિકાર કરાવતી નથી. જો વર્તમાન વિકારી કાર્ય [ પર્યાય ] પોતે કરે તો પૂર્વની વિકારી પર્યાયને વ્યવહારથી કારણ કહે-

વાય. પણ "પૂર્વની વિકારી પર્યાય કારણ છે માટે વર્તમાન કાર્ય વિકારી જ થાય" એમ નથી. વર્તમાન કાર્ય થાય તો પૂર્વને કારણ કહેવાય છે. પરિણમન તો વર્તમાન એક જ સમય પૂરતું છે, તેથી બંધન પણ એક જ સમય પૂરતું છે. ૩૩ સાગરોપમ વગેરે સ્થિતિના કર્મોની વાત શાસ્ત્રોમાં આવે છે ત્યાં તો "એવા ને એવા ઊંધા ભાવને જીવ ટકાવી રાખે તો એવું ને એવું પરિણમન ચાલ્યા કરશે" એમ જ્ઞાન કરાવવા માટે કહ્યું છે, તેનો હેતુ જીવનો વર્તમાન પુરુષાર્થ કેટલો છે તે બતાવવાનો છે; પરંતુ 'કર્મનું જોર ઘણું છે' એમ બતાવવું નથી. ખરેખર તો પર્યાય પોતે વ્યવહાર છે છતાં જો પર્યાયમાં નિશ્ચય-વ્યવહાર કારણનો વિચાર કરીએ તો વર્તમાન સમયમાં તે અવસ્થાનું ઉપાદાન [ પુરુષાર્થ ] તે નિશ્ચય-કારણ અને પૂર્વની પર્યાયનો વ્યય તે વર્તમાન પર્યાયનું વ્યવહારકારણ છે.

: ૪ :

પ્રશ્નઃ-એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ ન કરી શકે એ વાત દ્રવ્યદ્રષ્ટિએ છે કે પર્યાયદ્રષ્ટિએ?

ઉત્તરઃ-એ વાત પર્યાયદ્રષ્ટિએ છે. દ્રવ્ય-ગુણ તો કાયમ છે તેમાં કાંઈ કરવાપણું નથી. કરવાપણું તો પર્યાયમાં છે. જ્યારે એક દ્રવ્યની અવસ્થા થાય ત્યારે અનુકૂળ નિમિત્ત જ હાજર હોય, પરંતુ પોતાની પર્યાયપણે તો વસ્તુ પોતે જ પરિણમે છે તેથી પોતાની પર્યાયનો કર્તા તો દ્રવ્ય પોતે જ છે. બીજા હાજર રહેલા પદાર્થોએ આ દ્રવ્યની અવસ્થામાં કાંઈ કર્યું નથી, કેમકે દરેક દ્રવ્ય ભિન્ન ભિન્ન છે. આત્મા શું અને પોતે શું કરી શકે છે તે પોતાના સ્વાધીન જ્ઞાનથી જાણ્યું નહિ, અને પરાવલંબી જ્ઞાનથી માત્ર પર પદાર્થને જાણ્યાં, ત્યાં ઊંધી માન્યતાથી પરમાં કર્તાપણું જીવે માન્યું છે. ઇન્દ્રિયજ્ઞાન પરાધીન છે તે તો પરવસ્તુની વર્તમાન સ્થૂળ પર્યાયને જાણે છે, પોતાને જે વિકલ્પ થાય તેને તે જાણતું નથી તેમ જ પોતાના વિકલ્પ રહિત દ્રવ્ય-ગુણને પણ જાણતું નથી. જો સાચા જ્ઞાન વડે પોતાના દ્રવ્ય-ગુણ અને પર્યાયને જાણે તો પોતાની અવસ્થાનું કર્તાપણું માને અને પરનું કર્તાપણું છોડે; પોતાની અવસ્થા માટે પર પદાર્થ તરફ ન જોતાં જો પોતાના દ્રવ્ય તરફ જુએ એટલે કે દ્રવ્યદ્રષ્ટિ કરે તો ધર્મ થાય. ઇન્દ્રિયજ્ઞાન વિકારને કે વિકારરહિત સ્વભાવને જોઈ શક્તું નથી, ઇન્દ્રિયજ્ઞાન દ્વારા 'આત્મા શું કરે છે? ' તે જોઈ શકાતું નથી; માત્ર જડની ક્રિયા દેખાય છે. જો આત્માના અવલંબન વડે સ્વાધીન જ્ઞાન કરીને 'આત્માની ક્રિયા શું છે' તે જાણે તો જડની ક્રિયાનું કર્તાપણું માને નહિ, એ રીતે સાચા જ્ઞાન વડે પોતાના સ્વભાવની દ્રઢતા થાય, પરના કર્તાપણાનું અભિમાન ટળે અને સાચું સુખ પ્રગટે.

: ૫ :

પ્રશ્નઃ-અગ્નિને અડવાથી દઝાય છે એમ જાણ્યા પછી કોઈ અગ્નિને અડવાના ભાવ કરતા નથી તો પછી સમ્યગ્દ્રષ્ટિ જીવો રાગ બૂરો છે એમ જાણે છે છતાં રાગમાં કેમ જોડાય છે?

ઉત્તરઃ-પોતાને ખબર હોય કે આ વસ્તુ મને નુકશાન કરશે છતાં તેમાં જોડાયા વગર કોઈ વખત રહી શકાતું નથી. જેમ કોઈ ઘણા વગખનો રોગી હોય તેને ખબર હોય કે આ પેંડા વગેરે કુપથ્ય છે તે મને નુકશાન કરશે, વૈદે પણ તે ખાવાની ના પાડી હોય છતાં કોઈવાર રસની ગૃદ્ધિને લીધે તે ખાય છે, ખાતી વખતે જ ભાન છે કે આ મને નુકશાન કરે છે છતાં જેનાથી નુકશાન થાય છે તે કરે છે-તેમ-જ્ઞાનીઓ રાગને પોતાનું સ્વરૂપ માનતા નથી, તેમને દ્રષ્ટિમાં સાચી માન્યતા હોવા છતાં ચારિત્રની અસ્થિરતામાં તેમને અલ્પ બંધનું કાર્ય થઈ જાય છે. જ્ઞાનીને અભિપ્રાયમાં રાગનું કર્તાપણું હોતું નથી તેથી "કાર્ય થઈ જાય છે" એમ કહ્યું છે; પરંતુ "કરે છે" એમ કહ્યું નથી કેમકે રુચિ નથી, ટાળવાની જ ભાવના છે. ચારિત્રની અસ્થિરતામાં જ્ઞાનીને રાગ હોય તેનાથી તેઓ લાભ માનતા નથી પણ નુકશાન જ માને છે. તે રાગથી સ્વરૂપની નિર્મળતા અંશે હણાય છે, જો ન જ હણાતી હોય તો કેવળજ્ઞાન થઈ જાય. આ રીતે જ્ઞાનીને રાગ હોવા છતાં અભિપ્રાય ફરી ગયો છે.

: ૬ :

પ્રશ્નઃ-સમ્યગ્દર્શન [ સાચી શ્રદ્ધા ] થયું તે સમયે ચેતનાનો દર્શન ઉપયોગ હોય છે કે જ્ઞાન ઉપયોગ?

ઉત્તરઃ-સમ્યક્શ્રદ્ધા વખતે સ્વ તરફનો જ્ઞાન ઉપયોગ હોય છે. જ્યારે સમ્યગ્દર્શન પ્રગટે તે સમયે દર્શન ઉપયોગ હોતો નથી પણ સ્વ તરફનો જે જ્ઞાનોપયોગ હોય છે તે દર્શનઉપયોગપૂર્વક હોય છે. સમ્યક્શ્રદ્ધા વખતે સ્વ તરફ વળેલા જ્ઞાનને ઇન્દ્રિયનું અવલંબન નથી, બુદ્ધિપૂર્વકના વિકલ્પો ત્યાં નથી. તે કેવળજ્ઞાનનો અંશ છે. મતિજ્ઞાને સ્વનો વિષય કર્યો છે માટે તે કેવળજ્ઞાનનો અંશ છે. મતિજ્ઞાન પોતાના વિષયને અભેદપણે ગ્રહણ

કરે છે. જો કે સમ્યગ્દર્શન વખતે જ્ઞાન મનના અવલંબનથી છૂટયું છે એટલે કે બુદ્ધિપૂર્વકના વિકલ્પો નથી પણ અબુદ્ધિપૂર્વક સૂક્ષ્મ વિકલ્પ વર્તે છે. જો સર્વથા મનનું અવલંબન છૂટી જાય તો કેવળજ્ઞાન થાય. પરંતુ સમ્યકશ્રદ્ધા થતાં તુરત જ કેવળજ્ઞાન થઈ જાય નહિ, વચ્ચે ગુણસ્થાન ભેદ આવે જ.

જીવ દ્રવ્યમાં શ્રદ્ધા–જ્ઞાનાદિ અનંત ગુણો છે, તેમાં કથંચિત્ ગુણભેદ છે. જો ગુણભેદ ન જ હોય તો શ્રદ્ધા નિર્મળ થઈ તે જ સમયે કેવળજ્ઞાન થઈ જાય. પણ તેમ બને જ નહિ. વચ્ચે સાધકદશા તો આવે જ. સમ્યકશ્રદ્ધા થયા પછી એક સમયમાં કોઈને કેવળજ્ઞાન થઈ જાય નહિ કેમકે દ્રવ્યના દરેક ગુણ કથંચિત્ જાુદા છે. વસ્તુ અપેક્ષાએ ગુણો અભેદ છે. તેથી સમ્યકશ્રદ્ધા વખતે દ્રષ્ટિમાં ગુણભેદનો વિકલ્પ છૂટી ગયો છે; પણ તે જ વખતે જ્ઞાનમાં અબુદ્ધિપૂર્વક સૂક્ષ્મ ગુણભેદનો વિકલ્પ છે. [ અબુદ્ધિપૂર્વક વિકલ્પ એટલે જ્ઞાનનું મન સાથેનું સૂક્ષ્મ જોડાણ. ] જો વસ્તુમાં ગુણ સર્વથા અભેદ જ હોય તો એક ગુણ નિર્મળ થતાં બધા જ ગુણો પૂર્ણ નિર્મળ થઈ જવા જોઈએ, એટલે શ્રધ્ધાની સાથે જ જ્ઞાનની પણ પૂર્ણતા થવી જોઈએ, પરંતુ શ્રધ્ધા અને જ્ઞાનની પૂર્ણતામાં અંતર પડે જ છે કેમકે ગુણભેદ છે. ગુણભેદ છે માટે ગુણસ્થાન ભેદ પડે જ છે અને દ્રવ્યદ્રષ્ટિએ વસ્તુમાં ગુણો અભેદ છે તેથી એક ગુણની નિર્મળતા ઊઘડતાં બધા ગુણોની નિર્મળતા અંશે ઊઘડે જ છે.

: ૭ :

**પ્રશ્ન:**–અગીઆરમા ગુણસ્થાને કષાયભાવ નથી છતાં સત્તામાં મોહનીય કર્મનો સદ્ભાવ કેમ છે?

**ઉત્તર:**–અગીઆરમા ગુણસ્થાને પણ વીર્યની મંદતા છે. સાતમા ગુણસ્થાનથી શ્રેણી ચડતાં વીર્ય જેટલા અપ્રતિહત જોરથી ઉપડવું જોઈએ તે કરતાં ઓછા જોરથી ઉપડયું છે. જો શ્રેણી ચડતાં અપ્રતિહત પુરુષાર્થ વડે સત્તામાંથી જ કષાયનો ક્ષય કરતા આવ્યા હોત તો સીધું કેવળજ્ઞાન પામત, પરંતુ શ્રેણી ચડતાં મંદ પુરુષાર્થને કારણે, કષાયનો ઉપશમ કર્યો પણ સત્તામાંથી નાશ ન કર્યો તેથી અગીઆરમેથી પુરુષાર્થ પાછો પડે છે એટલે ત્યાં મંદ પુરુષાર્થ છે તેથી સામે સત્તામાં મોહનીય કર્મ છે. જો સંપૂર્ણ પુરુષાર્થ ઉપાડે તો ચારે ઘાતિકર્મનો સર્વથા ક્ષય કરી કેવળજ્ઞાન પામે. અગીઆરમા ગુણસ્થાનના છેલ્લા સમયનું વીર્ય કેવળજ્ઞાનના વીર્ય કરતાં અનંતમા ભાગે ઓછું છે, જો ઉપાદાનની પોતાની અવસ્થામાં કાંઈ જ પુરુષાર્થ નબળો ન હોય તો સામે નિમિત્ત કેમ હોઈ શકે? માટે ઉપાદાનના પુરુષાર્થની કચાશના કારણે સત્તામાં કર્મની હૈયાતિ છે.

અગીઆરમા અને બારમા ગુણસ્થાનની વચ્ચે એ ફેર છે કે–૧૧ મા કરતાં ૧૨ માનું વીર્ય તીવ્ર છે. મોહનો ઉદય એકેમાં નથી, પરંતુ ૧૧ મે સત્તામાં મોહનો સદ્ભાવ છે અને ૧૨મે મોહનો ક્ષય છે. ઉપશમ શ્રેણી ચડતાં જ જીવ મંદ પુરુષાર્થથી ઉપડયો છે તેથી અગીઆરમેથી પાછો પડે છે અને ફરી સાતમા ગુણસ્થાને આવીને પછી જ ક્ષપક શ્રેણી માંડી શકે છે.

: ૮ :

**પ્રશ્ન:**–શ્રધ્ધા અને ચારિત્ર એ બંને ગુણ જાુદા છે છતાં તેને રોકવામાં નિમિત્ત એક મોહકર્મ જ કેમ ગણ્યું છે? શ્રધ્ધાને રોકવામાં નિમિત્ત દર્શનમોહ અને ચારિત્રમાં નિમિત્ત ચારિત્રમોહ એ બંનેને એક મોહનીય કર્મ તરીકે કેમ ગણ્યો છે?

**ઉત્તર:**–બંનેના કાર્યની કથંચિત્ સમાનતા હોવાથી તેમને એક જ કર્મમાં ગણ્યા છે. મોહનીય કર્મનું કાર્ય તો એક જ છે કે સ્વરૂપથી બહિરમુખ વલણ કરવામાં નિમિત્તરૂપ થવું. આ વ્યાખ્યા દર્શનમોહ અને ચારિત્રમોહ બંનેને લાગુ પડે છે. છતાં દર્શન અને ચારિત્ર એ બે ગુણો જાુદાં છે તેથી તેને રોકનાર બે જાુદી પ્રકૃતિ હોય એટલે દર્શનમોહ અને ચારિત્રમોહ એવા બે ભેદ મોહકર્મના છે. મૂળ તો મોહકર્મનું કાર્ય એક જ છે કે બહિરમુખ વલણ કરાવવું, બહિરમુખ વલણના બે પડખાં–દર્શન અને ચારિત્ર. મોહનીયનો સદ્ભાવ તે બહિરમુખ અને મોહનીયનો અભાવ તે અંતરમુખ છે.

: ૯ :

**પ્રશ્ન:**–દ્રષ્ટિ પૂરી થાય અને ચારિત્ર અધૂરૂં રહે એમ બને?

**ઉત્તર:**–ગુણભેદની અપેક્ષાએ ચોથા ગુણસ્થાનથી દ્રષ્ટિ પૂરી થઈ છે પણ ચારિત્ર પૂરૂં નથી. અને અભેદની દ્રષ્ટિએ–બધા ગુણ અભેદ છે એ અપેક્ષાએ–એક ગુણની પૂર્ણતા થતાં સર્વ ગુણની પૂર્ણતા થવી જોઈએ; ચોથે ચારિત્ર વગેરે ગુણ સંપૂર્ણ ઊઘડયા નથી તેથી દ્રષ્ટિમાં પણ કથંચિત્ અધુરાશ છે. છતાં ચોથા ગુણસ્થાને દ્રષ્ટિએ જે વિષય કર્યો છે તે વિષય પરિપૂર્ણ છે, તે શ્રદ્ધાના વિષયના આધારે જ ચારિત્રની પૂર્ણતા થાય છે. ‘ચારિત્ર કરૂં’ એવો વિકલ્પ પણ કષાય છે તેથી તે ચારિત્રનો બાધક છે. સર્વગુણોથી અભેદ દ્રવ્યનું લક્ષ કરવું અર્થાત્ અભેદ સ્વભાવમાં દ્રષ્ટિનું જોર આપવું તે જ સમ્યકચારિત્રનું કારણ છે.

★★★

# મહાવિદેહવાસી શ્રી સીમંધરપ્રભુ પાસેથી આચાર્યદેવશ્રી કુંદકુંદાચાર્ય જ્ઞાનામૃતનાં સરોવર ભરી લાવ્યાં છે

**પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રીને જિજ્ઞાસુઓએ પૂછેલા પ્રશ્નોના જવાબ તથા રાત્રિચર્ચા અને પ્રભાતચર્ચા વખતે પ્રકાશેલા ન્યાયો પાન ૧૦ થી ૧૭ સુધીમાં આપવામાં આવેલા છે. મુમુક્ષુ ભાઈ-બહેનોને આ અપૂર્વ ન્યાયોનો મનનપૂર્વક સ્વાધ્યાય કરવા ખાસ ભલામણ છે.: : : સંપાદક**

## એક સમયે એક જ ઉપયોગ

સાધકદશામાં જ્ઞાનના ઉપયોગમાં બે પ્રકાર છે–૧. જ્ઞાનધારા ૨. કર્મધારા. જ્ઞાનધારા = સ્વ તરફનો ઉપયોગ. કર્મધારા = પર તરફનો ઉપયોગ. સાતમા ગુણ સ્થાને પ્રધાનપણે તો સ્વ તરફનો ઉપયોગ [ જ્ઞાનધારા ] હોય છે, છતાં ગૌણપણે કર્મધારા પણ વર્તે છે, કેમકે કેવળજ્ઞાન નથી એટલે હજી સંપૂર્ણપણે સ્વ તરફનો ઉપયોગ નથી. જો ઉપયોગ સંપૂર્ણપણે સ્વમાં ઠરી જાય તો કેવળજ્ઞાન હોય. પણ સાતમે કેવળજ્ઞાન નથી એટલે અધૂરાશ છે અને અધૂરાશ છે ત્યાં કર્મધારા સૂક્ષ્મપણે છે.

**પ્રશ્નઃ**-એક સ્વ તરફનો ઉપયોગ અને બીજો પર તરફનો ઉપયોગ એમ બે ઉપયોગ એક સાથે હોઈ શકે?

**ઉત્તરઃ**- ઉપયોગ એક સમયે એક જ છે. પરંતુ તે ઉપયોગ મિશ્રરૂપ છે, એટલે સ્વ તરફનો ઉપયોગ હજી પૂર્ણ નથી તેથી અમુક પર તરફ પણ છે પરંતુ સાતમા વગેરે ગુણસ્થાને મુખ્યપણે સ્વ તરફનો જ ઉપયોગ છે. પર તરફનો ઉપયોગ તદ્દન ગૌણપણે છે, તેથી સ્વ તરફના ઉપયોગની મુખ્યતાથી ત્યાં સ્વ તરફનો જ ઉપયોગ કહેવાય છે. ખરી રીતે સાધકદશામાં મિશ્રરૂપ ઉપયોગ હોય છે. મિશ્રરૂપ ઉપયોગ કાં તો કેવળીને ન હોય અને કાં તો અજ્ઞાનીને ન હોય.

કેવળીને સંપૂર્ણપણે સ્વ તરફનો ઉપયોગ હોય અને અજ્ઞાનીને એકલો પર તરફનો ઉપયોગ હોય, પણ સાધકને તો મિશ્રરૂપ ઉપયોગ હોય છે.

૧૧–૧૨ મા ગુણસ્થાને ઉપયોગમાં જો કે કષાયનો વિકલ્પ નથી છતાં ત્યાં ભાવમનનો સદ્‌ભાવ છે તે પૂરતો દ્રવ્યમન સાથે સંબંધ છે. બારમા ગુણસ્થાને પણ, કષાયનો અભાવ હોવા છતાં ક્ષયોપશમ જ્ઞાન વર્તે છે અને ક્ષયોપશમ જ્ઞાનમાં મનનું નિમિત્ત અબુદ્ધિપૂર્વક છે. તેથી ત્યાં પણ મિશ્રરૂપ ઉપયોગ છે.

## પુરુષાર્થની સ્વાધીનતા

વર્તમાન ઊંધા પુરુષાર્થથી જીવ ક્રોધ કરે ત્યારે તેમાં નિમિત્તરૂપ ક્રોધ પ્રકૃતિ જ હોય અને વર્તમાન ક્રોધભાવનું નિમિત્ત પામીને જે પ્રકૃતિ બંધાય તે પણ ક્રોધ પ્રકૃતિ જ હોય. ક્રોધભાવમાં માનાદિ પ્રકૃતિને નિમિત્ત ન કહેવાય તેમ જ ક્રોધભાવના નિમિત્તથી માનપ્રકૃતિનું બંધન ન થાય. વર્તમાન જે જાતનો વિકારભાવ હોય તે જ જાતના બંધાય. એટલે મૂળ પ્રકૃતિની જાતમાં ફેર ન પડે, પણ તેના રસમાં તો અવશ્ય ફેર પડે. જેટલા રસથી ઉદય હોય તેટલા ને તેટલા જ રસનું નવું બંધન પડે એવો નિયમ નથી પણ ઓછા કે વધારે રસનું બંધન થાય. આથી એ સિદ્ધ થાય છે કે ઉદય પ્રમાણે જીવને વિકાર થતો નથી પણ પોતાના પુરુષાર્થ પ્રમાણે થાય છે.

જેટલો કર્મનો ઉદય હોય તેટલું જ જોડાણ થાય એમ કદી બને નહિ. મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનાવરણીય કર્મના સર્વઘાતિ સ્પર્દ્ધકોનો છદ્મસ્થ જીવને નિરંતર ઉદય હોય છે, પરંતુ જીવ તેમાં સર્વથા કદી જોડાતો નથી. જો તે સર્વઘાતિ સ્પર્દ્ધકોના ઉદયમાં સર્વથા જોડાય તો જીવનું સર્વજ્ઞાન હણાય જાય અને અચેતનપણાનો પ્રસંગ આવે; પરંતુ જીવનો વીર્યગુણ દરેક સમયે અમુક પુરુષાર્થ તો ટકાવી જ રાખે છે તેથી ઉદયમાં સર્વથા જોડાણ થતું નથી અને જીવનું મતિ–શ્રુતજ્ઞાન નિત્ય અમુક તો ખુલ્લું હોય જ છે. જો ઉદય પ્રમાણે પૂરેપુરું જોડાણ થાય તો વીર્યગુણ જડ થઈ જાય, પરંતુ તેમ કદી બનતું નથી. જીવના પુરુષાર્થ ઉપર કર્મની સત્તા ચાલતી નથી.

## નિમિત્ત-નૈમિત્તિકસંબંધ

**પ્રશ્નઃ**-જીવ ક્રોધ કરે ત્યારે ઉદયમાં આવેલી પ્રકૃતિ જ ક્રોધની છે કે ક્રોધભાવ થયો માટે ઉદયમાં આવેલી પ્રકૃતિને ક્રોધ–પ્રકૃતિનો આરોપ આપવામાં આવે છે?

**ઉત્તરઃ**-જીવ જ્યારે ક્રોધભાવ કરે ત્યારે સામે નિમિત્તરૂપે પ્રકૃતિ ક્રોધની જ હોય છે. ક્રોધ, માન, માયા, લોભ એ ચારે પ્રકૃતિઓનો ઉદય તો એક સાથે વર્તે છે. ક્રોધ પ્રકૃતિ સાથે તે વખતે માન વગેરે પ્રકૃતિઓનો

ઉદય પણ છે જ. હવે તે બધી પ્રકૃતિઓમાંથી કઈ પ્રકૃતિને નિમિત્ત કહેવું એ તો જીવભાવને અનુસરીને આરોપ કરવામાં આવે છે. જ્યારે જીવ મુખ્યપણે ક્રોધ કરે ત્યારે તે ઉદય પ્રકૃતિઓમાંથી જે ક્રોધ પ્રકૃતિ છે તેને જ નિમિત્તપણાનો આરોપ આવે છે. માન કરે તો માન પ્રકૃતિને જ નિમિત્ત કહેવાય છે. જેવું નિમિત્ત હોય તેવો કષાય થાય એમ નથી પણ જેવો કષાય કરે તેવું સામે નિમિત્ત કહેવાય છે. સામે ઉદયરૂપ પ્રકૃતિ તો અનેક જાુદી જાુદી જાતની એક સાથે છે, પણ આત્મા પોતાના પુરુષાર્થ વડે જે ભાવ કરે તે ભાવને અનુકૂળ પ્રકૃતિને જ નિમિત્ત ગણવામાં આવે છે. "નિમિત્ત અનુકૂળ જ હોય" અને "ઉપાદાનમાં નિમિત્ત કાંઈ જ કરે નહિ" એ મહા સિદ્ધાંત છે.

જીવ ક્રોધ કરે ત્યારે સામે ક્રોધ પ્રકૃતિનો જ ઉદય હોય છે. અન્ય પ્રકૃતિમાં ક્રોધનો આરોપ આપવામાં આવતો નથી, પણ જે ક્રોધ પ્રકૃતિ છે તેને જ નિમિત્તપણાનો આરોપ આવે છે; કેમકે ક્રોધભાવનું અનુકૂળ નિમિત્ત ક્રોધ પ્રકૃતિ જ છે. છતાં તે પ્રકૃતિએ ક્રોધભાવ કરાવ્યો નથી.

**પ્રશ્નઃ**-જીવને જ્યારે જ્ઞાનનું પરિણમન ઓછું હોય ત્યારે જ્ઞાનને રોકવામાં જ્ઞાનાવરણ કર્મને જ નિમિત્ત શા માટે કહ્યું? તે વખતે તો આઠે જાતનાં કર્મો હાજર છે છતાં બીજા કોઈને નિમિત્ત ન કહેતાં જ્ઞાનાવરણને જ શા માટે નિમિત્ત કહ્યું?

**ઉત્તરઃ**-સિદ્ધાંત છે કે નિમિત્ત અનુકૂળ જ હોય. જ્ઞાનમાં રોકાણો ત્યારે સામે તો જ્ઞાનાવરણ સાથે દર્શનાવરણાદિ કર્મો પણ ઉદયરૂપ તો છે પણ વર્તમાનમાં જીવ મુખ્યપણે જ્ઞાનમાં રોકાણો છે તેથી તેને જ્ઞાનાવરણ કર્મ જ નિમિત્ત કહેવાય છે; તથા જો જીવ તે જ વખતે સ્વ લક્ષમાં ટકયો હોત તો તે જ કર્મના પરમાણુઓને નિર્જરાનું નિમિત્ત કહેવાત. નિમિત્તપણાનો આરોપ તો જીવના ભાવને અનુસરીને આપવામાં આવે છે. નિમિત્ત અને ઉપાદાન એ બંને સ્વતંત્ર દ્રવ્યો છે, એક બીજાનું કાંઈ જ કરતા નથી આવું યથાર્થ જ્ઞાન થયા પછી એકબીજાના નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરે તો તે યથાર્થ છે. પણ જો નિમિત્ત-ઉપાદાન એક બીજામાં કાંઈ કરી દીએ એમ માને તો તેણે બે દ્રવ્યોને સ્વતંત્ર જાણ્યા નથી અને તેના નિમિત્ત-નૈમિત્તિક સંબંધને જ કર્તાકર્મ સંબંધ માની લીધો છે-તે જ્ઞાન ખોટું છે.

## ક્રમબદ્ધપર્યાયના જ્ઞાનનું ફળ સ્વ લક્ષ

દરેક વસ્તુની અવસ્થા ક્રમબદ્ધ થાય છે. જીવ અને પરમાણુની ક્રમબદ્ધ અવસ્થા જ થાય છે, પણ તેનો અર્થ એવો નથી કે "પરમાણુમાં કર્મની ટળવારૂપ અવસ્થા થવાની હોય તો આત્મા ટાળવાનો પુરુષાર્થ કરે." આમ પર તરફ ક્રમબદ્ધ શ્રદ્ધાનું જોર જવું ન જોઈએ. પરંતુ "જો આત્મા પુરુષાર્થ કરે તો પરમાણુમાં કર્મની ટળવારૂપ અવસ્થા જ હોય." એમ સ્વ તરફ જોવાનું છે. "ક્રમબદ્ધ પર્યાય" કહેતાં જ અનેક પર્યાયો ખ્યાલમાં આવે છે, કેમકે એકમાં ક્રમ ન હોય, પણ અનેકમાં ક્રમ હોય. તે ક્રમબદ્ધ ત્રણેકાળની પર્યાયોથી ભરેલા દ્રવ્ય તરફ દ્રષ્ટિ કરવી તે ક્રમબદ્ધની શ્રદ્ધાનું પ્રયોજન છે. પોતાના અખંડ સ્વભાવ તરફ દ્રષ્ટિ જતાં પર તરફ જોવાનું ન રહ્યું-એટલે પર્યાય નિર્મળ જ પ્રગટવાની. ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધાનું જોર પોતાના અખંડ સ્વભાવ તરફની એકાગ્રતામાં જવું જોઈએ. અખંડ પરિપૂર્ણ સ્વભાવ છે તેની શ્રદ્ધા એ જ અનંત પુરુષાર્થ છે. અખંડ દ્રવ્ય તરફનો જ પુરુષાર્થ કરવાનો છે. ક્રમબદ્ધ પર્યાયનું વર્ણન કરતાં, ક્રમવર્તી પર્યાયનું લક્ષ છોડાવીને સર્વ પર્યાયોમાં સળંગપણે જે અખંડ ત્રિકાળી દ્રવ્ય છે તેની અખંડતાનું લક્ષ કરાવ્યું છે-અર્થાત્ પરલક્ષ છોડાવીને સ્વલક્ષ કરાવ્યું છે.

## દર્શન, દીક્ષા ને મુનિપણું

સમકિત પછી ઉદાસીન ભાવપૂર્વક દીક્ષા લઈને મુનિ થવાનો વિકલ્પ [ કેવળજ્ઞાનનો જ વિકલ્પ હોય, પણ આ કાળે કેવળજ્ઞાન નથી તેથી મુનિપણાનો વિકલ્પ આવે એમ કહ્યું છે. ] સહજ આવે છે; દીક્ષા લેતાં જો કે વિકલ્પથી મુનિપણાની ભાવના છે તો પણ મુનિપણું પ્રગટશે કે નહિ એવી શંકા છે જ નહિ. આ જ ક્ષણે સ્વરૂપમાં ઠરી જઈને કેવળજ્ઞાન લઉં એવી ભાવના છે પણ તે ભાવના (વિકલ્પ) નિર્વિકલ્પદશાનું-મુનિપણાનું ખરેખર કારણ નથી. નિર્વિકલ્પદશા તો અંદરની એકાગ્રતાના જોરે પ્રગટે છે. તે નિર્વિકલ્પતા પ્રગટી ત્યારે પૂર્વના વિકલ્પને

તે જ્ઞાનામૃતનું અપૂર્વપાન પરમ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી સુવર્ણપુરીનાં સ્વાધ્યાય મંદિરમાં અહર્નિશ કરાવે છે.

નિમિત્ત કહેવાય છે. સમ્યક્‌દર્શન પછી મુનિપણાનો વિકલ્પ ઉઠે છે તે વિકલ્પ પણ દ્રવ્યલીંગ કહેવાય છે; સમ્યગ્દ્રષ્ટિ જીવ પ્રથમ વિકલ્પ ઉઠતાં દીક્ષા લ્યે છે અને દીક્ષા પછી તેને ભાવલીંગ પ્રગટે છે. પણ દર્શન વગર તો દીક્ષા કેવી અને ભાવલીંગ કેવું ?....

....એટલે દીક્ષા માટે એમ નક્કી થયું કે પહેલાં દર્શનશુદ્ધિ તો બધાને જોઈએ જ, પછી મુનિપણાનો વિકલ્પ આવે અને દીક્ષા લ્યે–ત્યારપછી ભાવલીંગ–મુનિપણું પ્રગટે, તથા કોઈને પહેલાં સાતમું આવી જાય પછી છઠ્ઠું આવે અને દીક્ષા લ્યે–એમ પણ બને છે. તેથી ભાવલીંગ પ્રગટયા પછી જ દ્રવ્યલીંગ અંગીકાર કરે એમ નથી. દીક્ષા અને મુનિપણું એ બન્ને જુદી જ ચીજ છે. મુનિપણું સાતમું પ્રગટયા પછી જ હોય અને દીક્ષા ચોથે–પાંચમે–છઠ્ઠે હોય. દીક્ષા એટલે સમ્યગ્દર્શન પછી મુનિપણાની ભાવના થતાં આચાર્ય વગેરે પાસે નિર્ગ્રંથ દીગંબરપણું–અંગીકાર કરે. આ રીતે ભાવલીંગ પછી જ દ્રવ્યલીંગ હોય એ નિયમ રહેતો નથી. વસ્ત્રસહિત હોય ત્યાં તો દ્રવ્યલીંગ કે ભાવલીંગ એકે ન કહેવાય.

**પ્રશ્નઃ**–આચાર્યદેવ મુનિપણાની દીક્ષા જેને આપે છે તે સામામાં મુનિપણું પ્રગટશે એમ જાણીને આપે છે ?

**ઉત્તરઃ**–કોઈ વખત વ્યક્તિગત ખ્યાલ આવે, પણ બધાનું જાણે જ–એમ નથી, કેમકે આચાર્ય પણ હજી છદ્મસ્થ છે; તેથી કોઈવાર મિથ્યાદ્રષ્ટિ દીક્ષા લેવા આવે તેને પણ દીક્ષા આપે, અરે ! અભવી જીવ હોય અને વૈરાગ્યથી ઉદાસીન પરિણામ થાય અને દીક્ષા લેવા આવે તો તેને પણ કોઈવાર વર્તમાન ઉદાસીન પરિણામ જોઈને દીક્ષા આપી દે; પરંતુ દીક્ષા લીધી તેથી કાંઈ તેને મુનિપણું આવતું નથી.

મિથ્યાદ્રષ્ટિ જીવ વૈરાગ્યથી મંદ કષાય કરીને નિર્ગ્રંથ લીંગ ધારણ કરે છે તેને ઉપચારથી દ્રવ્યલીંગ છે અને દીક્ષા પણ વ્યવહારે છે, ખરેખર તેને દીક્ષા નથી. દીક્ષા તો સમ્યગ્દર્શન પછી જ હોય.

## દ્રષ્ટિ અને જ્ઞાનની સમજણ

**પ્રશ્નઃ**–ઊંધી દ્રષ્ટિવાળાને જ્યોતિષ વગેરેનું જ્ઞાન સાચું હોઈ શકે ?

**ઉત્તરઃ**–દ્રષ્ટિ ખોટી હોય તેથી તેનું પર તરફનું અપ્રયોજનભૂત જ્ઞાન પણ ખોટું જ હોય એમ નિયમ નથી. હા ! જેની સ્વ તરફની ભૂલ હોય તેની પ્રયોજનભૂત તત્ત્વોમાં પણ ભૂલ હોય જ. પણ ઊંધી દ્રષ્ટિ હોય ત્યાં પર તરફના જ્ઞાનમાં ભૂલ હોય જ એમ નથી. પૈસા મારાં, શરીર મારૂં એમ ઊંધી માન્યતા હોવા છતાં તેનું જ્ઞાન શરીરને પૈસાપણે કે પૈસાને શરીરપણે જાણતું નથી એટલે પર તરફનું જ્ઞાન સાચું હોય કે ખોટું તે સાથે દ્રષ્ટિનો સંબંધ નથી. જો દ્રષ્ટિ ખોટી હોવાથી પરનું જ્ઞાન ખોટું થઈ જતું હોય તો ૧૫×૧૨ એ વગેરે ગુણાકાર પણ તેનો ખોટો જ આવે–અને તો તો મિથ્યાદ્રષ્ટિ કાંઈ સંસારીક પણ ભણી જ ન શકે અને લૌકિક વ્યવહાર પણ ન ચલાવી શકે; પણ દ્રષ્ટિ ખોટી હોવા છતાં જ્યોતિષ, ગણિત વગેરે સંબંધીનું જ્ઞાન, કે જે આત્મકલ્યાણને માટે અપ્રયોજનભૂત છે તે, સાચું પણ હોય, પરંતુ પ્રયોજનભૂતમાં તો ભૂલ હોય જ.

## જ્ઞાનસ્વભાવની સ્વાધીનતા

**પ્રશ્નઃ**–જ્યારે પોતે કાંઈ બોલતો હોય ત્યારે તો તે વાણીના ભાવનો પોતાને તે જ વખતે અર્થાવગ્રહ હોય પણ જ્યારે બીજો બોલતો હોય ત્યારે તે વાણી સાંભળીને પછી અર્થાવગ્રહ શરૂ થાય છે તેનું શું કારણ ?

**ઉત્તરઃ**–એમાં અંતર પડતું જ નથી. જે સમયે સામાએ બોલવાની શરૂઆત કરી તે જ સમયે તેના આશયને સમજવારૂપ જ્ઞાનનું પરિણમન શરૂ થઈ ગયું છે. સામો જે આખો આશય કહેવા માગે છે તે આશય તો પછી સમજશે, પણ તે આખા આશયને સમજવાના કારણરૂપ જ્ઞાનનો વ્યંજનાગ્રહ તો શરૂ થઈ જ ગયો છે. સામાના શબ્દો સાંભળ્યા તેથી અહીં વ્યંજનાવગ્રહ શરૂ થયો–એમ નથી. સામો જે આશય કહેવા માગે છે તેના શબ્દો શું છે તે લક્ષમાં આવ્યા પહેલાં જ તે આશય સમજવાના કારણરૂપ આત્માના જ્ઞાનનો વ્યંજનાવગ્રહ શરૂ થઈ ગયો છે. સામા શબ્દોના અવલંબને વ્યંજનાવગ્રહ નથી પણ જ્ઞાન જે લબ્ધરૂપ પડયું હતું તે જ પોતાથી ઉપયોગરૂપ થવા માંડયું છે તેથી વ્યંજનાવગ્રહની શરૂઆત સ્વથી જ થઈ છે, વાણીને કારણે થઈ નથી.

ખરેખર તો વાણીને આત્મા સાંભળતો જ નથી એટલે વાણી તરફનું અવલંબન જ્ઞાનને નથી. સામાન્ય જ્ઞાનના અવલંબને જ જ્ઞાનનું પરિણમન થઈ રહ્યું છે. સામી વસ્તુના પરિણમન સાથે જ પોતાના કારણે જ્ઞાનમાં અવ્યક્તપણે વ્યંજનાવગ્રહ શરૂ થઈ ગયો છે. પૂર્વના જ્ઞાનનો ક્ષયોપશમ લઈને આવ્યો છે તેનો ઉપયોગરૂપ ઉઘાડ વર્તમાન પોતાથી જ થાય છે-નિમિત્તના અવલંબને ઉઘાડ થતો નથી. ખરેખર તો કોઈ વાણી સાંભળતો નથી, પણ પોતાના જ્ઞાનની સ્વતંત્ર પર્યાયમાં તે જાતનું પરિણમન શરૂ થઈ ગયું છે તેને જાણે છે. વાણીનું અવલંબન મળતાં જ્ઞાનનું પરિણમન શરૂ થયું એમ નથી.

## જ્ઞાન અને રાગનું જુદાપણું

જે સમયે કષાય થયો તે જ સમયે તે કષાયનું જ્ઞાન કરવારૂપ જ્ઞાન ઉપયોગ શરૂ થઈ ગયો છે. પહેલાં જે જ્ઞાન લબ્ધરૂપ હતું તે જ ઉપયોગરૂપ સ્વયં થવા માંડયું છે. કષાયનું ઉપયોગરૂપ જ્ઞાન કષાય થયો તે જ સમયે શરૂ થઈ ગયું છે. પહેલે સમયે કષાય થયો અને બીજા સમયે જ્ઞાન શરૂ થયું એમ સમયાંતર નથી, તેમ જ કષાય થયો માટે જ્ઞાન શરૂ થયું એમ નથી.

જે ટાણે ક્રોધ થયો તે જ ટાણે જ્ઞાનમાં ક્રોધને જાણવારૂપ પરિણમન શરૂ થઈ ગયું છે. 'ક્રોધ' અને ક્રોધને જાણવારૂપ 'જ્ઞાન'ની પર્યાય એ બન્ને જુદાં જ છે. એક ચારિત્ર ગુણની અવસ્થા છે, બીજી જ્ઞાન ગુણની અવસ્થા છે, બન્નેનું પરિણમન જુદું જ છે. ક્રોધ અને જ્ઞાન કદી એકરૂપ થયાં નથી, પણ તે જુદાપણું ન જાણતાં "હું ક્રોધ છું" એવી બુદ્ધિ ઉઠે છે તે જ ખોટી છે. ક્રોધને જાણનારૂં જ્ઞાન તે હું અને આ ક્રોધ જણાય તે હું નહિ એમ જ્ઞાન અને ક્રોધના ભિન્નપણાની શ્રદ્ધા કરતો નથી તેથી જ્ઞાન સાથે ક્રોધને પણ પોતાનું સ્વરૂપ માની બેસે છે એ જ ભૂલ છે. મિથ્યાદૃષ્ટિને પણ ક્રોધનું જ્ઞાન છે, પરંતુ તેને ક્રોધથી જુદા જ્ઞાનની શ્રદ્ધા નથી, તેથી ક્રોધને અને ક્રોધને જાણવારૂપ જ્ઞાનની અવસ્થાને તે એકરૂપ માને છે એ જ મિથ્યાત્વ....

ક્રોધ થયા પછી નહિ, તેમ જ ક્રોધ થયો તે કારણે નહિ, પરંતુ ક્રોધ વખતે જ અને સ્વાધીનપણે જ્ઞાનમાં ક્રોધને જાણવારૂપ પરિણમન શરૂ થઈ ગયું છે. જે રીતે કેવળજ્ઞાન પરના અવલંબન વગર કાર્ય કરે છે તે જ રીતે જ્ઞાનનો અંશ પણ પરના અવલંબન વગર સ્વાધીનપણે કાર્ય કરે છે. જ્ઞાનનો સ્વભાવ અચિંત્ય છે. સર્વત્ર જ્ઞાનનું જ માહાત્મ્ય છે. ક્રોધ અને જ્ઞાન બન્ને જુદા જ પરિણમે છે, ક્રોધ થાય છે તે ચારિત્ર ગુણની અવસ્થા છે અને ક્રોધનું જ્ઞાન થાય છે તે જ્ઞાનની અવસ્થા છે; એ રીતે ક્રોધ અને ક્રોધનું જ્ઞાન–બન્ને જુદા જુદા ગુણોની પર્યાય છે–તેથી બન્ને જુદાં જ છે અને બન્નેનું પરિણમન પણ જુદું પોતપોતાને કારણે જ છે.

દરેક ગુણ જુદો હોવાથી તેમ જ દરેક ગુણનું પરિણમન જુદું હોવાથી એક ગુણ વિકારરૂપ હોવા છતાં બીજો ગુણ નિર્મળ થઈ શકે છે. ચારિત્રનું પરિણમન વિકારરૂપ હોવા છતાં જ્ઞાન સમ્યકપણે પરિણમી શકે છે. આ રીતે કથંચિત્ ગુણ ભેદ હોવાથી દરેક ગુણનું પરિણમન જુદું છે–છતાં પણ વસ્તુદૃષ્ટિથી ગુણો અભેદ છે,–બધા ગુણો એક બીજા સાથે અવિનાભાવી (સંકળાએલા) છે તેથી દરેક ગુણના પરિણમનને કથંચિત્ સંબંધ પણ છે. શ્રદ્ધા ગુણ નિર્મળરૂપે પરિણમતાં જ, તે જ વખતે ચારિત્રગુણ વિકારી હોય તોપણ, અનંતાનુબંધી કષાયનો ચારિત્રના પરિણમનમાં અભાવ થઈ જ જાય, તથા વીર્યનું પરિણમન સ્વતરફ ઢળે, જ્ઞાનનું પરિણમન સમ્યક્ થાય–એ રીતે વસ્તુથી જોતાં બધા ગુણોના પરિણમનને સંબંધ છે–બધાનું પરિણમન સાથે જ છે.

## આરાધક અને વિરાધક

**પ્રશ્ન**-કોઈ જીવ વર્તમાનમાં તત્ત્વનો વિરોધી હોય છતાં તેને જ્ઞાનનો ઉઘાડ વધતો જતો હોય તેવું દેખાય અને બીજો જીવ તત્ત્વનો આરાધક હોય છતાં તેને જ્ઞાનનો ઉઘાડ ઓછો દેખાય તેનું શું કારણ?

**ઉત્તર**-જે જીવ તત્ત્વનો વિરાધક છે તે જીવને વિરાધક ભાવને કારણે વર્તમાન પર્યાયમાં જ જ્ઞાનનું પરિણમન ઓછું થવા માંડયું છે. જ્ઞાનનો પૂર્વનો ઉઘાડ જે ઘણો વધારે હતો તેમાં વર્તમાન વિરાધનાને કારણે હીણું પરિણમન થવા માંડયું છે; પણ જિંદગીના છેડા સુધી પૂર્વનો ઉઘાડ કાર્ય કરી રહ્યો છે તેથી, વર્તમાનમાં જ્ઞાનનું પરિણમન ઓછું થતું જાય છે છતાં તે સ્થૂળ દૃષ્ટિથી જણાતું નથી, પણ જ્યારે આયુષ્ય પુરૂં થશે ત્યારે જ્ઞાન લુપ્ત થઈ જશે અને એકેન્દ્રિયાદિમાં જશે ત્યાં જ્ઞાનની હીનતા વ્યક્ત જણાશે. આ રીતે તત્ત્વના વિરાધક જીવને

ખરી રીતે જ્ઞાનની ક્ષણેક્ષણે હીનતા જ થતી જાય છે. અને જે જ્ઞાની જીવને તત્ત્વનો આરાધકભાવ છે તે જીવને વર્તમાન પર્યાયમાં જ જ્ઞાનનું પરિણમન વધતું જ જાય છે; આરાધક જીવને જ્ઞાનનો ઉઘાડ પર્યાયે પર્યાયે વધતો જાય છે પરંતુ સ્થૂળ દ્રષ્ટિથી–[ સમય સમયનું સૂક્ષ્મ પરિણમન લક્ષમાં નહિ આવતું હોવાથી ] તે જણાતું નથી. જ્ઞાનીને ક્ષણેક્ષણે અંતરમાં આત્મશાંતિનું જે વેદન વધતું જાય છે તેનો તો વર્તમાન પોતાને અનુભવ છે, પરંતુ જ્ઞાનનો ઉઘાડ વધતો જાય છે તે પરિણમન સ્થૂળ દ્રષ્ટિએ જણાતું નથી. કોઈ જ્ઞાનીને પૂર્વનો જ્ઞાનનો ઉઘાડ ઓછો હોય તેથી વર્તમાન જાણપણું [ પર સંબંધી જ્ઞાન ] ઓછું દેખાય છતાં અંદર તો આરાધક ભાવ હોવાથી જ્ઞાનનો ઉઘાડ વૃદ્ધિ જ પામતો જાય છે. આરાધક ભાવ છે તેથી સ્વભાવ તરફનું પરિણમન વૃદ્ધિ જ પામે છે તે ક્રમેક્રમે વધતાં વધતાં કેવળજ્ઞાન પ્રગટ થશે. [ અહીં મુખ્યપણે જ્ઞાનગુણથી વાત કરી છે, તે પ્રમાણે દર્શન, સુખ વગેરે બધા ગુણોમાં પણ સમજવું. આરાધકને બધા ગુણોનું પરિણમન વૃદ્ધિ પામીને પૂર્ણતા થાય છે, વિરાધકને બધા ગુણોનું પરિણમન હીન થતું જાય છે. ] આ રીતે જે જાતનો ભાવ હોય તે જાતનું પરિણમન વર્તમાન અવસ્થામાં જ થવા માંડે છે. વળી જ્ઞાનના ઉઘાડ સાથે ધર્મનો સંબંધ નથી, પરંતુ જ્ઞાનનું વલણ કઈ તરફ છે–તે સાથે ધર્મનો સંબંધ છે. જ્ઞાનનો ઉઘાડ ઓછો હોય છતાં જો તે જ્ઞાનમાં આરાધકભાવ હોય તો એકાવતારી થઈ શકે છે, અને જ્ઞાનનો ઘણો ઉઘાડ હોય છતાં જો તેમાં વિરાધકભાવ હોય તો વિરાધકભાવને કારણે નરક–નિગોદમાં જઈને અનંત સંસારમાં રખડવાનો...આ રીતે આરાધકભાવ સાથે જ ધર્મનો સંબંધ છે.

વર્તમાન મંદ કષાયના પુરુષાર્થથી પણ જ્ઞાનનો ઉઘાડ થાય છે. નિગોદથી નીકળીને મનુષ્ય થયેલો જે જીવ અગીઆર અંગનું જ્ઞાન કરે છે તે જીવને અગીઆર અંગનો ઉઘાડ પૂર્વનો નથી, પરંતુ વર્તમાન કષાયની મંદતા કરીને જ્ઞાન કરે છે. અગીઆર અંગનું જ્ઞાન થાય તેવો ઉઘાડ થાય એટલી બધી કષાયની મંદતા નિગોદના જીવને હોતી નથી. પરંતુ મનુષ્યપણામાં કષાયની મંદતા કરી જ્ઞાન પ્રગટ કરે છે. આ રીતે વર્તમાન પુરુષાર્થથી ઉઘાડ થઈ શકે છે. છતાં મિથ્યાદ્રષ્ટિ જીવનો જ્ઞાનનો ઉઘાડ આત્માનું કાંઈ કાર્ય કરી શકતો નહિ હોવાથી પરમાર્થમાં તેના પુરુષાર્થને ખરેખર પુરુષાર્થ ગણવામાં આવ્યો નથી. કેમકે તેના જ્ઞાનમાં આરાધકભાવ નથી તેથી તેનું જ્ઞાન આત્માનું કાંઈ પ્રયોજન સાધતું નથી. જો કે તેણે મંદ કષાયના પુરુષાર્થથી જ્ઞાનનો ઉઘાડ કર્યો છે પરંતુ આરાધક ભાવના અભાવમાં તેનો પુરુષાર્થ આત્મા સાથે અભેદપણું ધરાવતો નથી તેથી તેના પુરુષાર્થને પરમાર્થે પુરુષાર્થ કહ્યો નથી....જો તે જ્ઞાનને પુરુષાર્થવડે સ્વભાવ તરફ વાળે તો તે જ્ઞાનનું સ્વભાવ સાથે અભેદપણું થાય, અર્થાત્ તેને આરાધકભાવ થાય. આ રીતે આરાધકભાવ સહિતનો જ્ઞાનીનો પુરુષાર્થ આત્મા સાથે અભેદપણું ધરાવે છે અને તેને જે જ્ઞાનનો ઉઘાડ છે તે બધો વર્તમાન પુરુષાર્થમાં જ ભળી જાય છે. આથી આરાધકભાવ સહિતનો જ્ઞાનનો અંશ આત્માના સ્વભાવ સાથે અભેદ હોવાથી તે વધીને પૂર્ણ થઈ જવાનો, અને આરાધકભાવ વગરનું જે જ્ઞાન છે તેનું અભેદપણું આત્મા સાથે નહિ હોવાથી તે ઘટી જઈને વિરાધકપણાને લીધે એકેન્દ્રિયાદિ પર્યાયમાં અત્યંત હીન થઈ જશે... આમાં આરાધકભાવથી જ જ્ઞાનાદિની સફળતા છે એમ નક્કી થયું. આરાધકભાવ એટલે સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન વગર કોઈને આરાધકભાવ હોઇ શકે નહિ. આત્માના સ્વભાવની યથાર્થ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે અને તે સમ્યગ્દર્શન થતાં જ આરાધકપણું થાય છે, અને અલ્પકાળમાં તે સંપૂર્ણ આરાધના કરીને પૂર્ણ પવિત્ર મોક્ષદશાને જરૂર પામે છે. માટે સાચી સમજણદ્વારા જીવોએ પહેલાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું જોઈએ.

## આત્માને સંયોગનું દુઃખ નથી

એક જીવ હોય, તેનું શરીરનું કોઈ અંગ કપાઈને દૂર પડે ત્યાં આત્માના પ્રદેશો પણ લંબાઈને તે છૂટા પડેલા અંગ સુધી અમુક વખત સુધી પહોળા થાય છે અને શરીર તથા તે છૂટા પડેલા અંગ વચ્ચેના ખાલી ભાગમાં પણ આત્માના પ્રદેશો કેટલોક વખત ફેલાઈને રહે છે. હવે જે જગ્યાએ આત્મ પ્રદેશો ફેલાયેલા છે તે જગ્યાએ કોઈ પ્રહાર કરે, છેદ મૂકે, બાળે છતાં આત્માને તે સંબંધી દુઃખ થતું નથી. આત્મપ્રદેશો જે જગાએ છે તે જ જગાએ પ્રતિકૂળ સંયોગો હોવા છતાં તેનું વેદન થતું નથી કેમકે સંયોગનું વેદન આત્માને નથી, પરંતુ પોતાના ભાવનું વેદન છે, તેથી તે વખતે આત્મામાં જેટલો કષાયભાવ હોય તેટલું વેદન તે આત્માને છે અને તેના પ્રમાણમાં દુઃખ છે; અથવા જો વીતરાગભાવ હોય તો તેનું સુખરૂપ વેદન છે. આ રીતે પોતાના ભાવ પ્રમાણે સુખદુઃખનું વેદન આત્મા કરે છે પરંતુ સંયોગનું વેદન

આત્મા કરતો નથી એટલે કે સંયોગનું સુખ-દુઃખ આત્માને નથી.

ઉપરના કથનમાં શરીર અને તેના છૂટા પડેલા અંગ વચ્ચે જ્યાં આત્માના પ્રદેશો લંબાયા છે તે જગ્યાએ કાર્માણ શરીર તો આત્માના પ્રદેશો સાથે છે પરંતુ ઔદારિક શરીર એટલે નોકર્મ નથી. કાર્માણ શરીર હોવા છતાં અને ત્યાં પ્રતિકૂળ સંયોગ આવે છતાં તેનું દુઃખ આત્માને થતું નથી કેમકે કાર્માણ શરીર સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ નથી; પરંતુ જો આ ઔદારિક શરીર ઉપર તલવાર પડે અગર તે બળે તો રાગવાળા જીવને તે વખતે દુઃખ લાગે છે એટલો શરીર સાથે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધની વ્યાખ્યા એવી છે કે-જો જીવ પોતે શરીરનું લક્ષ કરીને રાગભાવ વડે દુઃખી થાય તો શરીરની પ્રતિકૂળતાને નિમિત્ત કહેવાય છે, પણ જો જીવ રાગ ન કરે તો તેને નિમિત્ત પણ કહેવાતું નથી. આ રીતે જીવને શરીરની પ્રતિકૂળતાના સંયોગનું દુઃખ નથી પરંતુ તે વખતે જેટલો કષાય છે તે કષાયભાવનું વેદન છે, અને તેનું જ દુઃખ છે. શરીર સાથેનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ દુઃખનું કારણ નથી પણ કષાય જ દુઃખનું કારણ છે. આ બાબતમાં ચૌભંગી નીચે મુજબ

(૧) એક મુનિ આત્મસ્વરૂપના ધ્યાનમાં છે અને તેમના શરીરને સિંહ ખાઈ જાય છે છતાં તે વખતે તેમને સુખનું વેદન છે.

(૨) એક રાજા સર્વ પ્રકારની બાહ્ય સગવડો વચ્ચે બેઠો છે છતાં અંતરંગ વિચારમાં તે આકૂળતાનું દુઃખ વેદી રહ્યો છે.

(૩) એક સામાન્ય રાગી જીવને વીંછી કરડવો વગેરે પ્રતિકૂળતા આવે છે અને તે રાગથી દુઃખી થાય છે.

(૪) એક જીવને પ્રતિકૂળતા નથી અને તે રાગ કરીને દુઃખી થતો નથી.

ઉપરના ચાર દૃષ્ટાંતોમાં પહેલા બે દૃષ્ટાંતોમાં નિમિત્ત નૈમિત્તિક સંબંધ લાગુ પડતો નથી, કેમકે તેમાં પ્રતિકૂળ સંયોગ છતાં સુખ છે અને અનુકૂળ સંયોગ છતાં દુઃખ છે. ત્રીજા-ચોથામાં નિમિત્તનૈમિત્તિક સંબંધ લાગુ પડે છે.

## ઇચ્છાનો અભાવ તે જ સુખ

**પ્રશ્નઃ**-કોઈ સિંહ ઘણા દિવસનો ભૂખ્યો હોય અને કોઈ મનુષ્ય મળે ત્યારે તેને ખાવા જાય, ત્યારે મનુષ્ય તેને કહે કે અરે સિંહ! મને ખાવાથી તને હિંસાનું પાપ લાગશે અને તું દુઃખી થઈશ. ત્યારે સિંહ કહે કે-પાપનું ફળ તો અશાંતિ-દુઃખ હોય પરંતુ હું તને ખાઈશ અને મારી ભૂખ ટળશે તથા મને શાંતિ થશે, માટે તેમાં હિંસાનું પાપ કયાં આવ્યું?

**ઉત્તરઃ**- વર્તમાનમાં ખાવાનો જે હિંસક ભાવ છે તે તો પાપ જ છે અને તેનું વેદન પણ અશાંતિ અને દુઃખમય જ છે. મનુષ્ય ખાવાથી બહારમાં જે સાતા દેખાય છે તે સાતા હિંસક પાપભાવનું ફળ નથી તેમ જ મનુષ્ય શરીરને ખાવાથી સાતા થઈ નથી; પરંતુ પૂર્વના કોઈ પુણ્યના કારણે સાતા દેખાય છે. વર્તમાનમાં મનુષ્ય હિંસાનો જે પાપભાવ છે તેનું ફળ અંદરમાં તો વર્તમાન જ આકૂળતારૂપે વેદાય છે અને ભવિષ્યમાં તેના બાહ્ય ફળરૂપે નરકાદિનો સંયોગ મળશે. તીવ્ર અશુભભાવ કરવા છતાં વર્તમાનમાં ભૂખનું દુઃખ ટળે છે તે પૂર્વના પુણ્યના કારણે ટળે છે, પરંતુ વર્તમાન અશુભભાવ કર્યા તેના કારણે ભૂખ મટી નથી.

આમાં તો ઘણું સિદ્ધ થઈ જાય છે. ૧-પુનર્જન્મ છે, ૨-પુણ્ય-પાપનું ફળ છે, ૩-પર વસ્તુનો સંયોગ વિયોગ આત્માના ભાવને આધીન નથી, ૪-આત્માને પોતાના ભાવનું ફળ વર્તમાન જ છે, આ બધું સિદ્ધ થઈ જાય છે. આ સંબંધમાં ચૌભંગી નીચે મુજબ-

૧-વર્તમાન હિંસક પાપભાવ છતાં સાતાનો અનુકૂળ સંયોગ

૨-વર્તમાન શુભભાવ હોય છતાં અસાતાનો પ્રતિકૂળ સંયોગ

૩-વર્તમાન અશુભભાવ અને પ્રતિકૂળ સંયોગ.

૪-વર્તમાન શુભભાવ અને અનુકૂળ સંયોગ.

(૧) વર્તમાન પાપભાવ હોવા છતાં સાતાનો અનુકૂળ સંયોગ હોય છે તે અનુકૂળ સંયોગ વર્તમાન પરિણામનું ફળ નથી પણ પૂર્વના કોઈ શુભ પરિણામનું તે બાહ્ય ફળ છે એટલે પૂર્વે તે જીવ હતો અને તેણે શુભભાવ કર્યા હતા એ સિદ્ધ થાય છે. વર્તમાન પૈસા મેળવવાનો પાપભાવ હોય અને પૈસા આવે તો ત્યાં પાપભાવના ફળમાં પૈસા આવ્યા નથી પણ પૂર્વના પુણ્યના કારણે પૈસા આવ્યા છે, વર્તમાન પાપભાવ છે તેનું બાહ્યફળ ભવિષ્યમાં પ્રતિકૂળતારૂપે આવશે.

(૨) કોઈને દયાનો ભાવ હોય અને તેના શરીરને હિંસક પશુઓ ખાઈ જતા હોય એમ બને, ત્યાં પ્રતિકૂળ સંયોગ છે તે પૂર્વના પાપનું બાહ્યફળ છે અને વર્તમાન દયાનો ભાવ છે તેનું બાહ્યફળ ભવિષ્યમાં આવશે.

વર્તમાન જેટલો મંદકષાય છે તેટલું અંતરમાં આકૂળતાનું વેદન ઓછું છે.

(૩) પરદ્રવ્યનો સંયોગ-વિયોગ તે જીવના ભાવને આધીન નથી. જીવને દયાના ભાવ હોય છતાં બહારમાં તેના શરીરને પશુઓ ખાઈ જતા હોય તેવી હિંસા બને એટલે જીવ શુભભાવ કરે તેથી બહારનો સંયોગ પણ અનુકૂળ જ હોય-એમ નથી. જીવના ભાવની ક્રિયા સ્વતંત્ર છે અને સંયોગી પરદ્રવ્યની ક્રિયા સ્વતંત્ર છે. એક જીવ ખૂબ અશુભ ભાવ કરે છતાં વર્તમાન શરીર તન્દુરસ્ત હોય અને બીજા જીવને શરીરમાં રોગ હોય અને ખૂબ શુભભાવ કરે, તો તેથી કાંઈ રોગ ટળી જાય નહિ. સંયોગ-વિયોગનું કારણ પૂર્વના પુણ્ય-પાપ છે પરંતુ વર્તમાનમાં કેવા ભાવ કરવા તે જીવના પુરુષાર્થને આધીન છે.

(૪) જીવને પોતાના ભાવનું વેદન વર્તમાનમાં જ છે. બાહ્યમાં પુણ્યના ફળનો અનુકૂળ સંયોગ હોય છતાં જો જીવ વર્તમાન તીવ્ર પાપ ભાવ કરે તો તેને તીવ્ર આકૂળતાનું વેદન થાય, અને કોઈ જીવને નરકની તીવ્ર પ્રતિકૂળતા હોય છતાં અંતરમાં શુભભાવ વડે ઓછી આકૂળતાનું વેદન હોય. આ રીતે બહારમાં ગમે તેવા સંયોગ હોય છતાં જીવ પોતે વર્તમાનમાં જેવા ભાવ કરે તે અનુસાર તેને સુખ દુઃખ હોય છે.

ભૂખ્યા સિંહે મનુષ્યને ખાધો અને તેની ક્ષુધા મટીને તેને શાંતિ થઈ-એમ જે ઉપલક-દ્રષ્ટિએ દેખાય છે તેમાં મૂળ સ્વરૂપ આ પ્રમાણે છે-(૧) સિંહને વર્તમાન મનુષ્ય ખાવાની ઇચ્છારૂપ જે તીવ્ર પાપભાવ તેના તીવ્ર દુઃખનું વેદન છે. (૨) ભૂખ મટી તે પૂર્વની સાતાનો ઉદય છે. (૩) વર્તમાન મનુષ્ય શરીર ખાવાથી શાંતિ થઈ-એમ લાગે છે તે ખોટી વાત છે. મનુષ્યને ખાધો તે કારણે શાંતિ થઈ નથી પરંતુ-પહેલાં મનુષ્યને ખાવાની જે તીવ્ર હિંસક ઇચ્છા હતી તે ઇચ્છાના કારણે તીવ્ર દુઃખ હતું અને પાછળથી તે તીવ્ર હિંસકભાવ ચાલ્યો જવાથી તથા તે સંબંધી ઇચ્છા ચાલી જવાથી કષાયની અને ઇચ્છાની મંદતા થઈ છે તેથી તેને મંદ આકૂળતા છે અને તે મંદ આકૂળતા પણ દુઃખ જ છે પરંતુ અજ્ઞાન ભાવથી મંદ આકૂળતામાં સુખ માન્યુ છે. વાસ્તવિકપણે તો સ્વભાવના ભાનપૂર્વક ઇચ્છાનો અભાવ તે જ સુખ છે, તીવ્ર ઇચ્છા તે તીવ્ર દુઃખ છે, અને મંદ ઇચ્છા તે મંદ દુઃખ છે. આ પ્રમાણે, પરવસ્તુનો સંયોગ થવાથી પોતાનું દુઃખ મટયું નથી પણ પોતાની ઇચ્છા ટળવાથી દુઃખ મટયું છે-એમ જો જીવ જાણે તો તે પોતાનું દુઃખ ટાળવા માટે પર પદાર્થ તરફ લક્ષ નહિ કરતાં પોતાના પરિણામ તરફ લક્ષ કરે, અને પોતાના પરિણામમાં પણ ઇચ્છા કે જે ક્ષણે ક્ષણે બદલતી જાય છે તથા જે આકૂળતા જ ઉત્પન્ન કરનારી છે તેનો આશ્રય ન માને અને પર લક્ષે જે મંદ ઇચ્છા કરી શકે છે તેના સ્વભાવમાં ઇચ્છા જ નથી તેથી તે ઇચ્છારહિત સ્વભાવના લક્ષે સંપૂર્ણ ઇચ્છા ટાળી શકાય છે-એમ જાણીને તે સ્વભાવની ઓળખાણપૂર્વક ઇચ્છા ટાળવાનો પોતાના ભાવમાં પુરુષાર્થ કરે અને જેમ જેમ ઇચ્છા ટળતી જાય તેમ તેમ સાચું નિરાકૂળ સુખ પ્રગટતું જાય; તેથી.

(૧) પર પદાર્થોથી આત્મા જુદો છે,

(૨) સંયોગ-વિયોગનું તેને દુઃખ નથી, પણ ઇચ્છાનું દુઃખ છે.

(૩) ઇચ્છા ક્ષણિક છે અને તે ટળી શકે છે

(૪) ઇચ્છારહિત આત્માનો સ્વભાવ છે તેને ઓળખવો જોઈએ અને પોતાના ઇચ્છા ભાવને ટાળવાનો પ્રયત્ન કરવો જોઈએ. આ જ સુખનો ઉપાય છે........

## કર્તા અને ભોક્તા

**[ સમયસાર ગાથા-૧૦૨ ના વ્યાખ્યાનમાંથી ]**

જ્ઞાની પુણ્ય-પાપનો કર્તા થતો નથી તેથી જ્ઞાની તેનો ભોક્તા પણ નથી. અજ્ઞાની પુણ્ય-પાપના ભાવનો કર્તા થાય છે તે જ સમયે તે ભાવને તેણે ભોગવ્યા છે. આત્માની શાંતિની ઊલટી અવસ્થારૂપ આકૂળતાને તે જ સમયે અજ્ઞાની ભોગવે છે. જડના સંયોગને તો કોઈ આત્મા ભોગવી જ શકતો નથી, પોતે વર્તમાન જે સમયે પુણ્ય-પાપ કરે છે તે સમયે જ તેનું આકૂળતારૂપી ફળ તે ભોગવી જ રહ્યો છે, પણ અજ્ઞાની તે જાણી શકતો નથી કેમકે તેની દ્રષ્ટિ બાહ્ય સંયોગ ઉપર છે. જે સમયે વિકારભાવ કર્યો ત્યારથી જ તે ભાવનું દુઃખરૂપ વેદન શરૂ થઈ ગયું છે અને જ્યાં સુધી સ્વભાવનું ભાન કરીને તે ભાવ ટળે નહિ ત્યાં સુધી તે દુઃખનું વેદન રહ્યા કરશે. સાચી શ્રદ્ધા વગર ઊંધી માન્યતાના મહાદુખનું વેદન રહ્યા જ કરે છે. અજ્ઞાની પર સંયોગને ભોગવતો નથી પણ તે સંયોગ ઉપર લક્ષ કરીને વિકારીભાવ કરે છે અને તેને તે ભોગવે છે. શરીર અને આત્મા જુદા છે એમ જાણ્યું નથી તેથી અંદરમાં 'શરીરની ક્રિયા હું કરૂં'

એવી ઊંધી માન્યતાનું વેદન પડયું જ છે, જો અસંયોગી આત્મસ્વભાવને જાણે તો ઊંધી માન્યતાના દુઃખનું વેદન ટળે. જીવના વિકાર પરિણામ અનુસાર જડ-કર્મો સ્વયં બંધાય છતાં તેની સાથે જીવને કર્તા કર્મ સંબંધ નથી. અજ્ઞાન દશામાં પણ જીવ જડ કર્મને કરતો કે ભોગવતો નથી પણ પોતાના વિકારીભાવને કરે છે અને તેના ફળરૂપ આકુળતાના દુઃખને ભોગવે છે.

## અપૂર્વ પુરુષાર્થ

જેણે સમ્યગ્દર્શન પ્રગટાવવાનો પૂર્વે કદી નહિ કરેલો એવો અનંતો સમ્યક્ પુરુષાર્થ કરીને સમ્યગ્દર્શન પ્રગટ કર્યું છે અને એ રીતે સંપૂર્ણ સ્વરૂપનો સાધક થયો છે તે જીવ કોઈ પણ સંયોગોમાં, ભયથી, લજ્જાથી, લાલચથી કે કોઈપણ કારણથી અસતને પોષણ નહિ જ આપે........એ માટે કદાચ કોઈ વાર દેહ છૂટવા સુધીની પ્રતિકૂળતા આવી પડે તો પણ તે સતથી ચ્યૂત્ નહિ થાય-અસત્‌નો આદર કદી નહિ કરે...સ્વરુપના સાધકો નિઃશંક અને નિડર હોય છે. સત્ સ્વરૂપની શ્રદ્ધાના જોરમાં અને સત્‌ના માહાત્મ્ય પાસે તેને કોઈ પ્રતિકૂળતા છે જ નહિ. જો સતથી જરાપણ ચ્યૂત થાય તો તેને પ્રતિકૂળતા આવી કહેવાય, પણ જે ક્ષણેક્ષણે સતમાં વિષેશ વિષેશ દ્રઢતા કરી રહ્યો છે તેને તો પોતાના બેહદ પુરુષાર્થ પાસે જગતમાં કાંઈ પણ પ્રતિકૂળ જ નથી. એ તો પરિપૂર્ણ સતસ્વરૂપ સાથે અભેદ થઈ ગયો-તેને ડગાવવા ત્રણ જગતમાં કોણ સમર્થ? અહો! આવા સ્વરૂપના સાધકોને ધન્ય છે!!

## દ્રવ્યત્વગુણ

**પ્રશ્નઃ**-જ્ઞાનીઓ કહે છે કે 'શરીર વગેરે પરવસ્તુના પરિણમનનો આત્મા કર્તા નથી, પણ તે વસ્તુઓ સ્વતંત્રપણે પરિણમ્યા કરે છે.' પરંતુ શરીર વગેરે પદાર્થો તો જડ છે, તેમાં જ્ઞાન નથી, તો જ્ઞાન વગર તેઓનું પરિણમન કેમ થાય? માટે જ્ઞાનવાળો જીવ તેનું પરિણમન કરે છે.

**ઉત્તરઃ**-જ્ઞાન હોય તો જ વસ્તુનું પરિણમન થાય એમ નથી, કેમકે પરિણમન તે જ્ઞાનગુણનું કાર્ય નથી પણ દ્રવ્યત્વગુણનું કાર્ય છે. વસ્તુમાં અનંતગુણો છે, જ્ઞાનગુણ અને દ્રવ્યત્વગુણ એ બંને જુદા છે. 'જ્ઞાન' તે જીવદ્રવ્યનો વિશેષ ગુણ છે અને તે જાણવાનું કાર્ય કરે છે. 'દ્રવ્યત્વ' તે સામાન્યગુણ છે અને તે જગતના બધા દ્રવ્યોમાં રહેલો છે, દ્રવ્યત્વ ગુણનું કાર્ય પરિણમન છે. બધા દ્રવ્યોનો દ્રવ્યત્વગુણ જુદો હોવાથી બધા દ્રવ્યોનું પરિણમન જાુદું છે.

જ્ઞાન અને દ્રવ્યત્વ એ બંને ગુણ જુદા હોવાથી બન્નેનું કાર્ય સ્વતંત્ર છે, તેથી જ્યારે જીવના જ્ઞાનની અવસ્થા ઊંધી હોય અર્થાત અજ્ઞાનરૂપ હોય ત્યારે પણ દ્રવ્યત્વગુણને કારણે તેનું પરિણમન તો સ્વતંત્રપણે જ થાય છે. કોઈ પર વસ્તુ જીવને અજ્ઞાનરૂપે પરિણમાવતી નથી; આ જીવ દ્રવ્યની વાત કરી. હવે પુદ્‌ગલ દ્રવ્યમાં જ્ઞાન ગુણ નથી, પરંતુ તેમાં દ્રવ્યત્વ ગુણ તો છે. તે દ્રવ્યત્વગુણની શક્તિથી જડવસ્તુનું પરિણમન સ્વતંત્રપણે તેના પોતાના કારણે સમયે સમયે થયા જ કરે છે, તેનો કર્તા કોઈ બીજો નથી.

જગતના દરેક દ્રવ્યમાં દ્રવ્યત્વગુણ હોવાથી દ્રવ્યનું પરિણમન સ્વતંત્ર જ છે, કોઈ બીજું દ્રવ્ય તેને પરિણમાવતું નથી. એટલે કે એક વસ્તુ બીજી વસ્તુનું કિંચિત પણ કરી શકતી નથી. 'એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરે છે' એમ જે માને છે તે વસ્તુના દ્રવ્યત્વગુણને જાણતા નથી અને જે ગુણને જાણતા નથી તેણે વસ્તુનુ સ્વરૂપ પણ જાણ્યું જ નથી, તેથી તેની માન્યતા ખોટી છે. આથી નીચેના પાંચ મહા સિદ્ધાંતો સિદ્ધ થાય છે.

૧-અનાદિથી માંડીને આજ સુધી કોઈ પર જીવને કે જડને કિંચિંત માત્ર લાભ કે નુકશાન કોઈ જીવે કર્યું નથી.

૨-અનાદિથી આજ સુધી કોઈ પર જીવે કે જડ વસ્તુએ કોઈ જીવને લાભ કે નુકશાન કર્યું નથી.

૩-અનાદિથી આજ સુધી અજ્ઞાની જીવોએ પોતામાં સતત એકલો નુકશાનનો ધંધો કર્યો છે અને જ્યાં સુધી આત્માની સાચી સમજણ નહિ કરે ત્યાં સુધી તે નુકશાનનો ધંધો ચાલ્યા કરશે.

૪-જીવે અનાદિથી જે નુકશાન કર્યું છે તે નુકશાન પોતાની ક્ષણિક અવસ્થામાં થયું છે, ત્રિકાળી વસ્તુમાં નુકશાન થયું નથી.

૫-આ પ્રમાણે જાણીને જીવ પોતાના ત્રિકાળી ચૈતન્ય સ્વરૂપ ધ્રુવસ્વભાવ તરફ લક્ષ કરે તો શુદ્ધતા પ્રગટે અને અશુદ્ધતા ટળે-એટલે કે અનાદિનું નુકશાન ટળે અને અટળ લાભ થાય.

# ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ

**શ્રી સોનગઢ જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટે તા. ૮-૯-૪૫ મીનીટ ૨૦ માં નીચેનો ઠરાવ કર્યો છે, તે સર્વે મુમુક્ષુઓની જાણ થવા અર્થે આ નીચે પ્રસિદ્ધ કરવામાં આવે છે.**

## ‘ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ’ તથા ‘શ્રી કુંદકુંદ મુમુક્ષુ નિવાસ’ સંબંધે

“ભગવાન શ્રી સદ્‌ગુરુ દેવશ્રીના પરમ સત્ય ઉપદેશનો લાભ લેવા જિજ્ઞાસુ જીવો, મુમુક્ષુ ભાઈઓ અને બહેનો દેશદેશાવરમાંથી મોટી સંખ્યામાં સોનગઢ આવે છે, તેમને માટે “શ્રી જૈન સ્વાધ્યાય મંદિર” નું હાલનું મકાન નાનું પડે છે અને ફાગણ, વૈશાખ તથા પર્યુષણ-પર્વનાં દિવસોમાં તો ખાસ કરીને મહેમાનો, યાત્રાળુઓની સંખ્યા એટલી બધી વધી જાય છે કે આ મકાન છેક નાનું પડે છે, તેથી સમાસ લાયક એક નવું મકાન બંધાવવાની ખરી જરૂરિયાત ઉભી થઈ છે, જેથી આ ટ્રસ્ટની પ્રોપર્ટી નં. ૬ ની તળાવીયા ખેતરની જમીનમાં આવું સમાસ લાયક મકાન બંધાવવાનું ઠરાવવામાં આવે છે, અને તેનું નામ “ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ” એવું રાખવામાં આવે છે. તે મંડપનો ઉપયોગ વ્યાખ્યાન ઉપરાંત બ્રહ્મચર્યાશ્રમ, શાસ્ત્રભંડાર તથા બીજા તેને લગતા ઉપયોગ માટે કરવામાં આવશે.

તેમજ પ્રોપર્ટી નં. ૫-સમિતિની ઉત્તરેના પ્લોટમાં તાજેતરમાં જે નવા ઓરડા, રસોડા સીંગલ રૂમ્સ બાંધી જેનું નામ “શ્રી કુંદકુંદ મુમુક્ષુ નિવાસ” રાખવામાં આવેલ છે તેમાં જે સગવડ છે, તે ઘણી જ ટુંકી પડતી હોવાથી તેમાં પણ વધારે મકાન બંધાવવાની જરૂર હોવાથી ત્યાં પણ બીજા રૂમ્સ વિગેરે બંધાવવાનું ઠરાવવામાં આવે છે.

આ બન્ને બાબતોમાં બધા મુમુક્ષુ ભાઈઓની સલાહ લેતાં બધાએ તે પ્રમાણે સગવડ કરવાની જરૂરિયાત સ્વીકારી તે મુજબ વહેલી તકે કામ શરૂ કરી દેવાની માગણી કરી છે.

ગયા વૈશાખમાં શ્રી ઇન્દોરથી શ્રીમાન શેઠજી સર હુકમીચંદજી સાહેબ, નાઈટ. સોનગઢ યાત્રાર્થે અને ઉપદેશ-લાભાર્થે સહકુટુંબ પધારેલા, તે વખતે પોતે આ ટ્રસ્ટને બહુ મોટા મનથી ઉત્સાહપૂર્વક નીચે લખ્યા મુજબ નામે રૂપિયા ત્રીશ હજારની મોટી ઉદાર રકમ અર્પણ કરી ગયા છે, અને તે રકમ “ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ” ના કામમાં વાપરવા પોતે ફરમાવી ગયેલ છે, માટે સદરહુ રકમ તે કામમાં વાપરવાનું ઠરાવવામાં આવે છે.”

| રૂપિયા | નામ | ગામ |
|---|---|---|
| ૧૨૫૦૧/- | શેઠજી સાહેબ શ્રી હુકમીચંદજી સાહેબ | ઇંદોર |
| ૧૨૫૦૧/- | લેડી કંચનબહેન, તે શ્રીમન્ત શેઠશ્રી હુકમીચંદજી સાહેબના ધર્મપત્ની | |
| ૫૦૦૧/- | શેઠાણીશ્રી પ્યારકુંવર બહેન, તે શેઠશ્રી હુકમીચંદજી સાહેબના નાનાભાઈ શેઠ કલ્યાણચંદજીના ધર્મપત્ની | |
| ૩૦૦૦૩/- | | |
| ૫૦૧/- | શેઠશ્રી ફત્તેહચંદજી | ઇંદોર |
| ૩૦૫૦૪/- | | |

**ઉપર પ્રમાણે મકાનો બાંધવાનું નક્કી થતાં મુમુક્ષુ ભાઈઓ તથા બહેનોએ ઉપરના કાર્યો માટે જે રકમો અર્પણ કર્યાનું જાહેર કરવામાં આવ્યું તેની વિગત આ સાથે જણાવેલ છે.**

| રૂપિયા | નામ | ગામ |
|---|---|---|
| ૧૦૦૦૨/- | શેઠ નેમીદાસ ખુશાલચંદ ૫૦૦૧/- તથા તેમના ધર્મપત્ની શ્રી કંચનબહેન ૫૦૦૧/- | પોરબંદર |
| ૭૫૦૧/- | ઝવેરી કાલીદાસ રાઘવજી | રાજકોટ |
| ૫૦૦૧/- | લાખાણી દામોદરભાઈ ચત્રભુજભાઈ તથા લાખાણી મુળજીભાઈ ચત્રભુજભાઈ | રાજકોટ |
| ૨૦૦૧/- | શેઠ ધનજીભાઈ ગફલભાઈ | વઢવાણ કેમ્પ |
| ૨૦૦૧/- | ,, જેઠાલાલ સંઘજીભાઈ | બોટાદ |
| ૧૦૦૧/- | વકીલ રામજીભાઈ માણેકચંદ દોશી | રાજકોટ |
| ૧૦૦૧/- | શેઠ નારણભાઈ કરશનજી | રાણપુર |
| ૧૦૦૧/- | ,, કુંવરજી જાદવજી | પાલેજ |
| ૧૦૦૧/- | બેન દુધીબહેન., તે શેઠ જેઠાલાલ સંઘજીના ધર્મપત્ની | |
| ૧૦૦૧/- | ,, સમતા બહેન, તે શેઠ માણેકલાલ સંઘજીના ધર્મપત્ની | |
| ૧૦૦૧/- | પારેખ લીલાધર ડાહ્યાભાઈ, હસ્તે જયાકુંવર બહેન. | |

| રૂપિયા | નામ | ગામ | રૂપિયા | નામ | ગામ |
|---|---|---|---|---|---|
| ૫૦૧/– | શેઠ પ્રેમચંદભાઈ મગનલાલ | રાણપુર | ૧૦૧/– | કામદાર વર્ધમાન જીવણભાઈ | ગઢડા |
| ૫૦૧/– | મોદી હરગોવિંદદાસ દેવચંદ | સોનગઢ | ૧૦૧/– | શેઠ અમુલખ લાલચંદ | જોરાવરનગર |
| ૫૦૧/– | શેઠ છોટાલાલ નારણદાસ | રાણપુર | ૧૦૧/– | ,, રામજીભાઈ પાનાચંદ | ભાવનગર |
| ૫૦૧/– | ,, ચુનીલાલ લક્ષ્મીચંદ | વઢવાણ કેમ્પ | ૧૦૧/– | ,, હીરાલાલ વાડીલાલ | મુંબઈ |
| ૫૦૧/– | ,, લાલજીભાઈ વાલજીભાઈ | લાઠી | ૧૦૧/– | ,, લક્ષ્મીચંદ રાજપાળ | લાઠી |
| ૫૦૧/– | ,, બાવચંદ જાદવજી | કુંડલા | ૧૦૧/– | બેન મણીબહેન દલપતભાઈ શેઠ | ધ્રાંગધ્રા |
| ૫૦૧/– | ,, ખીમચંદ જેઠાલાલ | રાજકોટ | ૧૦૧/– | મહેતા નથુભાઈ પરશોતમ | જામનગર |
| ૫૦૧/– | ,, ચુનીલાલ કાળીદાસ દેસાઈ | રાજકોટ | ૧૦૧/– | શેઠ ચુનીલાલ હઠીસીંગ | જામનગર |
| ૫૦૧/– | ,, ફુલચંદ ચતુરભાઈ | વઢવાણ કેમ્પ | ૧૦૧/– | વકીલ રતિલાલ ડાહ્યાલાલ | મોટા લીલીઆ |
| ૨૫૧/– | ,, અમૃતલાલ હંસરાજ | સુદામડા | ૧૦૧/– | શેઠ રતિલાલ ખીમચંદ | વઢવાણકેમ્પ |
| ૨૫૧/– | ,, વચ્છરાજભાઈ ગુલાબચંદ | ગોંડલ | ૧૦૧/– | ખુશાલદાસ મોતીચંદ શાહ હસ્તે ગંગાબહેન | સોનગઢ |
| ૨૫૧/– | ,, તલકચંદ અમરચંદ | લાઠી | ૧૦૧/– | શેઠ છગનલાલ કશળચંદ | બાવરાવાળા |
| ૨૫૧/– | ,, ગુલાબચંદ માણેકચંદ ઝોબાલિયા | વઢવાણ | ૧૦૧/– | ,, છગનલાલ લધુભાઈ | જામનગર |
| ૨૫૧/– | ,, પ્રેમચંદ લક્ષ્મીચંદ | વીંછીઆ | ૫૧/– | ,, હરજીવન પાનાચંદ | વઢવાણ |
| ૨૫૧/– | ,, લક્ષ્મીચંદ મુળજી | ભાવનગર | ૫૧/– | ડૉ. બળવંતરાય ઉમેદલાલ | કરાંચી |
| ૨૫૧/– | ,, મગનલાલ સુંદરજી | રાજકોટ | ૫૧/– | શેઠ ભાઈલાલ પરશોતમ | બરવાળાવાળા |
| ૨૫૧/– | ,, છોટાલાલ રાયચંદ | ચુડા | ૫૧/– | ,, નાગરદાસ શીવલાલ | બોટાદ |
| ૨૫૧/– | ,, સવાઈલાલ દલપતરામ દોશી | રાજકોટ | ૫૧/– | ,, દલીચંદ ભુદરભાઈ | થાન |
| ૨૫૧/– | ,, મગનલાલ લહેરાભાઈ દોશી | વઢવાણકેમ્પ | ૫૧/– | કામદાર અંબાલાલ હરખચંદ | ભડકવા |
| ૨૫૧/– | ,, ગલાલચંદ જેઠાભાઈ | જામનગર | ૫૧/– | શાહ જગજીવન જસરાજ | ચુડા |
| ૨૫૧/– | ,, સાકળચંદ દેવજીભાઈ વકીલ | રાજકોટ | ૫૧/– | ,, હરીચંદ મોતીચંદ | લાઠી |
| ૨૫૧/– | ,, હરગોવિંદદાસ ગફલભાઈ | વઢવાણકેમ્પ | ૫૧/– | ,, નાગરદાસ રામજી | લાઠી |
| ૨૫૧/– | ,, વકીલ લીલાધરભાઈ ખીમચંદ | જામનગર | ૫૧/– | શેઠ અમૃતલાલ જાદવજી | ગારીયાધાર |
| ૨૫૧/– | ,, જીવણલાલ મુળજીભાઈ | વઢવાણકેમ્પ | ૫૧/– | ,, શાન્તિલાલ કાલીદાસ | જેતપુર |
| ૨૫૧/– | બેન સમરતબહેન મુળજીભાઈ ખારા | અમરેલી | ૫૧/– | બેન માનકુંવર જાદવજી | ગોંડલ |
| ૨૦૧/– | શેઠ ગોકળદાસ જમનાદાસ હા મોહનલાલભાઈ | અમદાવાદ | ૫૧– | શેઠ રસીકલાલ નરોત્તમદાસ | ખસવાડા |
| ૨૦૧/– | ,, કેશવલાલ ગુલાબચંદ | દેહગામ | ૫૧/– | ,, બેચરલાલ ભાણજીભાઈ | કાળાવડ |
| ૨૦૧/– | ,, મગનલાલ વશરામ | લાઠી | ૫૧/– | ,, કરશનદાસ નથુભાઈ | વીંછીયા |
| ૧૫૧/– | કામદાર પરશોતમદાસ શીવલાલ ( વઢવાણવાળા ) | ભાવનગર | ૫૧/– | ,, શીવલાલ ચત્રભુજ | ગારીયાધાર |
| ૧૫૧/– | શેઠ અંબાલાલ ડાહ્યાભાઈ હસ્તે શ્રી સાંકુબહેન | ભાવનગર | ૫૧/– | ,, ગંભીરદાસ વલમજી | ગઢડા |
| ૧૫૧/– | ,, હાકમચંદ અમૃતલાલ કામદાર | બોટાદ | ૫૧/– | ,, મોહનલાલ વીઠલજી | જામનગર |
| ૧૨૬/– | દેશાઈ ભાઈચંદ જુઠાભાઈ | જેતપુર | ૫૧/– | ,, હંસરાજ ભગવાનજી | મોરબી |
| ૧૨૫/– | કાગદી જટાશંકર માણેકચંદ | જેતપુર | ૫૧/– | ,, હીરાલાલ ચુનીલાલ ભાયાણી | ભાવનગર |
| ૧૨૫/– | કામદાર ગોપાળજી લક્ષ્મીચંદ | ગઢડા | ૫૧/– | ,, જગજીવન કરશનજી | સાવરકુંડલા |
| ૧૨૫/– | ભાયાણી હરીલાલ જીવરાજ | ભાવનગર | ૫૧/– | ,, છગનલાલ મોનજી દેશાઈ | લાઠી |
| ૧૦૧/– | શેઠ પ્રાણલાલ રામજી | અમરેલી | ૫૧/– | ,, રતિલાલ નાગરદાસ | મીંયાગામ |
| ૧૦૧/– | ,, જીકુભાઈ બાલાચંદ | ગોંડલ | ૫૧/– | ,, જયંતિલાલ છબીલદાસ | વઢવાણ |
| ૧૦૧/– | ,, પોપટલાલ કેશવજી | | ૫૧/– | ,, શાંતિલાલ માણેકચંદ | વઢવાણ |
| ૧૦૧/– | ,, ધીરજલાલ હરજીવનદાસ | સુરત | ૫૧/– | ,, નીમચંદ મેઘજી | મુડી |
| ૧૧૧/– | ,, માણેકચંદ ધનજી | મોટા આંકડિયા | ૫૧/– | ,, લાભશંકર નરભેરામ મહેતા | રાજકોટ |
| ૧૦૧/– | મોદી નાગરદાસ દેવચંદ | સોનગઢ | ૫૧/– | ,, શાંતિલાલ ખીમચંદ દોશી | ભાવનગર |
| ૧૦૧/– | શેઠ મોહનલાલ સોમચંદ | મેઘવડીઆ | ૫૧/– | ,, મણીલાલ ચકુભાઈ હ.જવેરીબહેન | વઢવાણ કેમ્પ |

| રૂપિયા | નામ | ગામ |
|---|---|---|
| ૫૧/– | શેઠ મોનજી હીરજી | રાણપુર |
| ૫૧/– | ,, હરગોવિંદદાસ મુળચંદ | રાણપુર |
| ૫૧/– | ,, કેશવલાલ રાયચંદ | ભડકવા |
| ૫૧/– | કામદાર જયંતિલાલ હરીચંદ | ગઢડા |
| ૫૧/– | બેન મણીબહેન સુંદરજી | રાજકોટ |
| ૫૧/– | શેઠ ઉજમશી હીમજી | વઢવાણ કેમ્પ |
| ૫૧/– | બેન મણીબહેન ઉજમશી | વઢવાણ |
| ૫૧/– | શેઠ રમણીકલાલ જીવરાજ | ભાવનગર |
| ૫૧/– | ,, સુખલાલ જીવરાજ | ભાવનગર |
| ૨૫।। | કોઠારી દેવશી રામજીભાઈ | સોનગઢ |
| ૨૫/– | શેઠ ગુલાબચંદ તલકશી | જોરાવરનગર |
| ૨૫/– | બેન અજવાળી મણીલાલ | સોનગઢ |
| ૨૧/– | શેઠ લક્ષ્મીદાસ સુંદરજી | રાજકોટ |
| | પૂજ્ય બહેનશ્રી હસ્તક થયેલા ખરડાના રૂા.।। ૭૦૦૨/– જે બહેનોએ નોંધાવ્યા તેની વિગત. | |
| ૫૦૧/– | બેન જીણીબહેન હરજીવનદાસ | પોરબંદર |
| ૫૦૧/– | ,, જડાવબહેન નાનાલાલ જસાણી | રાજકોટ |
| ૫૦૧/– | ,, હરકુંવરબહેન બેચરલાલ જસાણી | રાજકોટ |
| ૫૦૧/– | ,, શીવકુંવરબહેન મોહનલાલ જસાણી | રાજકોટ |
| ૨૫૧/– | ,, ઝબકબહેન ત્રંબકલાલ શેઠ | રાજકોટ |
| ૨૫૧/– | ,, જયાકુંવરબહેન લીલાધર પારેખ | સોનગઢ |
| ૨૦૧/– | ,, પુતળીબાઈ રાજકોટવાળા ખીમચંદભાઈના માતુશ્રી | |
| ૧૫૧/– | ,, સમતાબહેન નારણદાસ શેઠ | રાણપુર |
| ૧૨૫/– | ,, મોતીબહેન તે શેઠ જગજીવન ચતુરના ધર્મપત્ની | |
| ૧૨૫/– | ,, રૂક્ષ્મણીબહેન. તે દોશી હરગોવન ગફલના ધર્મપત્ની | |
| ૧૨૫/– | ,, મણીબહેન | મુંબઈ |
| ૧૦૧/– | ,, મણીબહેન રણછોડદાસ મોદી | રાજકોટ |
| ૧૦૧/– | ,, કાશીબહેન દલીચંદ મોદી | રાજકોટ |
| ૧૦૧/– | ,, દુધીબહેન જેઠાલાલ | બોટાદ |
| ૧૦૧/– | ,, સમતાબહેન માણેકલાલ | બોટાદ |
| ૧૦૧/– | ,, જયાકુંવરબહેન દામોદર લાખાણી | રાજકોટ |
| ૧૦૧/– | ,, કસુંબાબહેન મુળજીભાઈ લાખાણી | રાજકોટ |
| ૧૦૧/– | ,, સમરતબહેન મોહનલાલ મગનલાલ | રાજકોટ |
| ૧૦૧/– | ,, ચંપાબહેન પ્રેમચંદ મગનલાલ | રાણપુર |
| ૧૦૧/– | ,, ગંગાબહેન ખુશાલદાસભાઈ | સોનગઢ |
| ૧૦૧/– | ,, અમરતબહેન લીલાધર | સોનગઢ |
| ૧૦૧/– | ,, ઝબકબહેન | ધ્રોળવાળા |
| ૧૦૧/– | ,, વિજ્યાબહેન હરગોવિંદ મોદી | સોનગઢ |
| ૧૦૧/– | ,, ચંદનબહેન કેશવલાલ | દેહગામ |
| ૧૦૧/– | ,, હરકુંવરબહેન અમરચંદ | ભાવનગર |
| ૧૦૧/– | ,, સુખીબહેન તે રામજીભાઈ દોશીના પુત્રી | રાજકોટ |
| ૧૦૧/– | શેઠ છોટાલાલભાઈના દીકરાની વહુઓ | નાગનેશ |
| ૧૦૧/– | બેન ગોમતીબહેન લાલજીભાઈ | લાઠી |

| રૂપિયા | નામ | ગામ |
|---|---|---|
| ૧૦૧/– | બેન વ્રજકુંવરબહેન જીવાલાલ | ઉમરાળા |
| ૧૦૧/– | ,, ગોદાવરીબહેન કુંવરજીભાઈ | પાલેજ |
| ૧૦૧/– | ,, રૂપાળીબહેન આણંદજી | પાલેજ |
| ૧૦૧/– | ,, કાન્તાબહેન છોટાલાલ | ચુડા |
| ૬૫/– | ,, ઝલુબહેન તે વીંછીયાવાળા પ્રેમચંદભાઈના બહેન | |
| ૫૧/– | ,, મોંઘીબહેન પ્રેમચંદ | વીંછીયા |
| ૫૧/– | ,, શારદાબહેન તે જગજીવનદાસ ચતુરના પુત્રી | |
| ૫૧/– | ,, ઝવેરીબહેન મણીલાલ | વઢવાણકેમ્પ |
| ૫૧/– | ,, ઝવલબહેન પ્રભુદાસ પારેખ | રાજકોટ |
| ૫૧/– | શેઠ ફુલચંદ ચતુરભાઈના દીકરાઓની વહુઓ | |
| ૫૧/– | બેન લીલાબેન તે જગજીવનભાઈના દીકરી | વઢવાણકેમ્પ |
| ૫૧/– | ,, નવલબહેન અમૃતલાલ પારેખ | રાજકોટ |
| ૫૧/– | ,, લક્ષ્મીબહેન જગજીવનદાસ | રાજકોટ |
| ૩૦/– | ,, કાન્તાબહેન | રાજકોટ |
| ૩૦/– | ,, જીજીબહેન | મોટા આંકડિયા |
| ૨૫/– | ,, મોતીબહેન | ધ્રાંગધ્રા |
| ૨૫/– | ,, રમાદેવી | |
| ૨૫/– | ,, નાનીબહેન ડાહ્યાભાઈ | લાઠી |
| ૨૫/– | ,, ઝવેરીબહેન ગુલાબચંદ | નાગનેશ |
| ૨૫/– | ,, નર્મદાબહેન તલકશી | લાઠી |
| ૨૫/– | ,, વ્રજકુંવરબહેન મગનલાલ | લાઠી |
| ૨૫/– | ,, મણીબહેન | વઢવાણ શહેર |
| ૨૫/– | ,, વિજ્યાબહેન તે રામજીભાઈના પુત્રી | રાજકોટ |
| ૨૫/– | ,, સમરતબહેન રેવાશંકર | ગોંડલ |
| ૨૫/– | ,, કાન્તાબહેન | |
| ૨૫/– | ,, વ્રજકુંવરબહેન નથુભાઈ | જામનગર |
| ૨૫/– | ,, ઘેલીબહેન તે શેઠ ફુલચંદ ચતુરના દીકરી | |
| ૨૫/– | ,, કમળાબહેન વનેચંદ | રાજકોટ |
| ૨૫/– | ,, કમળાબહેન જગદીશચંદ્ર પારેખ | રાજકોટ |
| ૨૫/– | ,, કુસુમબહેન | લીંબડી |
| ૨૫/– | ,, કંચનબહેન અમુલખ | જોરાવરનગર |
| ૨૫/– | ,, દુધીબહેન ધીરજલાલ | સુરત |
| ૨૫/– | ,, સાંકુબહેન અંબાલાલ | ભાવનગર |
| ૨૫/– | ,, ઉજમબહેન ચુનીલાલ | જામનગર |
| ૨૫/– | ,, લક્ષ્મીબહેન છગનલાલ | જામનગર |
| ૨૫/– | ,, ઉજમબા રાયચંદ ગાંધી | બોટાદ |
| ૨૫/– | શેઠ મગનલાલ સુંદરજીના ધર્મપત્ની | રાજકોટ |
| ૨૫/– | બેન હેમકુંવરબહેન | મોટા આંકડિયા |
| ૨૫/– | ,, શાન્તાબહેન | દેહગામ |
| ૨૫/– | ,, કાન્તાબહેન તે જગજીવનભાઈ ચતુરના પુત્રી | લીંબડી |
| ૨૫/– | ,, મોંઘીબહેન તે જગજીવન જસરાજના ધર્મપત્ની | |
| ૨૫/– | ,, મણીબહેન લાલજી બક્ષી | ધ્રાંગધ્રા |
| ૨૫/– | ,, સમતાબહેન | બરવાળા |

૨૫/– શેઠ ધનજી ગફલના માતુશ્રી વઢવાણકેમ્પ
૨૫/– બેન દીપુબહેન ઓઘડદાસ બોટાદ
૨૫/– સંઘવી ચંદુલાલ શીવલાલના માતુશ્રી વઢવાણશહેર
૨૫/– બેન ઝવેરીબહેન નાગનેશ
૩૧૫/–રૂા.।। પચીસ નીચેની રકમો બહેનોમાંથી આવેલી તે.

૭૦૦૨

૮૪૧૫૪।। કુલ
૧૫૦૨/– કરાંચીવાળા શેઠ મોહનલાલ વાઘજી ૧૦૦૧/– તથા તેમના ધર્મપત્ની ડાહીબેન ૫૦૧/–
૨૫૧/– શેઠ હેમચંદભાઈ ચત્રભુજ ગારિયાધાર

૮૫૯૦૭।। કુલ

## ( રકમો આવવી ચાલુ છે )

**આ ઉપરાંત ધર્મ પ્રભાવનાનો જોરદાર પ્રવાહ મુમુક્ષુ ભાઈ બહેનો તરફથી પર્યુષણ પર્વમાં ચાલ્યો હતો અને તે કારણે નીચેની વિગતે રકમો મળી હતી.**

૧૫૪૮/– શ્રી જ્ઞાન ખાતામાં તથા જ્ઞાન પૂજામાં આવેલ રકમ
૩૯૧૮/– શ્રી આરતીમાં તથા ભંડાર આદિમાં આવેલ રકમો
૧૨૦૦૦/– શ્રી કુંદકુંદ મુમુક્ષુ નિવાસમાં ઓરડાઓ વીગેરે બાંધવામાં આવ્યા છે તેના ખર્ચને પહોંચી વળવામાટે આવેલી ભેટ.
૭૪૩૩/– શ્રી જૈન અતિથિ સેવા સમિતિને અંગે ચાલતા રસોડા ખર્ચને અંગે આવેલી રકમો
૨૬૬૧/– શ્રી પર્યુષણપર્વમાં સ્વામીવત્સલ માટે આવેલી રકમો
૫૬૩—૧–૦ શેઠ કુંવરજી આણંદજી, પાલેજ એકદીનના
૧૦૭૮–૭–૦ શેઠ નેમીદાસ ખુશાલદાસ, પોરબંદર ,,
૧૦૧૯–૮–૦ પારેખ લીલાધર ડાહ્યાભાઈ હા. જયાકુંવરબેન

૨૬૬૧–૦–૦
૧૭૬૪/– શ્રી જૈન અતિથિ સેવા સમિતિના સભ્યોના લવાજમના આ સાલે જમા આવ્યા તે.

૧૧૫૨૩૧।। કુલ રૂપિયા એકલાખ પંદરહજાર બસો સાડીએકત્રીશ

**ઉપર મુજબ આ પર્યુષણપર્વમાં મુમુક્ષુ ભાઈ બહેનોએ ધર્મ વૃદ્ધિની ભાવનાથી ઉદાર રકમો ભરી છે તેથી તેમનો સર્વનો આભાર માનવાની રજા લઉં છું.**

## રામજી માણેકચંદ દોશી

**પ્રમુખ**

**શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ : શ્રી જૈન અતિથિ સેવાસમિતિ**
**સોનગઢ**

## દ્ર....વ્ય....દ....ષ્ટિ

“દરેક દરેક દ્રવ્ય જુદાં છે, એક દ્રવ્યને બીજા દ્રવ્ય સાથે ખરેખર કાંઈ સંબંધ નથી” આમ જે યથાર્થપણે જાણે તેને દ્રવ્યદૃષ્ટિ થાય અને દ્રવ્યદૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન થાય, જેને સમ્યગ્દર્શન થાય તેનો મોક્ષ થયા વગર રહે નહિ, તેથી સૌથી પહેલાં વસ્તુનું સ્વરૂપ જાણવું જરૂરી છે.

‘દરેક દ્રવ્ય જુદાં છે, એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી’ આમ માનતાં– આત્મા સર્વ પરદ્રવ્યથી ભિન્ન છે તેમજ દરેકે દરેક પુદ્ગલપરમાણુ જુદા છે, બે પરમાણુ ભેગા–એકરૂપ થઈને કદી કાર્ય કરતાં નથી, પણ દરેક પરમાણુ સ્વતંત્ર જુદો જ છે–એમ વસ્તુ સ્વભાવનું જ્ઞાન થાય છે.

જીવને વિકારભાવ થવામાં નિમિત્તરૂપ વિકારી પરમાણુઓ [ સ્કંધ ] થઈ શકે, પરંતુ દ્રવ્ય અપેક્ષાએ જોતાં દરેક પરમાણુ છૂટો જ છે– બે પરમાણુ ભેગા થયા જ નથી અને એક છૂટો પરમાણુ કદી વિકારનું નિમિત્ત થઈ શકતો નથી એટલે કે દરેક દ્રવ્ય ભિન્ન છે એવી સ્વભાવદૃષ્ટિથી કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્યના વિકારનું નિમિત્ત પણ નથી. આ રીતે દ્રવ્યદૃષ્ટિથી કોઈ દ્રવ્યમાં વિકાર છે જ નહિ, જીવ દ્રવ્યમાં પણ દ્રવ્યદૃષ્ટિથી વિકાર નથી. પર્યાયદૃષ્ટિથી જીવને અવસ્થામાં રાગ દ્વેષ થાય છે અને તેમાં કર્મ નિમિત્તરૂપ થાય છે પરંતુ પર્યાયને ગૌણ કરી જ્યારે દ્રવ્યદૃષ્ટિથી જોવામાં આવે ત્યારે કર્મ કાંઈ વસ્તુ જ ન રહી કેમકે તે તો સ્કંધ છે અને તેના દરેક પરમાણુઓ જુદે જુદું કાર્ય કરે છે તેથી જીવને વિકારનું નિમિત્ત કોઈ દ્રવ્ય ન રહ્યું અર્થાત્ સ્વ તરફથી લેતાં જીવ દ્રવ્યમાં વિકાર જ ન રહ્યો. આ રીતે દરેક દ્રવ્ય ભિન્ન છે એવી દૃષ્ટિ એટલે કે દ્રવ્યદૃષ્ટિ થતાં રાગ–દ્વેષની ઉત્પત્તિનું કારણ જ રહ્યું નહિ એટલે દ્રવ્યદૃષ્ટિમાં વીતરાગભાવની જ ઉત્પત્તિ રહી.

અવસ્થાદૃષ્ટિથી–પર્યાયદૃષ્ટિથી અથવા તો બે દ્રવ્યોના સંયોગી કાર્યની દૃષ્ટિમાં રાગ–દ્વેષાદિ ભાવો થાય છે; ‘કર્મ’ અનંત પુદ્ગલોનો સંયોગ છે તે સંયોગ ઉપર કે સંયોગી ભાવ ઉપર લક્ષ કર્યું ત્યારે રાગ–દ્વેષ થાય છે, પણ જો અસંયોગ એટલે કે દરેક પરમાણુ ભિન્ન ભિન્ન છે એવી દૃષ્ટિ કરે [ ખરેખર પોતાના અસંયોગી આત્મ સ્વભાવની દૃષ્ટિ કરે ] તો રાગ–દ્વેષ થાય નહિ, પણ તે દ્રષ્ટિના જોરે મોક્ષ જ થાય...માટે દ્રવ્યદૃષ્ટિનો અભ્યાસ તે પરમ કર્તવ્ય છે.

: : : પરમ પૂજ્ય સદગુરૂદેવ શ્રી કાનજી સ્વામીનું પ્રવચન : : :

# સુખનું સ્વરૂપ ને તેનો ઉપાય

## શ્રી સમય પ્રાભૃત ગાથા ૨૧૮–૨૧૯ ૨૪૭૧ ભાદ્રપદ સુદ ૨ શનિવાર તા. ૮–૯–૪૫

**જગતના બધા જીવો સુખ ચાહે છે અને તે સુખ ટળે નહિ એવું કાયમી ચાહે છેઃ હવે કોઈ જીવો એમ માને છે કે ‘મારે સુખ જોઈએ છે’ અને કોઈ એમ માને છે કે ‘મારે સુખ રૂપ થવું છે’ આ બે માન્યતા વચ્ચે ફેર છે. પોતે સ્વયં શાશ્વત સુખરૂપ સ્વધીન છે તેની જેને ખબર નથી તે તો ‘સુખ જોઈએ છે’ એવી માન્યતાથી-અસંતોષથી બહારમાં સુખ શોધે છે; અને તે સુખના સાધન-ઉપાય પણ પરાશ્રયથી માને છે તેથી તેની દ્રષ્ટિ પર સંયોગ ઉપર જ રહે છે, એ પરાધીન દ્રષ્ટિવાળો સ્વાધીન સુખનો અંશ પણ પામી શકતો નથી એ અહીં કહેવામાં આવે છે.**

ધર્મ જોઈએ છે એમ જેણે માન્યું છે તેની સંયોગ ઉપર દ્રષ્ટિ છે એટલે કે–બહારથી ધર્મ કરી લઉં, પરની દયા કરૂં, રક્ષા કરૂં, કોઈના આશીર્વાદ મેળવું તો કલ્યાણ થાય, ઘણા પુણ્ય કરૂં તો સુખ થાય એમ પર વસ્તુ વડે ધર્મ ( સુખ ) માગે છે અને તેથી તે જીવ પર સંબંધ રહિત સુખસ્વરૂપે થઈ શકતો નથી; પણ જ્યારે જીવ પોતે જ પોતાને શાશ્વત સુખસ્વરૂપે ઓળખે અને મારા સુખસ્વરૂપી આત્માની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેમાં રમણતા વડે હું જ સ્વયં સુખરૂપે થઈ જઉં–એવો મારો સ્વભાવ છે. એમ આત્મભાન કરે ત્યારે સ્વાધીન દ્રષ્ટિ થાય એટલે તેને સુખ માટે કાંઈ ઇચ્છવાનું રહેતું નથી.

પુણ્ય–પાપના વિકારથી સુખ નથી, દયા, પૂજા વગેરે પુણ્યરાગ અને હિંસા વગેરે પાપરાગ તે બધી વિકારી લાગણીઓ છે તેમાંથી સુખ મેળવવાનું જે માને છે તે જીવ ઊંધી માન્યતાવાળા છે. આત્મા જ નિત્ય સુખરૂપ છે, સંયોગ અને ક્ષણિક વિકારરૂપે આત્મા નથી, તેથી વિકારમાં આત્માનું સુખ નથી. ‘મારે સુખરૂપ થવું છે’ એમાં એમ આવ્યું કે પોતાથી જ પોતે સુખરૂપ છે, કોઈ પર પદાર્થની સુખ માટે જરૂર નથી. સુખરૂપ થનારો પોતે એકલો; તેમાં પુણ્ય જોઈએ, પર જોઈએ, બીજાની મદદ જોઈએ–એ બધું હોય તો પોતે સુખરૂપ થાય એવું કાંઈ ન આવ્યું, પણ પોતે જેવા સ્વરૂપે છે તેવા સ્વરૂપે સમજીને ઠરે તો સહજ આનંદરૂપ પ્રગટદશા થાય એટલે કે પોતે સુખરૂપ પરિણમે.

અહીં શ્રી સમયસારજીની ૨૧૮ મી ગાથામાં સુવર્ણનું દ્રષ્ટાંત લીધું છે. જેમ પરમાણુઓમાં સુવર્ણરૂપ અવસ્થાનો સ્વભાવ જ એવો છે કે શુદ્ધરૂપે પોતે જ સોનાપણે સ્વયં થાય છે તેમ જ્ઞાનીનો સ્વભાવ એટલે કે આત્મા જ્ઞાનાનંદ મૂર્તિ છે એના ભાનરૂપ જ્ઞાન અવસ્થાનો સ્વભાવ જ નિત્ય સ્વતંત્રપણે જ્ઞાન આનંદરૂપે સ્વયં થવાનો છે.

અહીં અવસ્થાના સ્વભાવનું વર્ણન કર્યું છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શની અવસ્થાપણે પરમાણુ જ થનાર છે, તે પોતે જ તે રૂપ થાય છે. વર્ણાદિ ગુણ અને તેને ધારણ કરનાર ગુણી–વસ્તુ તે કાયમી ટકનાર છે અને તે જ નવી અવસ્થારૂપે સુવર્ણ–વગેરે રૂપે થાય છે, તેને તે રૂપ બહારથી મેળવવું પડતું નથી–સ્વભાવે જ તે રૂપ થાય છે. જેમાં છે તે પ્રગટ દશારૂપે થાય છે. બહારથી મેળવવું પડતું નથી. માટીને ઘડારૂપે થવામાં પરની જરૂર નથી, પરમાણુઓ માટીપણું પલટી ઘડારૂપે સ્વયં થાય છે. જો ઘડારૂપે થવામાં તેને પરની જરૂર હોય તો કુંભાર–ચક્રાદિ પર વસ્તુમાંથી ઘડાપણું આવે, એ રીતે પરાધીનતા થાય. પણ પરાધીન કોઈ ચીજ ત્રણ કાળમાં નથી. માટે પરમાણુઓમાં ઘડારૂપે થવાની શક્તિ છે તે સ્વયં પ્રગટ થાય છે. વસ્તુની ક્રમબદ્ધપર્યાય થાય છે તેમાં નિમિત્તની વાટ જોવી પડતી નથી. સોનાનો સ્વભાવ દાગીનારૂપે થવાનો છે માટે તે સ્વયં થાય છે. સોનું જ દાગીનારૂપે પરિણમી જાય છે. પરમાણુઓ પલટતાં પલટતાં એની મેળે સોનારૂપે થાય છે. તે સોનાનો સ્વભાવ જ અલિપ્ત છે. સુવર્ણને કાદવમાં નાખો તો પણ તે કાદવથી ખરડાતું નથી. તે સુવર્ણરૂપે રહે છે–કાદવરૂપે થતું નથી. તેમ જ કાદવવડે સુવર્ણમાં મલિનતા થતી નથી. તેમ જ્ઞાની પોતાના ત્રિકાળી સ્વતંત્ર સ્વભાવને સર્વથી જુદો જાણે છે, પોતે જ સુખસ્વરૂપે છે તેથી બહારથી કાંઈ મેળવવા માગતો નથી; પરના સંયોગમાં રહ્યો હોવા છતાં જ્ઞાનીને કોઈ પર અજ્ઞાનરૂપ કરવા સમર્થ નથી. જ્ઞાની સ્વયમેવ જ્ઞાનરૂપે જ થાય છે. અજ્ઞાનીઓની બાહ્ય સંયોગ ઉપર દ્રષ્ટિ છે તેથી સુખ માટે તેઓ સંયોગ મેળવવાની ઇચ્છા કર્યા કરે છે, પરંતુ અસંયોગી તત્ત્વને સુખસ્વરૂપે તેઓ જાણતા નથી.

પોતાની સ્વાધીન સત્તાની મહત્તા નહિ દેખતા થકા અજ્ઞાની એમ માને છે કે–મારા સુખ માટે દેવ–ગુરુ–શાસ્ત્ર જોઈએ, હું એકલો શું કરૂં? શરીર નિરોગી જોઈએ, બાહ્ય ત્યાગ અને શરીરની ક્રિયા વડે ધર્મ મેળવું. આ રીતે અજ્ઞાની પોતાને નમાલો, રાંકો, શક્તિહીન, તૂચ્છ ગણી કાઢે છે, બધા પરને માને પણ હું કોણ તે ન જાણે. બધા પરની તાકાતથી મારૂં સુખ થાય–એટલે મારામાં કાંઈ તાકાત નથી–એમ અજ્ઞાનીની માન્યતા છે. પરંતુ તારામાં નથી તો આવશે કયાંથી?

હું એકલો મારાથી પૂર્ણ છું, અનંતગુણનો શાશ્વત સ્વાધીન ભંડાર છું, મારે મારા સુખ માટે કોઈ બીજાની જરૂર નથી, દેવ, ગુરુ, શાસ્ત્ર તરફના શુભ વિકલ્પની પણ જરૂર નથી–એમ પ્રથમ સ્વાધીન સ્વભાવને ઓળખીને હા તો પાડ. હજી તો સત્યનો સ્વીકાર કરવાની, સાચી ઓળખાણ કરવાની આ વાત છે. પોતાના ઘરની વાત છે, લોકોએ ધર્મને મોંઘો કલ્પી રાખ્યો છે, સત્ય સાંભળ્યું નથી, રુચિ કરી નથી તેથી અમને ન સમજાય એમ પહેલેથી આડ નાખીને આત્માની દરકાર કરતા નથી.

બધા આત્મા સ્વતંત્ર ભગવાન છે, ક્ષણિક વિકાર જેટલા નથી, પણ પોતે જે સ્વભાવે છે તેનાથી બીજારૂપે કદી થનાર નથી એમ જો સ્વભાવને નક્કી કરે તો પોતે જે ધર્મરૂપે છે તે જ અવસ્થારૂપે પોતાને થવું છે, તેમાં કોઈ પર નિમિત્તની કે રાગની અવસ્થારૂપે થવાની જરૂર નથી. એટલે કે ધર્મ સ્વાધીન છે.

મારે ધર્મરૂપે–સુખરૂપે થવું છે. ધર્મરૂપે થવાનો મારો સ્વભાવ છે. પુણ્ય–પાપના વિકારી ભાવને ઠીક માનવાં અને તેમાં સુખ માનવું તે ઊંધી માન્યતા જ મહાપાપરૂપ, અધર્મ અને દુઃખ છે.

ધર્મરૂપે મારે થવું છે, કોઈ પર ચીજ મારા ધર્મને કરનાર નથી પણ હું જ ધર્મરૂપે મારા વડે થનાર છું. મારે એકલાએ ધર્મરૂપે થવું છે, ધર્મથી જાુદું પડવું નથી–એટલે દેવ–ગુરુ–શાસ્ત્રાદિ કોઈ મારારૂપે અને હું તે પરરૂપે થનાર નથી. સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રની અવસ્થારૂપે થનાર હું એકલો જ છું, તે માટે મારે પર સાધનની જરૂર નથી તેમ જ કોઈની વાટ જોવી પડે તેવું મારૂં સ્વરૂપ નથી. હું સ્વાધીન છું, મારા ધર્મથી હું કદી ખાલી નથી. આ પ્રમાણે ઓળખાણ તે જ ધર્મ છે.

વિકારરૂપે થવામાં સંયોગની રુચિ છે–તેમાં દુઃખ છે. અને ધર્મરૂપે એટલે કે સુખરૂપે થવામાં અસંયોગી અવિકાર સ્વભાવની રુચિ છે. "મારે ધર્મરૂપે થવું છે" તેમાં એમ પણ આવ્યું કે હું વર્તમાન પ્રગટ ધર્મરૂપ થયો નથી. શક્તિરૂપે ધર્મસ્વરૂપ પૂર્ણ છે. આત્મામાં બેહદ તાકાત અનંત અક્ષય સુખરૂપ ધર્મ ભર્યો છે તે સ્વભાવને ઓળખીને તેમાં એકાગ્ર થતાં ધર્મરૂપ પર્યાય પ્રગટે છે અર્થાત્ આત્મા પોતે ધર્મરૂપે થાય છે.

આ નિર્જરાનો અધિકાર છે. શુદ્ધ અખંડ ધ્રુવ આત્મસ્વભાવની સાચી દ્રષ્ટિના જોરે શુદ્ધતાની વૃદ્ધિ અને અશુદ્ધતાની હાનિ તે નિર્જરા છે. નીચલી સાધક દશામાં નિરાલંબી સ્વરૂપની શ્રદ્ધા–જ્ઞાન બરાબર છે પણ વીતરાગપણે સંપૂર્ણ સ્થિરતા કરી શકતો નથી ત્યાં અશુભ પાપરાગથી બચવા સાચા દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિ, પૂજા, પ્રભાવના વગેરેમાં શુભરાગ થાય છે પરંતુ ભાવના તો અરાગીપણે સ્થિર રહેવાના પુરુષાર્થની છે અર્થાત્ પુણ્ય–પાપના વિકલ્પો રહિત પૂર્ણ ધર્મરૂપે થવાની છે.

પરના સંબંધ વગર અને ક્ષણિક પુણ્ય–પાપની લાગણી રહિત અક્ષય સુખરૂપ–ધર્મરૂપ થનાર હું એકલો છું–એમ નક્કી કરતાં કોઈ સામગ્રી તરફ જોવાનું ન રહ્યું. પરાશ્રય રહિત પોતાના સ્વાધીન સ્વભાવની પહેલાં પ્રતીત કરે તો જેવો સ્વભાવ છે તે રૂપે થવા માટે પોતાના સ્વભાવમાં જોવાનું રહ્યું. કાંઈ શુભાશુભ ભાવ થાય ત્યાં એમ જાણે કે તે ભાવ મારા પુરુષાર્થની વર્તમાન નબળાઈથી બાહ્ય લક્ષ વડે થાય છે, પરંતુ મારા ધર્મરૂપે તે ભાવ થતો નથી. મારા ધર્મસ્વરૂપના અંતર લક્ષે એકાગ્રતા કરીને ઢળું તો હું તે ધર્મરૂપે થાઉં છું. પર ચીજ, દેહાદિની ક્રિયા તે સર્વે તેનાપણે [ પરપણે ] થાય છે, મારાપણે તે થનાર નથી. પુણ્ય–પાપની લાગણી તે દુઃખ છે, આકુળતા છે, ક્ષણિક વિકાર છે, હું ત્રિકાળ અવિકારી છું, તે ક્ષણિક વિકારપણે હું થનાર નથી.

આ પ્રમાણે બધામાંથી સુખદ્રષ્ટિ ઉપાડી લઈને નિરૂપાધીક ધર્મ સ્વરૂપના લક્ષે ટકનારો સ્વયં

એકલો સુખરૂપે થાય છે, અને તે જ વર્તમાન ધર્મ છે. ધર્મરૂપે થવા માટે આત્માને પરની જરૂર પડતી નથી. જ્ઞાનીને પરથી જુદા પોતાના સ્વભાવનું જ્ઞાન શ્રદ્ધાન હોવાથી તે પોતે જ જ્ઞાનરૂપે પરિણમેલ છે, તેને કોઈ સંયોગ અજ્ઞાનરૂપે કરવા સમર્થ નથી–આ વાતને અહીં દ્રષ્ટાંતપૂર્વક વિસ્તારથી સમજાવી છે.

જેમ પુદ્‌ગલની સુવર્ણરૂપ અવસ્થાનો સ્વભાવ કાદવ વગેરેથી મલિન થવાનો નથી, તેથી સુવર્ણ અન્યના સંયોગ ટાણે પણ સુવર્ણપણે જ પરીણમે છે, કાદવનો સંયોગ તેને મલિનતારૂપે કરવા સમર્થ નથી, તેમ ધર્મી એટલે કે આત્માની ધર્મરૂપ થયેલી અવસ્થાનો સ્વભાવ સ્વયં સુખરૂપ અને જ્ઞાનરૂપ જ થવાનો છે. ત્રિકાળ અનંત ગુણની મૂર્તિપણે છું, ક્ષણિક રાગની લાગણીપણે નથી તેમ જ પરથી બગડું-સુધરૂં એવો નથી–એમ સ્વાધીન ધર્મની શ્રદ્ધાના બળ વડે જ્ઞાની સુખરૂપ પોતે થાય છે. સુખ માટે કોઈ પર ક્ષેત્ર કે કાળ ઉપર જોવાનું રહેતું નથી.

લોકો પણ ધર્મની વ્યાખ્યા કરતાં કહે છે કેઃ–

**ધર્મ વાડીએ ન નીપજે ધર્મ હાટે ન વેચાય**

**ધર્મ વિવેકે નીપજે જો કરીએ તો થાય...**

ધર્મ કરીએ–એનો અર્થ ધર્મરૂપે થઈએ. સ્વતંત્રપણે કરે તે કર્તા છે, એટલે કે જે સ્વતંત્રપણે કાર્યરૂપે થાય તે કર્તા છે. આત્મા ધર્મ કરે એટલે કે આત્મા સ્વયં ધર્મરૂપ થાય. સત્ સ્વરૂપને ઓળખી નિરૂપાધિક ધર્મરૂપ કાર્ય કરનાર પોતે ધર્મરૂપે થાય કે કોઈ બીજો ? કોઈ દેવ–ગુરુ કે શાસ્ત્ર તારા ધર્મરૂપે થનાર નથી.

પ્રથમ શ્રદ્ધામાં પરિપૂર્ણ સુખ સ્વરૂપને સ્વાધીનપણે નક્કી કરે અને પરમાં સુખબુદ્ધિરૂપ મિથ્યા માન્યતાનો સર્વથા ત્યાગ કરે તો તે પોતે શ્રદ્ધામાં ધર્મરૂપ થાય એટલે–પૂર્ણતાના લક્ષે અંશે નિર્મળતારૂપ જે સ્વભાવ પ્રગટ કર્યો તે રૂપે પોતે થયો. હવે જેટલી અધૂરી અવસ્થા રહી તેને સ્વરૂપ સ્થિરતાના જોરે પલટીને પૂર્ણ નિર્મળતારૂપે–સુખસ્વરૂપે જ થવાનું પોતાને રહ્યું, પણ કોઈ શરીર–મન–વાણી વગેરે પરરૂપે કે શુભાશુભરાગરૂપે થવાનું પોતાને સુખ માટે રહ્યું નહિ. જેની આવી દ્રષ્ટિ થઈ તે ધર્મી જીવ ગમે તેવા સંયોગમાં હોય છતાં કોઈ પર તેને લાભ–નુકશાન કરવા સમર્થ નથી, તેના જ્ઞાનને અજ્ઞાનરૂપ કરવા કોઈ સમર્થ નથી; આત્મામાં જ સુખરૂપ દ્રષ્ટિ થઈ છે તેથી પરમાં તે અનુકૂળતા–પ્રતિકૂળતા જોતો નથી. પુણ્ય અને પુણ્યના ફળને પણ તે ઇચ્છતો નથી, તેથી સ્વભાવથી જ તે ધર્મરૂપ થાય છે.

જેમ કોઈ પાપ ભાવ છોડી પુણ્ય ભાવ કરે તેના ફળમાં દેવાદિ પદ મળે છે અને પાપભાવ કરે તેના ફળમાં નરકાદિ મળે છે– તે બંને વિકાર ભાવ જેમ સફળ છે તેમ પુણ્ય–પાપના વિકાર રહિત નિરાલંબી જ્ઞાયક સ્વભાવને પૂર્ણ સુખ સ્વરૂપે ઓળખી તેની શ્રદ્ધારૂપે જે કોઈ થાય છે તેને ધર્મની શરૂઆત પોતામાં થાય છે–તેથી તે પોતામાં સફળ છે. પુણ્ય–પાપ બંને વિકાર હોવાથી તેનું ફળ બાહ્ય સંયોગમાં જાય છે અને સાચી શ્રધ્ધા–જ્ઞાન તે સ્વભાવ હોવાથી તેનું ફળ સ્વમાં આવે છે.

પોતે જે–રૂપે થઈ શકે છે તે સ્વરૂપને ઓળખવાથી પોતે તે–રૂપે થાય છે, તે પોતાનું સ્વરૂપ હોવાથી પોતા પાસે રહેશે. અને જે પોતાનું સ્વરૂપ નથી તે વિકારભાવરૂપે પોતે થતો નથી અર્થાત્ તે વિકારભાવ પોતા પાસે રહેતા નથી. શરીર–મન–વાણીરૂપે કે દેવપદની ધૂળરૂપે તું થઈ શકતો નથી માટે તેની રુચિ છોડ તો તે તારી પાસે નહિ રહે. અહીં એમ આશય છે કે–રાગભાવ વડે પરનો સંબંધ મળે, પરંતુ સ્વભાવભાવથી–ગુણથી બહારનું કાંઈ ન મળે, અંદર છે તે સ્વરૂપ પ્રગટ થાય.

જે જીવ પોતાને પરાશ્રયવાળો માને છે અને વિકારીભાવરૂપે થનારો પોતાને માને છે તેની દ્રષ્ટિ પરાશ્રીત સંયોગ તરફ હોવાથી તે પર તરફની પુણ્ય–પાપની વિકારી લાગણીરૂપે બદલ્યા કરે છે અને પરાશ્રયપણું મારૂં સ્વરૂપ નથી, હું સ્વાધીન સુખસ્વરૂપે છું–એમ ત્રિકાળ અસંગ સ્વભાવનું જે જીવ ભાન કરે તે જીવ સ્વયં આત્મધર્મરૂપે થાય છે. પોતે જ જ્ઞાનાનંદથી પરિપૂર્ણ છે એવી દ્રષ્ટિને ઘૂંટતા ક્ષણિક વિકારનો ક્ષય થતો જાય છે અને આત્મા પોતે જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે તથા વીતરાગતા અને કેવળજ્ઞાન અવસ્થારૂપે થાય છે. જે–રૂપે પોતે થાય તે સ્વરૂપ પોતાને પૂરેપૂરો માનવો તથા અવસ્થાએ તે રૂપે થવાની શ્રધ્ધા કરવી

---

## સુધારો-અંક-૨૪

'આત્મધર્મ' અંક ૨૪ પાનું ૧૯૫ કોલમ ૧ માં "શ્રદ્ધાથી ધર્મીપણું છે–ત્યાગથી ધર્મીપણું નથી" એવું મથાળું છે તેને બદલે આ પ્રમાણે સુધારીને વાંચવા વિનંતિ છે–"સાચી શ્રદ્ધા વગરના ત્યાગથી ધર્મીપણું નથી."

અને જે રૂપે પોતે ન થાય તે રૂપે ન થવાની શ્રધ્ધા કરવી તે ધર્મીનું લક્ષણ છે.

આ તો આઠ વર્ષના બાળકને પણ સમજાય તેવી વાત છે. જેને રુચિ થાય તે બધા સમજે છે. કોઈ કહે કે મારે મોક્ષ જોઈએ છે! તો શું તારે બહારથી મોક્ષ લાવવો છે? શું લોકાગ્રે મુક્તિશીલાના પત્થર પર જવું તે મોક્ષ છે? કે પોતે ઓળખાણ કરી પૂર્ણ પવિત્ર દશાસ્વરૂપે પ્રગટ થવું તે મોક્ષ છે? મોક્ષદશારૂપે થનાર આત્મા છે. પુણ્ય-પાપના વિકારભાવ સંયોગના લક્ષે થાય છે-તે બંધભાવ છે, તે બંધભાવથી મુક્તિ એટલે કે અશુદ્ધતાનો ત્યાગ અને સંપૂર્ણ શુદ્ધતાનું ગ્રહણ તો ચિદાનંદ ધ્રુવ આત્મસ્વભાવના લક્ષે થાય છે.

ભગવાનશ્રી કુંદકુંદાચાર્યદેવ અહીં સુવર્ણ અને લોખંડનું દૃષ્ટાંત આપી સ્વભાવની સ્વતંત્રતા બતાવે છે કે કોઈ પર વડે કોઈમાં ફેરફાર થતો નથી. જે પરમાણુઓ સ્વયં સુવર્ણરૂપે થયા છે તેને કાદવ વડે કાટ લાગી શકતો નથી કેમકે સોનાનો સ્વભાવ જ કાટ લાગવાનો નથી. તેમ જ્ઞાની ધર્માત્માની દૃષ્ટિ નિત્યનિરાલંબી જ્ઞાનાનંદ સ્વભાવ ઉપર છે તેથી તે સ્વયં જ્ઞાનરૂપ પરિણમે છે, કોઈ પરથી લાભ-નુકશાન માનવારૂપ અજ્ઞાન કે રાગ-દ્વેષ મમતારૂપે તેને કરવા કોઈ સમર્થ થતું નથી.

જેના આધારે ધર્મ રહે અથવા જે ધર્મરૂપ સ્વયં થાય તે ધર્મી. નિત્ય જ્ઞાન અને સુખરૂપ થનારો હું જ છું એવી જેને સ્વની શ્રદ્ધા છે તે પોતાના સુખ માટે પર સામગ્રી ઇચ્છતો નથી, પુણ્ય-પાપ વિકારરૂપે થવાનું ઇચ્છતો નથી માટે તે કોઈ કાળે મલિન થતો નથી, પણ સ્વભાવ દૃષ્ટિના જોરે તેને શુદ્ધિની વૃદ્ધિ જ થાય છે. અલ્પ અશુદ્ધતા છે તેની મુખ્યતા નથી. શ્રધ્ધામાં પરિપૂર્ણ સ્વાશ્રયી જ્ઞાન સ્વભાવરૂપે થયો તેની મુખ્યતા વર્તે છે, પછી નબળાઈના કારણે રાગ રહે તે પોતાના કારણે અસ્થિરતાનો રાગ છે, પર સામગ્રીને લઈને રાગ નથી. રાગ રહિત સ્વભાવરૂપે થનાર છું એવી સ્વરૂપની પ્રતીતિમાં રાગપણે થવાનું જોતો નથી એટલે પરલક્ષે અટકતો નથી. એક તરફ રામ અને એક તરફ ગામ. એટલે એક તરફ સ્વાશ્રીત સ્વભાવરૂપ ધર્મદૃષ્ટિ અને બીજી તરફ પરાશ્રીત વિકારરૂપ અધર્મદૃષ્ટિ, તેને જુદા પાડે છે. જે ધર્મી છે તેની સ્વાશ્રીતદૃષ્ટિ હોવાથી તેને કોઈ પર દ્રવ્યો પ્રત્યે અભિપ્રાયથી રાગ નથી, એટલે તે રાગરહિત સ્વભાવપણે જ થનાર છે. સર્વત્ર નિરાલંબી આત્મા ઉપર દૃષ્ટિ છે ત્યાં સર્વ પ્રત્યે રાગનો નકાર વર્તે છે. અને અજ્ઞાનીની પરાશ્રીત દૃષ્ટિ હોવાથી તે અભિપ્રાયથી સર્વ પ્રત્યે રાગ-દ્વેષ કરે છે.

ધર્માત્મા ગૃહસ્થદશામાં હોય તો પણ નિરંતર સર્વ તરફથી નિઃશંક અને નિર્ભય છે કે મને રાગ-દ્વેષ-અજ્ઞાનરૂપ કરવા કોઈ સમર્થ નથી, કારણ કે હું પરપણે થનારો નથી, નિત્ય સ્વપણે થનારો છું. વર્તમાન નબળાઈના કારણે રાગ થઈ જાય તે રાગનો રાગ ધર્મીને નથી, અને શુભાશુભ રાગના ફેરફારથી મારા શાશ્વત એકરૂપ જ્ઞાયક સ્વરૂપમાં કાંઈ ફેરફાર થઈ જતો નથી. હું ત્રિકાળ એવો ને એવો જ છું, વિકારનો હું નાશક છું પણ રક્ષક નથી. જેને રાગનો રાગ છે તેને સ્વભાવની દૃઢતા નથી પણ રાગનો આદર છે તેથી તે રાગને છોડવા માગતો નથી. સાક્ષાત્ ભગવાનની હાજરી મને રાગનું કારણ છે એમ જેણે માન્યું તેણે પરના કારણે રાગ માન્યો છે-તે અજ્ઞાન છે. કેમકે જો પોતે રાગરૂપ સ્વયં ન થાય તો કોઈ પર તેને રાગરૂપ કરવા સમર્થ નથી. ધર્મી જીવ જાણે છે કે સાક્ષાત્ ભગવાનની હાજરી મને રાગનું કારણ નથી, અસ્થિરતાની નબળાઈ છે તે તોડીને સ્વરૂપમાં હું ઠરી શક્તો નથી એટલે કે પ્રયત્ન ઓછો છે માટે રાગ આવે છે. જો આ ક્ષણે જ પ્રયત્ન વડે રાગ તોડીને ઠરી જાઉં તો મારે ભગવાન પ્રત્યેના રાગમાં રોકાવું નથી. ભગવાન ભલે બિરાજે, તેના કારણે મને રાગ નથી. મને કોઈ રાગરૂપે કરવા સમર્થ નથી. તે આ ગાથામાં કહ્યું છેઃ-

**છો સર્વ દ્રવ્યે રાગવર્જક, જ્ઞાની કર્મની મધ્યમાં;**
**પણ રજ થકી લેપાય નહિ, જ્યમ કનક કર્દમ મધ્યમાં.-૨૧૮**
**પણ સર્વદ્રવ્યે રાગશીલ, અજ્ઞાની કર્મની મધ્યમાં;**
**તે કર્મ રજ લેપાય છે, જ્યમ લોહ કર્દમ મધ્યમાં.-૨૧૯**

ટીકાઃ-જેમ ખરેખર સુવર્ણ કાદવ મધ્યે પડયું હોય તો પણ કાદવથી લેપાતું નથી (અર્થાત તેને કાટ લાગતો

---

## આજીવન બ્રહ્મચર્ય

સાં-૨૦૦૧ ના ભાદરવા સુદ ૫ ના રોજ દામનગરના કામદાર લલુભાઈ નાગરદાસ [ઉ. વ. ૫૦] તથા તેમના ધર્મપત્ની કેસર બેન [ઉ. વ. ૪૦] તેઓએ સજોડે પૂ. સદ્‌ગુરુદેવશ્રી સમીપે આજીવન બ્રહ્મચર્ય અંગીકાર કર્યું છે.

નથી ) કારણ કે તે અલિપ્ત રહેવાના સ્વભાવવાળું છે, તેવી રીતે જ્ઞાની કર્મની મધ્યે રહ્યો હોય તો પણ કર્મથી લેપાતો નથી કારણ કે સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ત્યાગરૂપ સ્વભાવપણું હોવાથી જ્ઞાની અલિપ્ત રહેવાના સ્વભાવવાળો છે. જેમ લોખંડ કાદવ મધ્યે પડયું થકું કાદવથી લેપાય છે ( અર્થાત્ તેને કાટ લાગે છે ) કારણ કે તે લેપાવાના સ્વભાવવાળું છે, તેવી રીતે ખરેખર અજ્ઞાની કર્મ મધ્યે રહ્યો થકો કર્મથી લેપાય છે કારણ કે સર્વ પર દ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ગ્રહણરૂપ સ્વભાવપણું અજ્ઞાનીને હોવાથી અજ્ઞાની લેપાવાના સ્વભાવવાળો છે.

ધર્મી જીવ કોઈ પ્રકારનો રાગ કરવા જેવો માનતો નથી. દેવ–ગુરુ–શાસ્ત્ર પણ સામગ્રીમાં જાય છે. અહો ! મેં શ્રી સમયસારજીની સ્થાપના કરી અને તેમને પધરાવ્યાં, હવે તે પ્રત્યેનો રાગ કેમ તોડાય ? એમ માને તો તે ઊંધી દ્રષ્ટિનો રાગ છે, કેમકે તેમાં રાગ કરવા જેવો માન્યો અને સામગ્રીથી રાગ થાય એમ માન્યું. જ્ઞાનીઓ અંશમાત્ર રાગ કોઈ પણ પ્રત્યેનો કરવા જેવો માનતા નથી. કોઈ પણ રાગ મારી શાંતિનું કારણ નથી એવી દ્રષ્ટિ જાગૃત હોવાથી જ્ઞાની રાગથી લેપાતો નથી, તેને રાગની ભાવના કે હોંશ થતી નથી.

જેમ કોઈ સંસાર પ્રત્યેનો રાગ કરવા જેવો માને છે તેમ જો કોઈ દેવ–ગુરુ–શાસ્ત્ર ઉપરનો રાગ કરવા જેવો માને તો તે મિથ્યાદ્રષ્ટિ છે. દેવ–ગુરુ–શાસ્ત્રની ભક્તિ થોડી કરી, પરજીવની દયા થોડી પાળી માટે મોક્ષ અટકયો છે એમ નથી, તેમજ મારાથી ઘણા જીવો ધર્મ સમજે તો હું વહેલો મોક્ષ જાઉં–એ માન્યતા પણ ભ્રમ છે, વળી મેં ઘણી હિંસા કરી છે માટે જ્યાં સુધી બધા પ્રાણીઓ મને ક્ષમા ન આપે ત્યાં સુધી મારાથી વિકલ્પ તોડીને મુક્તિ ન થઈ શકે–એ માન્યતા પણ ભૂલ છે–એ બધામાં સંયોગથી અને પરથી જીવ પોતાનો ધર્મ માને છે, તેથી તે અજ્ઞાન છે. સહુ પોતાવડે પોતાના ભાવમાં નુકશાન કરે છે અને પોતાનો અજ્ઞાનભાવ પલટાવીને તે નુકશાન પોતે ટાળી શકે છે.

હું મારી ભૂલથી વિકારરૂપે દુઃખી થનાર છું અને ભૂલરહિત સ્વભાવના ભાન વડે ભૂલ ટાળીને અવિકારી સુખરૂપે થનાર હું જ છું–આવો જેને નિર્ણય છે તેને પર સામે જોવાનું રહેતું નથી. પર જીવ ક્ષમા આપે કે ન આપે પણ “હું જ્ઞાન સ્વરૂપ છું” અને મારા જ્ઞાનનો સ્વભાવ રાગને છોડવાનો છે” એવા ભાન દ્વારા સ્થિરતા કરીને પોતે રાગ રહિત વીતરાગ થઈ જાય છે. તીર્થંકર ભગવાન હાજર હોય ત્યાં સુધી શુભરાગ ન છૂટે અથવા તો પર જીવ ક્ષમા ન કરે તો મોક્ષ અટકે એમ જેણે માન્યું તેણે પોતાને રાગરૂપ થનાર માન્યો છે એટલે કે તે રાગને પોતાનું સ્વરૂપ માને છે. સર્વ પ્રકારની વિરોધરૂપ માન્યતા ટાળી હું સ્વયં વીતરાગી શ્રદ્ધા–જ્ઞાન–સ્થિરતારૂપે થનાર છું એમ જેણે જાણ્યું તે ખરેખર કોઈ તરફના રાગમાં અટકનાર નથી, તે રાગરૂપે થનાર નથી પણ જ્ઞાનરૂપે જ થનાર છે. મારું હોવાપણું–થવાપણું નિત્ય સ્વ સ્વભાવપણે છે પણ કોઈ પરમાંથી મેળવવું પડે કે રાગ કરું તો ટકે એવું મારું સ્વરુપ નથી–આવી નિર્દોષ દ્રષ્ટિ તે ધર્મ છે, અને ધર્મીનો સ્વભાવ સર્વ પ્રકારના રાગના ત્યાગરૂપે રહેવાનો છે.

જુઓ, ભાઈ ! આવું પરમ સત્ય માનવામાં અને સમજવામાં અપૂર્વ ધર્મ છે. ધર્મરૂપે થનાર ધર્માત્માનો અંતર અભિપ્રાય કેવો હોય તે સમજવાની આ વાત છે. ધર્મી એટલે સમ્યગ્દ્રષ્ટિ આત્મા પોતે જ સ્વભાવથી વિકારના ત્યાગ સ્વરૂપે અને જ્ઞાનપણે થનાર સ્વભાવવાળો છે. પોતાના સ્વભાવની શ્રદ્ધાના જોરે તે સાક્ષાત્ નિર્મળતાનો ઉત્પાદક [ નિર્મળતારૂપે થનાર ] અને અશુદ્ધતાનો નાશક છે, તેથી તેને નિર્જરા જ છે અને તે અલ્પકાળમાં પૂર્ણ સ્વભાવની અબંધદ્રષ્ટિના જોરે પૂર્ણ સુખ સ્વરૂપ થાય છે. જે પોતે જ સુખ સ્વરૂપે થાય છે તેને સુખ માટે કોઈ વિકલ્પ, મન–વાણી–દેહ, દેવ–ગુરુ–શાસ્ત્ર કે ક્ષેત્ર–કાળના સંયોગની જરૂર નથી.

અહો ! આ તો ભગવાન આત્માની, બધાની સ્વતંત્રતાની વાત છે. સહુના ઘરની સુખરૂપ વાત છે. હું એકલો પૂર્ણ સુખસ્વરૂપ છું, મારે કોઈની જરૂર નથી, હું જ મારાથી મહિમાવંત છું, ક્ષણિક વિકારથી મારો મહિમા નથી. આ વાતને જીવે પ્રીતિથી ધારણ કરી તેનું મનન કરી અંતરમાં મહિમા લાવી નિઃસંદેહ નિર્ણય કરવો જોઈએ.

---

## આજીવન બ્રહ્મચર્ય

સાં–૨૦૦૧ ના ભાદરવા સુદ ૫ ના રોજ લીંબડીવાળા ભાઈ કેશવલાલ છોટાલાલ [ ઉ. વ. ૪૭ ] તથા તેમના ધર્મપત્ની મરઘા બેન [ ઉ. વ. ] તેઓએ સજોડે પૂ. શ્રી સદ્‌ગુરુદેવશ્રી સમીપે આજીવન બ્રહ્મચર્ય અંગીકાર કર્યું છે.

ધર્મની વસ્તુસ્થિતિ તો ત્રણેકાળ આમ જ છે એમ પ્રથમ જ્ઞાન–શ્રદ્ધાન વડે આત્મામાં ઉત્કૃષ્ટપણે બહુમાન લાવી સાચો નિર્ણય કરે તો ધર્મરૂપે–સુખરૂપે થનારને જે સ્વરૂપે કબુલ્યો અને પ્રતીતમાં લીધો તે રૂપે તે થાય જ થાય. માટે વસ્તુસ્વરૂપ જે રીતે છે તે રીતે સમજી તે રૂપે થવું તે જ બધાને માટે કલ્યાણનો સનાતન મૂળ માર્ગ છે.

સર્વદ્રવ્યથી ભિન્ન મારા સ્વરૂપમાં જ સુખ છે, સર્વ દ્રવ્યપ્રત્યે રાગ કરનાર હું નથી અર્થાત્ કોઈ પ્રકારનો રાગ તે મારું કર્તવ્ય નથી એવી શ્રદ્ધારૂપ પ્રથમ થવું જોઈએ. સાચી સમજણ થયા પછી તરત જ બધો રાગ ન ટળી શકે ત્યાં અશુભ ભાવોથી બચવા નિર્દોષ દેવ, ગુરુ, શાસ્ત્રની ઓળખાણ સહિત ભક્તિ, પૂજા, વ્રત વગેરે પ્રકારના શુભરાગ આવે પણ જ્ઞાનીને તે રાગની રુચિ કે ભાવના નથી. કેમકે જ્ઞાનીનો સ્વભાવ સર્વ દ્રવ્ય પ્રત્યેનો રાગ છોડવાનો છે, જ્ઞાનીને નિરાલંબી વીતરાગ સ્વરૂપે થવાની ભાવના છે. સર્વદ્રવ્યના આલંબન રહિત સ્વાધીન મારૂં સ્વરૂપ છે એવી નિરાલંબન સ્વરૂપની દ્રષ્ટિ અને સ્થિરતારૂપે થનાર હું છું–એવો નિઃસંદેહ નિર્ણય પ્રથમ આત્મામાં જે કરે તે રાગરહિત વીતરાગ સ્વરૂપે પરિણમે છે.

શ્રી સમયસારજીની છેલ્લી ગાથામાં કહ્યું છે કે–

**“આ સમય પ્રાભૃત પઠન કરીને, અર્થ-તત્ત્વથી જાણીને;**

**ઠરશે અરથમાં આતમા જે, સૌખ્ય ઉત્તમ તે થશે. ૪૧૫**

સર્વ શાસ્ત્રોના નીચોડરૂપ આ સમયસારજીમાં સર્વજ્ઞ ભગવાને કહ્યા અનુસાર જે લાયકજીવ ચૈતન્ય પ્રકાશરૂપ આત્માને અર્થ અને તત્ત્વથી જાણીને–સ્વભાવ શું અને અવસ્થા શું તે જાણીને પોતાના સ્વભાવમાં પુણ્ય–પાપરહિતની શ્રદ્ધા–જ્ઞાન સ્થિરતાપણે ઠરશે તે આત્મા પોતે જ ઉત્તમ સુખરૂપ થશે. અહીં “તે આત્માને સુખ મળશે” એમ નથી કહ્યું પરંતુ “તે પોતે જ સુખરૂપ થશે” એમ કહીને સુખ અને આત્માનું અભેદપણું બતાવ્યું છે, એટલે આત્માને કયાંય બહારથી સુખ આવતું નથી પણ આત્મા પોતે જ સુખમય છે એમ બતાવ્યું છે. સુખગુણ આત્માનો છે તેને કોઈ બીજો લઈ ગયો નથી કે આત્માને પોતાના સુખ માટે બીજાની જરૂર પડે! સ્વભાવથી પોતે સુખસ્વરૂપ છે માટે કોઈ પાસે રાંકાઈ કે ઓશિયાળ કરવાની જરૂર નથી. તેમ જ સુખ માટે કોઈ સંયોગ મેળવવા પડતા નથી. મુક્તિ એટલે સર્વ વિભાવથી છૂટા થવું તે, અથવા તો બધા દુઃખથી છૂટીને પૂર્ણ સુખરૂપ થવું તે. સુખ સ્વમાં પરિપૂર્ણ છે તે પ્રગટ થાય છે, કાંઈ સિદ્ધ શિલામાંથી સુખ આવતું નથી.

આત્માને કોઈ બહારના સંયોગમાંથી સુખ આવતું નથી. જો બહારથી સુખ મળતું હોય તો સુખ પણ સંયોગી ચીજ છે એમ ઠરે, પરંતુ સુખ તો આત્માનો સ્વભાવ છે, એ કોઈ સંયોગથી ઉત્પન્ન થતું નથી. આત્મા પોતે જ સુખસ્વરૂપે છે તેથી પોતાને સુખરૂપ થવા માટે કોઈ પરચીજની કે પરચીજ તરફના વલણની આત્માને જરૂર નથી. સ્વાધીન સ્વરૂપે આત્મા સુખી છે. સોનું જેમ સ્વભાવથી–પોતાની શક્તિથી જ મલિનતાના ત્યાગરૂપ સ્વભાવે પરિણમેલું છે તેથી કાદવના સંગમાં રહેવા છતાં તેને કાટ લાગતો નથી, તેમ સ્વભાવથી જ જ્ઞાનરૂપે પરિણમેલા આત્માનો સર્વ રાગના ત્યાગરૂપ સ્વભાવ છે તેથી ગમે તેવા સંયોગમાં હોવા છતાં તે જ્ઞાનરૂપ જ પરિણમે છે, અસ્થિરતાનો રાગ હોવા છતાં તેનો સ્વભાવ રાગના ત્યાગરૂપ છે, પરિપૂર્ણ સ્વભાવની ભાવનામાં ક્ષણિક રાગની ભાવના નથી. માટે કહ્યું કે–જ્ઞાનરૂપે થયેલા આત્માનો સ્વભાવ સર્વ પરદ્રવ્યોપ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ત્યાગરૂપ છે.

અજ્ઞાનીને સ્વ–પરની જુદાઈનું ભાન નથી, જ્ઞાન અને રાગનો વિવેક નથી, પોતાનો સ્વાધીન જ્ઞાનસ્વભાવ જ સુખમય છે એવી પ્રતીત નથી તેથી તેને સંયોગ અને રાગની રુચિ છે તથા તેની ભાવના છે તેથી સર્વ પરદ્રવ્ય પ્રત્યે કરવામાં આવતો જે રાગ તેના ગ્રહણરૂપ તે અજ્ઞાનીનો સ્વભાવ છે. [ અહીં જ્ઞાનરૂપ અવસ્થા અને અજ્ઞાનરૂપ અવસ્થા એ બંને અવસ્થાનું સ્વરૂપ સમજાવ્યું છે. ] અજ્ઞાની પરદ્રવ્યથી સુખ–દુઃખ માનતો હોવાથી સર્વ પરદ્રવ્યો પ્રત્યે અમર્યાદપણે રાગ–દ્વેષ કરીને તે દુઃખી જ થાય છે. જેમ લોઢારૂપ વર્તમાન અવસ્થાનો સ્વભાવ કાદવના સંયોગે કાટરૂપ થવાનો છે–[ અહીં એ ધ્યાન રાખવું કે કાદવ પોતે લોઢાને કાટરૂપ કરતો નથી પરંતુ લોઢારૂપ તે પર્યાયનો સ્વભાવ જ કાટરૂપ થવાનો છે તેથી તે કાટ–

---

## આજીવન બ્રહ્મચર્ય

સાં. ૨૦૦૧ ના ભાદરવા સુદ ૧૪ [ અનંત ચતુર્દશી ] ના રોજ જામનગર ના ભાઈ જયંતીલાલ હીરાચંદ ભણશાળી [ ઉ. વ. ૪૨ ] તથા તેમના ધર્મપત્ની બેનકુંવર બેન [ ઉ. વ. ૩૬ ] તેઓએ સજોડે પૂ. સદ્‌ગુરુદેવશ્રી સમીપે આજીવન બ્રહ્મચર્ય અંગીકાર કર્યું છે.

રૂપ થાય છે] તેમ અજ્ઞાનની ક્ષણિક અવસ્થારૂપે થયેલા અજ્ઞાનીનો વર્તમાન અવસ્થામાં પરાશ્રિત દ્રષ્ટિથી વિકારરૂપ થવાનો સ્વભાવ છે. કોઈ પરદ્રવ્ય તેને વિકારરૂપ કરતું નથી પણ પોતે જ સ્વાધીન લક્ષને ચૂકેલો હોવાથી પરાશ્રયે વિકારી થાય છે. 'હું અવિકારી અસંગ સ્વરૂપે ત્રિકાળ છું' એની અજ્ઞાનીને ખબર નથી અને પર પ્રત્યે રાગ–દ્વેષરૂપે હું થનાર છું, મને પરથી સુખ–દુઃખ થાય છે, સંયોગના ફેરફારે મારા ભાવમાં ફેરફાર થાય છે–એમ તે પોતાને પરાશ્રિત માને છે અને પરને લીધે હું વિકારરૂપ થાઉં છું એમ જેણે માન્યું તેણે પોતાને પરથી જુદો ન માન્યો, તેથી પર લક્ષ છોડીને સ્વરૂપમાં તે ઠરી શકે નહિ, માટે તે અજ્ઞાનીનો સ્વભાવ સર્વ પર દ્રવ્યો પ્રત્યે રાગ કરવાનો છે. એક તરફ પરિપૂર્ણ સ્વ અને બીજી તરફ સર્વ પર–એમ બે ભાગ પાડી વહેંચણી કરીને ભેદવિજ્ઞાન જ અહીં કરાવે છે. આજની વાત બહુ જ સરસ શૈલિથી આવી છે, આજના ન્યાયો વારંવાર વિચારીને ઓગાળવા જેવા છે, અંતરમાં મનન કરી નિર્ણય કરવાનો છે.

દરેક પદાર્થ પોતાના સ્વરૂપે છે અને પરના સ્વરૂપે ત્રણકાળમાં નથી–એ મૂળ સત્ય છે. દરેક આત્મા પરથી ત્રિકાળ જુદા છે માટે પરવડે કોઈને કોઈ રીતે લાભ–નુકશાન થઈ શકે નહિ. બધા આત્મા પોતાના સ્વરૂપથી ભગવાન જ્ઞાનાનંદ પૂર્ણ સામર્થ્યવાન છે, ક્ષણિક વિકાર પૂરતા નથી, વિકારરૂપે થનાર નથી. વર્તમાનમાં મોક્ષ–સ્વરૂપ છે; આવી આત્મસ્વરૂપની વાત પોતાના આત્મામાં બેઠી છે એવા ઘણા જીવો તૈયાર થયા છે, મુક્તિની મંડળી તૈયાર થઈ છે. આ તો સનાતન સત્ય જાહેરમાં મૂકાય છે. બધા આત્મા સ્વભાવે મોક્ષસ્વરૂપ છે તે સ્વભાવની શ્રદ્ધા–જ્ઞાન અને તેની અરાગી સ્થિરતારૂપ થનાર હું સ્વયં છું એવી શ્રદ્ધા કરીને આત્મામાં પરમાનંદદશાની પ્રસિદ્ધિ કરવાનો ઢંઢેરો પીટાય છે.

અજ્ઞાનીની દ્રષ્ટિ સંયોગ ઉપર છે તેથી તે પોતાનું સ્વાધીન સુખસ્વરૂપ વાસ્તવિકપણે કબુલી શક્તો નથી. જેવું સ્વરૂપ છે તેવું જોતો નથી. જેવું પરિપૂર્ણ પોતાનું સ્વરૂપ છે તેવું જ જાણવું–માનવું અને તેમાં જરાય વિપરીતતાનો સ્વીકાર ન થવા દેવો એ જ જાગૃતિરૂપે આત્મધર્મનો અનંત પુરુષાર્થ કર્યા કરવાની સત્ ક્રિયા છે. આત્મા અંતરંગ જ્ઞાનાનંદ સ્વરૂપે છે, દેહાદિરૂપે કે પુણ્ય–પાપરૂપે નથી. એની રુચિ અને પ્રતીત અજ્ઞાનીને નથી તેથી તેનું લક્ષ પર ઉપર છે, પરરૂપે થનાર છું એમ પોતાને માને છે તેથી સુખ માટે તે સંયોગ માગે છે.

પેટમાં રોટલા પડે તો શાંતિથી ધર્મ થાય, સારૂં વાતાવરણ હોય તો સદ્વિચારો આવે, પણ રસોઈના કામ કરતાં કરતાં કાંઈ સારા ભાવ આવે? જો ભગવાનની પ્રતિમા પાસે જઈએ તો શુભભાવ થાય–એ વગેરે પ્રકારે અજ્ઞાની નિરંતર પરાલંબી દ્રષ્ટિ વડે પોતાનું સુખ પરાધીન માને છે. અનાદિની એવી પરાશ્રિત દ્રષ્ટિ વડે સાક્ષાત્ તીર્થંકરની ધર્મસભામાં ગયો ત્યાં પણ સ્વાધીન સ્વરૂપમાં સુખ છે એવી સ્વાધીન તત્ત્વ દ્રષ્ટિ કરી નહિ, અને કંઈક પુણ્ય જોઈએ તથા અમુક સંયોગ હોય તો ઠીક એવી પરાશ્રિત બુદ્ધિરૂપ ઊંધી માન્યતાની પક્કડ છોડી નહિ, તેથી જ દુઃખી થઈને રખડયો.

જે પરથી પોતાને સુખ માને તે પર ઉપરથી દ્રષ્ટિ કેમ ઉઠાવશે? પર ઉપરથી દ્રષ્ટિ ઉપાડયા વગર અજ્ઞાન ટળે નહિ. અને અજ્ઞાનભાવે જે જે પદાર્થોને અનિષ્ટ–ખરાબપણે જેણે માન્યા તે બધા પ્રત્યે દ્વેષ કરવા જેવો તેણે માન્યો છે. પરપદાર્થના કારણે જેણે નુકશાન માન્યું તેણે પરપદાર્થ મને દ્વેષ કરાવે એમ માન્યું છે તેથી તે દ્વેષ ટાળી શકશે નહિ. અજ્ઞાની અનંત પરપદાર્થોમાં અનુકૂળ–પ્રતિકૂળપણાના ભાગલા પાડીને સર્વ પ્રત્યે રાગ–દ્વેષ કરે છે તેથી વર્તમાન અજ્ઞાનદશાનો સ્વભાવ (લોઢાના દ્રષ્ટાંતે) સર્વ પ્રત્યે રાગ–દ્વેષ કરી કર્મથી લેપાવાનો છે, અજ્ઞાની રાગની રુચિ છોડતો નથી, અજ્ઞાનીનું લક્ષણ જ રાગને કર્તવ્ય માનવાનું છે. જેણે પરથી પોતામાં સુખ દુઃખ માન્યું તેણે પર મારામાં પેસી મારા પણે થાય છે અને મારા ગુણ પરમાં જાય છે એમ માન્યું છે, પણ વસ્તુની સ્વાધીનતાને તેણે માની નથી.

નિમિત્ત એટલે પરવસ્તુ. પરવસ્તુથી લાભ નુકશાન માન્યું તેણે, નિમિત્તો હું સારા મેળવું તો મને સુખ થાય, પરનું ગ્રહણ–ત્યાગ હું કરી શકું, પરને મારા તાબે કરીને તેની વ્યવસ્થા રાખી શકું એટલે કે પરપદાર્થોનો સંબંધ મેળવીને તે બધા સાથે રાગ–દ્વેષ કર્યા કરૂં–એમ માન્યું, તે ઊંધી દ્રષ્ટિરૂપ મહા અજ્ઞાનમાં ચૈતન્ય સ્વરૂપની અનંતી હિંસા કરનાર મહાપાપ છે, અને તે મહાપાપરૂપ દ્રષ્ટિ જ સંસારના અનંતા જન્મ–મરણના ગર્ભમાં ગળાવાનું મૂળ છે.

આ વાત બહુ સરસ છે, આત્મસ્વરૂપની વાત અપૂર્વ છે, સમજવા જેવી છે. રુચિપૂર્વક એક કલાક સાંભળવામાં ધ્યાન રાખે તોય મહા પુણ્ય બંધાય અને તેના ફળમાં ફરી આત્મ હિતની પરમ સત્ય વાત સાંભળવાના

ટાણાં મળે. અને-જે જીવ આ સત્ય વાતનો પોતાના જ્ઞાનમાં નિર્ણય કરી, સાચી સમજણ વડે પોતાના હિત-અહિતનો વિવેક કરે અને સત્યનું બહુમાન તથા મહિમા લાવી વિચારે તેને તો અપૂર્વ કલ્યાણસ્વરૂપ સમ્યગ્દર્શન-આત્મભાન થાય અને તેને નિર્જરા રૂપ ધર્મ થાય. સત્ય સમજવા તરફ રુચિ કરી તેનું બહુમાન લાવી વિચાર કરે તો જીવ ધર્મ સન્મુખ થાય અને તેમાં નિર્જરા પણ થાય છે. સત્યની રુચિ, અને બહુમાન ક્યારે થાય ? કે જો તેની (સત્યતાની) કિંમત થાય તો.

આજે ઘણું સુંદર વ્યાખ્યાન આવ્યું છે. જ્ઞાની અને અજ્ઞાનીના સ્વરૂપની ઓળખાણ આપી છે. અજ્ઞાનીને નિમિત્તાધીન સુખબુદ્ધિ છૂટતી નથી એટલે તે બહારથી સુખ મેળવવા માગે છે. શરીરાદિ સારાં રહે અને શ્રવણ સારૂં હોય તો મને સુખ થાય એમ તે માનતો હોવાથી પરપદાર્થનો સંબંધ અને રાગ કરવાનો તે કામી છે, સંગ અને વિકારથી તે છૂટવા માગતો નથી, માટે લોખંડની જેમ અજ્ઞાની રાગથી લેપાવાના સ્વભાવવાળો છે, તેથી તે રાગના અને પરના સંબંધવાળો-પરાધીન દુઃખી જ રહે છે. અને જ્ઞાનીને શુદ્ધ સ્વાધીન દૃષ્ટિ અને અંતરભાન પ્રગટ હોવાથી તે કોઈ પણ પરદ્રવ્ય પ્રત્યે રાગ-દ્વેષ કરવા જેવો માનતો નથી. સ્વદ્રવ્યમાં પરિપૂર્ણ સ્વાધીન સુખ માનતો હોવાથી તે સ્વમાં જ ઠરવા માગે છે, તેથી સુવર્ણની જેમ તે રાગના ત્યાગરૂપ સ્વભાવવાળો છે. અસ્થિરતાની વૃત્તિ થઈ જાય તેનો તે નાશક છે. આ રીતે દૃષ્ટિના ફેરથી જ્ઞાની અને અજ્ઞાનીમાં આકાશ-પાતાળ જેવડો મહાન તફાવત છે, તે અહીં સમજાવ્યું છે.

★

## વીર સાં. ૨૪૭૧ ના પર્યુષણ દરમિયાન પૂ. સદ્‌ગુરુદેવ

।। ૐ ।।

श्री सद्‌गुरुदेवने अत्यंत

: भक्तिए नमस्कार :

### શ્રી કાનજી સ્વામીનાં વ્યાખ્યાનો

ભૈયા ભગવતીદાસજી કૃત

# ઉપાદાન-નિમિત્તનો સંવાદ

**શ્રાવણ વદ ૧૩ : તા. ૫-૯-૪૫**

આ ઉપાદાન-નિમિત્તનો સંવાદ છે. ઉપાદાન અને નિમિત્ત એ બંનેનો ઝગડો અનાદિથી છે. ઉપાદાન એમ કહે છે કે જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ ગુણોની સંભાળ કરવાથી આત્માનું કલ્યાણ રૂપી કાર્ય થાય. નિમિત્ત એમ કહે છે કે શરીરાદિની ક્રિયા કરવાથી કે દેવ-ગુરુ-શાસ્ત્રથી અને શુભ ભાવથી આત્માનું કલ્યાણ થાય. આ પ્રમાણે પોતે પોતાની વાત સિદ્ધ કરવા ઉપાદાન અને નિમિત્ત બંને દલીલો રજુ કરે છે, અને એ ઝઘડાનું અહીં વીતરાગ શાસનમાં સાચા જ્ઞાન વડે સમાધાન થાય છે.

અનાદિથી જગતના અજ્ઞાની જીવોની દૃષ્ટિ પર ઉપર છે તેથી 'મારા આત્માનું કલ્યાણ કરવાની મારામાં તાકાત નથી, હું પાંગળો-શક્તિ વગરનો છું, કોઈક દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે પર મને સમજાવી દે તો મારું કલ્યાણ થાય' એમ પરની ઓથે આત્માનું કલ્યાણ અનાદિથી માને છે. જ્ઞાનીની દૃષ્ટિ પોતાના આત્મા ઉપર છે તેથી તે એમ માને છે કે આત્મા પોતે પુરુષાર્થ કરે તો મુક્તિ થાય. પોતાના પુરુષાર્થ સિવાય કોઈકના આશીર્વાદ વગેરેથી કલ્યાણ થશે એમ માનવું તે અજ્ઞાન છે. આ રીતે ઉપાદાન કહે- આત્માથી કલ્યાણ થાય, નિમિત્ત કહે-પર ચીજનો સાથ હોય તો કલ્યાણ થાય. એમાં નિમિત્તની વાત તદ્દન અજ્ઞાન ભરેલી-ખોટી છે એમ આ સંવાદથી સિદ્ધ કરશે.

ઉપાદાન એટલે વસ્તુની સહજ શક્તિ. આત્મા પરથી જુદો છે, દેહાદિ કોઈ પર વસ્તુથી આત્માનું કલ્યાણ નથી-એમ શ્રદ્ધા-જ્ઞાન કરવાં તે ઉપાદાન કારણ છે.

નિમિત્ત એટલે અનુકુળ સંયોગી બીજી ચીજ. જ્યારે આત્મા સાચી શ્રદ્ધા-જ્ઞાન કરે ત્યારે જે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર હાજર હોય તેને નિમિત્ત કહેવાય છે.

દેવ-ગુરુ-શાસ્ત્ર તે મારાથી જુદા છે અને અને પુણ્ય-પાપના ભાવો તે પણ હું નથી, હું જ્ઞાનાદિ અનંત ગુણનો પિંડ છું-એમ જીવ પોતાની શક્તિની સંભાળ કરે તે ઉપાદાનકારણ છે અને પોતાની શક્તિ તે ઉપાદાન છે. આમાં ઉપાદાન અને ઉપાદાનકારણમાં શું ફેર તે સમજાવ્યું ઉપાદાન તે ત્રિકાળી દ્રવ્ય છે અને ઉપાદાનકારણ તે પર્યાય છે. જે જીવ ઉપાદાનશક્તિને સંભાળીને ઉપાદાનકારણ કરે તેને મુક્તિરૂપી કાર્ય પ્રગટે જ.

આ સંબંધમાં આગળ ૪૨ માં શ્લોકમાં એમ આવશે કે 'ઉપાદાન અને નિમિત્ત તો બધા જીવોને હોય છે પણ જે વીર છે તે નિજશક્તિને સંભાળી લે છે અને ભવનો પાર પામે છે.' આમાં નિજશક્તિની સંભાળ કરવી તે ઉપાદાનકારણ છે, અને તે જ મુક્તિનું કારણ છે. આત્મામાં શક્તિ તો બધી પડી છે પણ તે શક્તિની પોતે જ્યારે સંભાળ કરે ત્યારે શ્રદ્ધા-જ્ઞાન-સ્થિરતારૂપ મુક્તિનો ઉપાય થાય, પણ પોતાની શક્તિની સંભાળ કર્યા વગર મુક્તિનો ઉપાય થાય નહિ; એ બતાવવા માટે આ સંવાદમાં ઉપાદાન નિમિત્તની સામસામી દલીલો ચાલશે અને શ્રી સર્વજ્ઞ ભગવાન તરફથી ફેંસલો મળશે, તેમાં ઉપરનું કથન સિદ્ધ થશે.

આત્માનો ઉપાદાનસ્વભાવ મન, વાણી, દેહ વગરનો છે, તેને કોઈ પરવસ્તુની સહાય નથી. આવી સહજ શક્તિનું જે ભાન કરે તે ઉપાદાન સ્વભાવને જાણે, ઉપાદાન સ્વભાવને જાણ્યો તે ઉપાદાનકારણ થયું અને તે વખતે દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરે જે હાજર હોય તે નિમિત્ત કહેવાય છે. ઉપાદાન-નિમિત્તની આ વાત બહુ સરસ સમજવા જેવી છે. શાસ્ત્રના આધારોથી અપૂર્વ કથન કર્યું છે. તેમાં પ્રથમ મંગળિકરૂપે શ્લોક કહે છેઃ-

### -દોહરા-

**પાદ પ્રણમિ જિનદેવકે, એક ઉક્તિ ઉપજાય;**
**ઉપાદાન અરુ નિમિત્તકો, કહું સંવાદ બનાય. ૧.**

**અર્થઃ**-જિનદેવના ચરણે પ્રણામ કરીને એક અપૂર્વ કથન તૈયાર કરું છું; ઉપાદાન અને નિમિત્તનો સંવાદ બનાવીને તે કહું છું.

આ વાત સમજવા માટે જીવ ઊંડો ઉતરીને વિચાર કરે તો તેનું રહસ્ય સમજાય. જેમ અર્ધો મણ દહીંની છાશમાંથી માખણ કાઢવા માટે ઉપરટપકે હાથ ફેરવે તો માખણ નીકળે નહિ પણ છાશને હલાવીને પછી અંદર ઊંડો હાથ નાખીને ડોળે ત્યારે માખણ ઉપર આવે પરંતુ જો શિયાળામાં ટાઢને કારણે આળસ કરીને ઊંડો હાથ ન નાંખે તો છાશમાંથી માખણ નીકળે નહિ; તેમ જૈનશાસનમાં જૈનપરમાત્મા સર્વજ્ઞદેવે કહેલા તત્ત્વોમાંથી જો ઊંડી તર્કબુદ્ધિવડે વિચાર કરીને માખણ કાઢે તો મુક્તિ થાય. શ્લોકમાં 'ઉક્તિ' શબ્દ વાપર્યો છે તેનો એ રીતે અર્થ કર્યો.

જિનદેવ સર્વજ્ઞવીતરાગ ભગવાનના ચરણકમળમાં પ્રણમીને એટલે વિશેષ પ્રકારે નમસ્કાર કરીને હું એક યુક્તિ બનાવું છું એઈલે તર્કનું દોહન કરૂં છું. આ સંવાદમાં યુક્તિવડે વાત કરી છે માટે સમજનારે પણ તર્ક અને યુક્તિવડે સમજવાની મહેનત કરવી પડશે. એમને એમ ઉપરટપકે સાંભળવાથી નહિ સમજાય. જેમ છાશને વલોવે તો માખણ નીકળે તેમ પોતે જ્ઞાનમાં વિચાર કરીને સમજે તો સાચું તત્ત્વ મળે. જેમ ઘરનું માણસ ગમે તેવો પોચો ગરભલા જેવો રોટલો કરી દે પરંતુ તે કાંઈ ખાઈ ન દે, પોતાને જાતે ખાવો પડે, તેમ શ્રી સદ્‌ગુરુ ગમે તેવી સહેલી ભાષા કરે પરંતુ ભાવ તો પોતાને સમજવા પડશે. તત્ત્વ સમજવા માટે પોતામાં વિચાર કરવો જોઈએ. જેમને કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપી આત્મલક્ષ્મી પ્રગટી છે એવા શ્રી સર્વજ્ઞ વીતરાગ પરમાત્માને નમસ્કાર કરીને તેમની કહેલી વાતને ન્યાયની સંધિથી યુક્તિપૂર્વક હું [ ભૈયા ભગવતીદાસજી ] ઉપાદાન-નિમિત્તના સંવાદરૂપે કહીશ.

### -પ્રશ્ન-

**પૂછત હૈ કોઉ તહાં, ઉપાદાન કિહ નામ;**
**કહો નિમિત્ત કહિયે કહા, કબકે હૈ ઈહ ઠામ. ૨.**

**અર્થઃ**-ત્યાં કોઈ પૂછે છે કે-ઉપાદાન કોનું નામ ? નિમિત્ત કેને કહીએ ? અને તેમનો સંબંધ કયારથી છે તે કહો.

ઉપાદાન એટલે શું તે ઘણા લોકો જાણતા નથી; ચોપડામાં ઉપાદાનનું નામ પણ કયાંય આવે નહિ. દયા વગેરે કરીએ તો ધર્મ થાય એમ તો ઘણા લોકો સાંભળે છે અને માને છે, પરંતુ આ ઉપાદાન શું અને નિમિત્ત શું તેનું સ્વરૂપ જાણતા નથી. તેથી તે ઉપાદાન અને નિમિત્તનું સ્વરૂપ આ સંવાદમાં બતાવ્યું છે.

દહીં થવામાં, દુધ તે ઉપાદાન છે અને છાશ તે નિમિત્ત છે. દહીં થાય છે તે દુધમાંથી થાય છે, છાશમાંથી થતું નથી. જો છાશમાંથી થતું હોય તો પાણીમાં છાશ નાખવાથી પણ દહીં થવું જોઈએ પરંતુ એમ થતું નથી; તેમ શિષ્યના આત્માની પર્યાય પલટીને મોક્ષ થાય છે કાંઈ ગુરુનો આત્મા પલટીને શિષ્યની મોક્ષદશારૂપે થતો નથી. શિષ્યનો આત્મા પોતાનું ઉપાદાન છે, તે પોતે સમજીને મુક્ત થાય છે પરંતુ ગુરુના આત્મામાં શિષ્યની કોઈ અવસ્થા થતી નથી.

ઉપાદાન=[ ઉપ+આદાન ] ઉપ એટલે સમીપ અને આદાન એટલે ગ્રહણ થવું તે; જે પદાર્થના સમીપમાંથી કાર્યનું ગ્રહણ થાય તે ઉપાદાન છે; અને તે વખતે જે પરપદાર્થની અનુકૂળ હાજરી હોય તે નિમિત્ત છે.

હવે શિષ્ય પ્રશ્ન પૂછે છેઃ- [ કોઈક જ જીવ તત્ત્વના પ્રશ્નો પૂછવા ઉભા રહે છે. જેને તરસ લાગી હોય તે પાણીના ધોરિયે ઉભા રહે તેમ જેને આત્માનું સ્વરૂપ સમજવાની તૃષા લાગી છે અને ધગશ થઈ છે તેવા કોઈક જીવ સત્સમાગમે પૂછે છે ] કે હે પ્રભુ ! તમે કોને ઉપાદાન કહો છો અને કોને નિમિત્ત કહો છો, તથા તે ઉપાદાન અને નિમિત્ત એક ઠેકાણે કયારના ભેગાં થયા છે,-બન્નેનો સંયોગ કયારનો છે ?

આવા જિજ્ઞાસુ શિષ્યના પ્રશ્નનો ઉત્તર હવે કહે છેઃ-

**ઉપાદાન નિજશક્તિ હૈ, જિયકો મૂલ સ્વભાવ;**
**હૈ નિમિત્ત પરયોગતેં, બન્યો અનાદિ બનાવ. ૩.**

**અર્થઃ**-ઉપાદાન પોતાની શક્તિ છે. તે જીવનો મૂળસ્વભાવ છે; અને પરસંયોગ તે નિમિત્ત છે. તેમનો સંબંધ અનાદિથી બની રહ્યો છે. ૩.

અહીં જીવનો મૂળસ્વભાવ તે ઉપાદાન છે એમ કહ્યું છે, કેમકે અહીં જીવની મુક્તિની જ વાત લેવી છે તેથી જીવની મુક્તિમાં ઉપાદાન શું અને નિમિત્ત શું તે બતાવ્યું છે. પરમાણુની વાત લીધી નથી. જીવનો મૂળસ્વભાવ તે ઉપાદાન તરીકે લીધો છે. અહીં બધા દ્રવ્યોની સામાન્ય વાત નથી પણ ખાસ જીવ દ્રવ્યની મુક્તિની જ વાત છે.

જીવની પૂર્ણ શક્તિ તે ઉપાદાન છે તેની ઓળખાણ કરે તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ઉપાદાનકારણ પ્રગટે અને મુક્તિ થાય. જ્ઞાન, દર્શન અને ચારિત્ર પ્રગટ કરવા તે આત્માનો મૂળસ્વભાવ છે. સ્વભાવ કહો, શક્તિ કહો કે ઉપાદાન કહો તે બધાનો અર્થ એક જ છે.

જીવનો મૂળસ્વભાવ જ મુક્તિ કરવાનો છે, તે અંતરમાં છે. અંતરની શક્તિમાંથી મુક્તિ પ્રગટે છે પરંતુ કોઈ દેવ-ગુરુ-શાસ્ત્ર-વાણી કે મનુષ્ય શરીર વગેરે પરની સહાયથી જીવની મુક્તિ થતી નથી.

**પ્રશ્નઃ**-સાચા ગુરુ હોય તો ભૂલેલાને રસ્તો તો બતાવે ને ! એટલી તો મદદ સદ્ગુરુએ કરીને ?

**ઉત્તરઃ**-જે ભૂલ્યો છે તે પૂછીને નક્કી કરે છે, તે કોના જ્ઞાને નક્કી કરે છે ? ભૂલેલાના જ્ઞાને કે ગુરુના જ્ઞાને ? ગુરુ કાંઈ સામાનાં જ્ઞાનમાં નક્કી કરાવી દેતા નથી પણ સામો જીવ પોતે પોતાના જ્ઞાનમાં નક્કી કરે છે; માટે જે સમજે છે તે પોતાની જ ઉપાદાન-શક્તિથી સમજે છે.

જેમ કોઈને 'સિદ્ધપુર' જવું છે. તેણે કોઈ જાણકારને પૂછયું કે સિદ્ધપુર કયાં આવ્યું ? ત્યારે સામાએ જવાબ આપ્યો કે ( ૧ ) અહીંથી આઠ ગાઉ દુર સિદ્ધપુર છે, ( ૨ ) રસ્તામાં જતાં વચ્ચે બે મોટા શીતળ છાંયાવાળા વડ આવશે પછી ( ૩ ) આગળ જતાં એક મીઠા પાણીનું અમૃતસરોવર આવશે ત્યારપછી તરત જ સિદ્ધપુર આવશે. આ પ્રમાણે જાણકારે કહ્યું પણ તેનો વિશ્વાસ લાવી નક્કી કોણ કરે ? બતાવનાર કે ભૂલેલો ? જે ભૂલ્યો છે તે પોતાના જ્ઞાનમાં નક્કી કરે છે; તેમ મુક્તિની ઝંખનાવાળો શિષ્ય મુક્તિનું અંતરકારણ અને બહારનું કારણ શું છે તે પૂછે છેઃ-પ્રભુ ! મારી સિદ્ધદશા કેમ પ્રગટે, તેનો ઉપાય-રસ્તો શું છે ? તેનો શ્રી ગુરુ ઉત્તર આપે છે.

( ૧ ) આત્માની ઓળખાણથી આઠ કર્મોનો નાશ કરતાં સિદ્ધદશા પ્રગટે છે. ( ૨ ) આત્માની સાચી ઓળખાણ અને શ્રદ્ધા કરતાં સ્વભાવની પરમ શાંતિનો અનુભવ થાય છે; આત્માની શ્રદ્ધા અને જ્ઞાનરૂપી બે વડની શીતળતા સિદ્ધદશાના માર્ગમાં આવે છે ( ૩ ) ત્યારપછી આગળ વધતાં ચારિત્રદશા પ્રગટે છે એટલે કે સ્વરૂપ રમણતારૂપ અમૃતસરોવર આવે છે. આ રીતે સમ્યગ્દર્શન જ્ઞાન અને ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પૂરો થતાં કેવળજ્ઞાન અને સિદ્ધદશા પ્રગટે છે. આમાં ઉપાદાન નિમિત્ત સિદ્ધ કરવાં છે. જ્યારે શિષ્ય તૈયાર થઈને શ્રી ગુરુ પ્રત્યે પૂછે છે કે પ્રભુ ! મુક્તિ કેમ થાય ? ત્યારે શ્રી ગુરુ તેને મુક્તિનો ઉપાય બતાવે છે, પરંતુ જે રીતે ઉપાય બતાવ્યો તે રીતે વિશ્વાસ લાવીને નક્કી કોણ કરે ? બતાવનાર કે ભૂલેલો ? જે પોતાના જ્ઞાનમાં ભૂલ્યો છે તે જ સાચી સમજણથી ભૂલ ટાળીને પોતાના જ્ઞાનમાં નક્કી કરે છે.

આ તો મુક્તિનો ઉપાય છે, તેનો મહિમા આવવો જોઈએ. જેમ હીરા-માણેકની કિંમત જાણે અને હીરાની દુકાને બેસે તો ઝટ લાખો રૂપીઆની પેદાશ થાય અને લુગડાંને મેલ ન ચોંટે, પણ કંદોઈની દુકાને બેસે તો ઝટ પેદાશ ન થાય અને લુગડાંને મેલ ચોંટે, તેમ જો આત્માના ચૈતન્યસ્વભાવને ઓળખીને તેની કિંમત કરે તો મોક્ષરૂપી આત્મલક્ષ્મી ઝટ મળે, સ્વરૂપની શક્તિનુ ભાન તે હીરાનો વેપાર છે તેમાં મુક્તિલક્ષ્મી ઝટ મળે છે અને આત્માને કર્મમળ ચોંટતો નથી. આત્માના ભાન વગર કદી મુક્તિ થતી નથી અને કર્મમળ ચોંટે છે.

આત્માના અંતરમાંથી આત્માના ગુણને ગ્રહી શકાય છે માટે આત્મા ઉપાદાન છે. જેમાંથી ગુણનું ગ્રહણ થાય તે ઉપાદાન છે. ચિદાનંદ ભગવાન આત્મા પોતાની અનંતશક્તિથી દેહમાં બિરાજે છે, તેને ઓળખીને તેમાંથી

મુક્તિનો માલ કાઢવાનો છે. આમાં ઉપાદાનનું સ્વરૂપ બતાવ્યું હવે નિમિત્તનું સ્વરૂપ બતાવે છે.

'હૈ નિમિત્ત પરયોગતે' એટલે જ્યારે આત્મા પોતાના સ્વરૂપની ઓળખાણ કરે ત્યારે જે સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર સંયોગરૂપે હાજર હોય તેને નિમિત્ત કહેવાય છે. ઉપાદાન નિમિત્તનો આ બનાવ અનાદિનો છે. સિદ્ધદશામાં પણ આત્માની શક્તિ તે ઉપાદાન છે અને સ્થિતિમાં અધર્મદ્રવ્ય પરિણમનમાં કાળ એ વગેરે નિમિત્ત છે. ઉપાદાન અને નિમિત્ત એ બંને ચીજો અનાદિની છે.

કોઈ એમ કહે કે "બધા થઈને એક આત્મા જ છે એમ કોઈ માને તથા અનંત આત્મા જુદા જુદા છે એમ કોઈ માને, પરંતુ બધાનું સાધ્ય તો એક જ છે ને ? " તો આ વાત તદ્દન ખોટી છે. જેણે એક જ આત્મા માન્યો તેણે ઉપાદાન–નિમિત્ત એ બે વસ્તુને ન માની, તેથી તે અજ્ઞાની છે. અને જેણે "અનંત આત્મા દરેક જુદા જુદા છે, હું સ્વાધીન આત્મા છું" એમ માન્યું તેણે વસ્તુનું સાચું સ્વરૂપ જાણ્યું છે. બધાનું સાધ્ય એક છે એ વાત ખોટી છે, જ્ઞાની અજ્ઞાની બંનેના સાધ્ય જુદા જ છે.

જ્યારે આત્મા પોતાની ઉપાદાનશક્તિથી ઊંધો પડે ત્યારે કુદેવ–કુગુરુ–કુશાસ્ત્ર વગેરે નિમિત્તરૂપ હોય છે અને જ્યારે પોતાની ઉપાદાનશક્તિથી સવળો પડે ત્યારે સાચાં દેવ–ગુરુ–શાસ્ત્ર નિમિત્તરૂપ હોય છે. નિમિત્ત તો પર ચીજની હાજરી છે તે કાંઈ કરાવતું નથી. પોતાની શક્તિથી ઉપાદાન પોતે કાર્ય કરે છે. ઉપાદાન અને નિમિત્ત આ ચીજ અનાદિ છે પણ નિમિત્ત ઉપાદાનને કાંઈ આપતું કે લેતું નથી.

### -નિમિત્તની દલીલ-

**નિમિત્ત કહૈ મોકો સબૈં, જાનત હૈ જગ લોય;**
**તેરો નાવ ન જાનહીં, ઉપાદાન કો હોય. ૪.**

**અર્થઃ-** નિમિત્ત કહે છે કે–જગતના સર્વ લોકો મને જાણે છે; ઉપાદાન કોણ છે તેનું નામ પણ જાણતા નથી.

આખા જગતના લોકો નિમિત્તનું નામ જાણે છે. વાડ હોય તો વેલો ચઢે, રોટલા વગેરેની સગવડતા હોય તો ધર્મ થાય, મનુષ્યદેહ હોય તો મુક્તિ થાય–આ રીતે નિમિત્તથી કાર્ય થાય એમ આખા સંસારના જીવો માને છે અને તેથી તેઓ નિમિત્તને ઓળખે છે પરંતુ ઉપાદાનને કોઈ જાણતા નથી. બહારના નિમિત્તો સારાં હોય તો આત્મા સુખી થાય એમ આખી દુનિયા માને છે, પણ ઉપાદાનનું તો નામ પણ કોઈ જાણતું નથી માટે હે ઉપાદાન ! તું મફતનો બડાઈ શું કરે છે ? શું લંગડો લાકડી વગર ચાલી શકે ? લાકડીનું નિમિત્ત જોઈએ જ–માટે નિમિત્તનું જ જોર છે–એમ નિમિત્ત દલીલ કરે છે, પરંતુ નિમિત્તની તે દલીલો ખોટી છે. લંગડો ચાલે છે તે પોતાની યોગ્યતાથી ચાલે છે. જો લાકડીને લીધે ચાલતો હોય તો મડદાં પણ લાકડીથી ચાલવા જોઈએ ! પરંતુ મડદાંમાં ચાલવાની યોગ્યતા નથી તેથી તે ચાલતા નથી; માટે ઉપાદાનની શક્તિથી જ કાર્ય થાય છે.

વળી નિમિત્ત કહે છે કે–જો તમે નિમિત્તનું જોર ન માનતા હો તો ભગવાનની પ્રતિમાને તમે શા માટે પગે લાગો છો ? તે પણ નિમિત્ત છે કે નહિ ? તથા મુક્તિ પામવા માટે મનુષ્ય શરીર તો જોઈએ ને ? અને કાન સારા હોય તો સાંભળીને ધર્મ પામેને ? માટે બધે નિમિત્તનું જોર છે–આખી દુનિયાને પૂછો તો તે આમ જ કહેશે. નિમિત્ત તરફની આ સર્વ દલીલો ખોટી છે એમ આ સંવાદથી સિદ્ધ થશે. નિમિત્તે જે કહ્યું તે બધું સંસારમાં રખડનારા જગતના અજ્ઞાનીઓ માની રહ્યા છે, તેમને ઉપાદાનની ઓળખાણ નથી. આ સંવાદમાં ઉપાદાન–નિમિત્તના સિદ્ધાંતની વાત છે. ઉપાદાન–નિમિત્ત બંને અનાદિ અનંત છે, તે બંનેનું યથાર્થ જ્ઞાન કરવા માટેનો ઉપદેશ છે.

અનાદિથી જગતના અજ્ઞાની જીવો ઉપાદાન કોણ છે તે જાણતા નથી, તેઓ નિમિત્તને જ જાણે છે. નાનો છોકરો પણ કહે કે–જો માસ્તર હોય તો એકડો આવડે, પરંતુ માસ્તર ન હોય તો કોણ શીખડાવે ? પણ જે એકડો શીખે છે તે એકડો શીખવાની પોતાની શક્તિથી શીખે છે, કાંઈ પાડાને એકડો આવડે નહિ.

આખું જગત નિમિત્તને ઓળખે છે એટલે કે બાળકથી માંડીને માંધાતા અજ્ઞાની મુનિને પૂછો કે મુક્તિ કેમ થાય ? તો કોઈ કહેશે બહારની ક્રિયાથી અને કોઈ કહેશે પુણ્યથી મુક્તિ થાય ! પરંતુ તે કોઈ આત્માની મૂળ ઉપાદાનશક્તિને જાણતા નથી. અજ્ઞાનીઓને પોતાના પક્ષમાં રાખીને નિમિત્તે આ દલીલ મૂકી છે.

હવે જ્ઞાનીઓને પોતાના પક્ષમાં રાખીને ઉપાદાન તેનો જવાબ આપે છેઃ–

**ઉપાદાન કહૈ રે નિમિત્ત, તું કહા કરૈ ગૂમાન;**
**મોકોં જાનૈ જીવ વે જો હૈ સમ્યકવાન. ૫.**

**અર્થઃ-**ઉપાદાન કહે છે કે અરે નિમિત્ત ! તું અભિમાન શા માટે કરે છે ? જે જીવ સમ્યગ્જ્ઞાની હોય તે મને જાણે છે.

આત્માનો સ્વભાવ સમજનારા જ્ઞાનીઓને પોતાના પક્ષમાં રાખીને ઉપાદાન કહે છે કે હે નિમિત્ત! તું ગૂમાન કેમ કરે છે? તારૂં ગૂમાન મિથ્યા છે. જગતના અજ્ઞાનીનાં ટોળાં તને જાણે તેમાં તારી શું કિંમત? પણ મને બધા જ્ઞાનીઓ જાણે છે. રાખ તો ઘરેઘરે ચૂલામાં હોય તેથી કાંઈ રાખ કિંમતી ગણાય નહિ અને હીરાના વેપારી થોડા હોય તેથી કાંઈ હીરાની કિંમત ઘટી જાય નહિ. તેમ જગતના ઘણા જીવો પરથી કામ થાય એમ માને તેથી કાંઈ પરથી કાર્ય થઈ જાય નહિ. ઉપાદાન સ્વભાવની વાત તો જ્ઞાનીઓજ જાણે, અજ્ઞાનીઓને તેના પત્તા ન ખાય.

નિમિત્તથી કાર્ય થાય નહિ છતાં જ્યારે પોતે સમજે ત્યારે સાચા જ ગુરુનું નિમિત્ત હોય.... ગુરુથી જ્ઞાન નહિ અને ગુરુવિના જ્ઞાન નહિ. સાચા ગુરુ વિના ત્રણકાળમાં જ્ઞાન થાય જ નહિ અને ત્રણકાળમાં ગુરુ કોઈને જ્ઞાન આપે નહિ. જ્યારે જીવ પોતાની શક્તિથી સાચી ઓળખાણ કરે ત્યારે સત્પુરુષની જ વાણીની હાજરી હોય પરંતુ સત્પુરુષની વાણીથી જીવ સમજતો નથી. જીવ પોતાથી ન સમજે તો વાણીને નિમિત્ત કહેવાય નહિ.

**પ્રશ્નઃ**-નિમિત્ત વગર થાય નહિ અને નિમિત્તથી થાય નહિ-એમ બે વાત આપ કરો છો, તે બેમાંથી કઈ વાત રાખવી?

**ઉત્તરઃ**-બંને રાખવી, એટલે કે નિમિત્ત હાજર હોય છે ખરૂં, અને નિમિત્તથી કાંઈ કાર્ય થતું નથી એમ બંને પડખાં સમજવાં. જેમ બે આંખવાળો હોય તે બધું બરાબર જાણે, એમ આંખ અંધ હોય તો બાડો, તે બરાબર જોઈ શકે નહિ, અને બંને આંખ અંધ હોય તો આંધળો, તે કાંઈ વસ્તુ જ ન જોઈ શકે. તેમ ઉપાદાન નિમિત્ત બંનેને જેમ છે તેમ જાણે તો બરાબર જાણનાર [ સમ્યગ્જ્ઞાની ] છે. નિમિત્ત નથી એમ માને અથવા તો નિમિત્તથી કાર્ય થાય એમ માને તો ( દ્રષ્ટાંતના બાડાની જેમ ) તેના જ્ઞાનમાં ભૂલ છે. અને નિમિત્ત-ઉપાદાન કાંઈ છે જ નહિ-એમ બંનેને ન જાણે તે અંધની જેમ જ્ઞાન વગરનો છે.

પ્રથમ બે આંખ વડે બધું બરાબર જાણીને પછી ખાસ પદાર્થ તરફની એકાગ્રતા ખાતર બીજા પદાર્થ તરફ આંખ મીંચે-તો તે બરાબર છે, તેમ પહેલાં ઉપાદાન નિમિત્તને બરાબર જાણીને પછી ઉપાદાનસ્વરૂપમાં એકાગ્રતા કરવા માટે નિમિત્તનું લક્ષ છોડી દેવું તે બરાબર છે. પણ પ્રથમ ઉપાદાન-નિમિત્ત બધું જેમ છે તેમ જાણવું જોઈએ.

જ્યારે આત્માના સ્વભાવનું ભાન કરે ત્યારે નિમિત્ત હોય છે એમ જ્ઞાન કરવા માટે બંને છે, પણ આદરવા માટે બંને નથી, આદરવા માટે ઉપાદાન છે, નિમિત્ત હેય છે. ઉપાદાનની શક્તિથી કાર્ય થાય છે. જેઓ સમ્યગ્જ્ઞાની છે એટલે કે આત્માના ઓળખનારા છે તેઓ જ ઉપાદાનની શક્તિ જાણે છે.

### નિમિત્ત કહે છે કેઃ-

**કહૈ જીવ સબ જગતકે, જો નિમિત્ત સોઈ હોય;**
**ઉપાદાનકી બાતકો, પૂછે નાહીં કોય. ૬.**

**અર્થઃ**-જગતના સર્વ જીવ કહે છે કે જેવું નિમિત્ત હોય તેવું કાર્ય થાય; ઉપાદાનની વાતનું તો કોઈ કાંઈ પૂછતું નથી.

નિમિત્ત પોતાનું બળવાનપણું બતાવવા દલીલ કરે છે કે-જો અનુકૂળ સારૂં નિમિત્ત હોય તો કામ થાય, રોટલા વગેરે મળે તો જીવન રહે, મનુષ્યદેહ મળે તો મુક્તિ થાય, કાળ સારો હોય તો ધર્મ થાય-આમ આખી દુનિયા કહે છે, પરંતુ મનુષ્ય શરીર વગર મુક્તિ થાય એમ કોણ કહે છે? માટે જુઓ! શરીરના નિમિત્તથી જ કામ થાય છે ને? વળી જો નિમિત્તથી તમે કાંઈ ન માનતા હો, તો ભગવાનની પ્રતિમાને કેમ માનો છો? માટે નિમિત્તનું જ જોર છે!

નિમિત્તની દલીલ બરાબર નથી. જૈનો ભગવાનની પ્રતિમાના કારણે કે તે તરફના રાગના કારણે ધર્મ માનતા નથી. પ્રતિમાજી તરફનો શુભરાગ તે અશુભ રાગથી બચવા માટે છે. જૈન એટલે કે સમ્યગ્દ્રષ્ટિ જીવ કદી પણ રાગથી કે પરથી ધર્મ માનતા નથી, જૈન તો આત્માના સ્વભાવથી ધર્મ માને છે.

સમ્યગ્દ્રષ્ટિ જીવ પોતાના સ્વભાવના ભાન પછી જ્યારે તદ્દન શુદ્ધ સ્વભાવના અનુભવમાં ઠરી ન શકે ત્યારે અશુભરાગ છોડીને શુભરાગ તેમને આવે છે અને તે રાગમાં સામે વીતરાગ પ્રતિમા નિમિત્તરૂપ હોય છે. પોતે અશુભભાવથી બચે છે તેટલો પોતાને લાભ છે; પરંતુ પ્રતિમાથી કે જે રાગ રહ્યો તેનાથી આત્માને લાભ માને તો મિથ્યાદ્રષ્ટિ છે. સમ્યગ્દ્રષ્ટિને શુભરાગ આવે ત્યાં વચ્ચે પ્રતિમા નિમિત્તરૂપ આવે આમ ન જાણે તોય મિથ્યાદ્રષ્ટિ છે. આમાં નિમિત્તનું જ્ઞાન કરવાનું આવ્યું પણ નિમિત્તથી કાંઈ કાર્ય થાય-એમ આવ્યું નહિ.

આત્મસ્વરૂપની ઓળખાણ પછી જ્યાંસુધી સ્વરૂપની પૂરી ભક્તિ ન થાય અર્થાત્ વીતરાગતા ન થાય ત્યાંસુધી વચ્ચે શુભરાગ આવ્યા વગર રહે નહિ, અને શુભરાગના નિમિત્તો પણ આવે જ, પરંતુ રાગથી કે નિમિત્તથી જૈન-સમકિતી ધર્મ માનતા નથી, રાગથી કે નિમિત્તથી જે ધર્મ માને તે મિથ્યાદૃષ્ટિ છે.

નિમિત્ત કહે છે કે ભલે રાગથી કે નિમિત્તથી સમકિતી ધર્મ નથી માનતા, પરંતુ સામે જો સોય પડી હશે તો સોયનું જ્ઞાન થશે કે કાતરનું? સામે માણસનું ચિત્ર જોઈને માણસનું જ્ઞાન થશે કે બીજું? માટે સામે જેવું નિમિત્ત હોય તેવું જ જ્ઞાન થાય એટલે કે નિમિત્તથી જ જ્ઞાન થાય છે-માટે નિમિત્તનું જોર છે. આવી નિમિત્તની દલીલ છે. નિમિત્તની પડ લાંબી છે, અજ્ઞાનીઓ નિમિત્તથી જ થાય એમ માનનારા છે.

ઉપાદાનને જાણનારા જ્ઞાનીઓ કહે છે કે-નિમિત્તથી જ્ઞાન થતું જ નથી, પણ ઉપાદાનની શક્તિથી જ થાય છે. જ્ઞાન તો પોતાની સ્મૃતિથી થાય છે, સોય દેખવાથી જ્ઞાનની સ્મૃતિ થઈ નથી. સોય જોવાનું કામ જ્ઞાને કર્યું કે સોયે? જ્ઞાનથી જ જાણવાનું કાર્ય થયું છે. જો સોયથી જ્ઞાન થતું હોય તો આંધળા પાસે સોય મૂકતાં તેને તે સંબંધી જ્ઞાન થવું જોઈએ, પરંતુ તેમ થતું નથી; કેમકે આંધળામાં જ શક્તિ નથી. સોય તો જડ છે, જડમાંથી જ્ઞાન આવે નહિ. અજ્ઞાનીની દૃષ્ટિ પર-નિમિત્ત ઉપર પડી હોવાથી તે સ્વાધીન જ્ઞાનને જાણતો નથી, તેથી તે પરના કારણે જ્ઞાન થયું-એમ માને છે. ઉપાદાન સ્વરૂપની વાત પણ જગતના અજ્ઞાનીઓ પૂછતા નથી; "ચોખા અગ્નિ વગર પાકે? ન જ પાકે, માટે ચોખા અગ્નિથી પાકયા કે ચોખાથી? " અગ્નિથી ચોખા પાકયા એમ આંધળી દૃષ્ટિએ દેખાય તેવું છે. પરંતુ દેખતી દૃષ્ટિએ તો ચોખા ચોખાથી જ પાકયા છે, પાકરૂપ અવસ્થા ચોખામાં જ થઈ છે, અગ્નિમાં નથી થઈ. ચોખામાં જ સ્વતઃ પાકવાની શક્તિ છે તેથી તે પાકયા છે, અગ્નિ કે પાણીથી તે પાકયા નથી. તેવી જ રીતે રોટલી પોતાથી પાકી છે અગ્નિ કે તાવડીથી પાકી નથી.

નિમિત્ત દલીલ મૂકે છે કેઃ-હે ઉપાદાન! રોટલી પોતાથી પાકી છે, અગ્નિથી રોટલી પાકી નથી-એમ જગતમાં કોણ કહે છે? તું આખા સંસારને પૂછી જો. 'ઘઉંના પરમાણુઓની પાકી અવસ્થા થવાની હતી ત્યારે તાવડી અને અગ્નિની હાજરી હતી-પણ તેનાથી રોટલી થઈ નથી' આવી તારી લાંબી લાંબી વાત જગતમાં કોણ કરે છે? સીધી અને ટુંકી વાત છે કે અગ્નિથી રોટલી પાકી, એમાં પૂછવું છે શું? માટે ઉપાદાનની શક્તિથી જ કાર્ય થાય છે એ વાત ખોટી છે.

હવે ઉપાદાન જવાબ આપે છેઃ-

**ઉપાદાન બિન નિમિત્ત તું કર ન સકૈ ઇક કાજ;**
**કહા ભયો જગ ના લખૈ, જાનત હૈ જિનરાજ. ૭.**

**અર્થઃ**-ઉપાદાન કહે છે, અરે નિમિત્ત! એક પણ કાર્ય ઉપાદાન વિના થઈ શકતું નથી, જગત ન જાણે તેથી શું થયું? જિનરાજ તે જાણે છે. ૭.

ઉપાદાન શ્રીજિનરાજને પોતાના પક્ષમાં રાખીને વાત કરે છે. અરે નિમિત્ત! તું રહેવા દે. જગતના દરેક પદાર્થનાં કાર્ય પોતાની શક્તિથી જ થઈ રહ્યાં છે. કોઈ પર તેને શક્તિ આપતું નથી. જો જીવ આવું સ્વરૂપ સમજે તો પોતાના ભાવ તરફ જોવાનો તેને અવકાશ રહે, અને પોતાના ભાવમાં દોષ ટાળીને ગુણ કરે. પરંતુ કર્મો મને હેરાન કરે અને સદ્ગુરુ મને તારે-એમ જો નિમિત્તથી કાર્ય થતું માને તો તેમાં કયાંય પોતે તો આવ્યો જ નહિ, પોતાના સામે જોવાનો અવકાશ જ તેમાં ન રહ્યો, અને પરાધીન દૃષ્ટિ જ રહી.

રોટલી અગ્નિથી પાકી નથી પણ પોતામાં જ ત્રેવડ છે તેથી તે પાકી છે, અગ્નિ અને તાવડી હોય છતાં કાંઈ રેતી પાકે નહિ કેમકે તેનામાં તેવી શક્તિ નથી. પાકી પર્યાય થઈ તે રોટલીની થઈ છે કે તાવડીની? રોટલી પોતે તે પર્યાયરૂપે થઈ છે માટે રોટલી સ્વયં પાકી છે.

જો શિષ્યના જ ઉપાદાનમાં સમજવાની ત્રેવડ ન હોય તો ગુરુ શું કરે? શ્રીગુરુ લાખ પ્રકારે વાત કરે પરંતુ શિષ્યને પોતાની ત્રેવડ વગર સમજાય નહિ, એટલે ઉપાદાન વગર એક પણ કાર્ય થાય નહિ.

નિમિત્તે કહ્યું હતું કે જગતના પ્રાણીઓ ઉપાદાનની વાત પણ જાણતા નથી; ઉપાદાન કહે છે કે-જગતના અંધ પ્રાણીઓ ઉપાદાનનું સ્વરૂપ ન જાણે તેથી શું? પરંતુ ત્રિલોકનાથ તીર્થંકર મને જાણે છે. જગતના ઘણા આંધળાઓ તને માને તેમાં તારૂં શું વળ્યું? મારે તો એક ત્રિલોકનાથ સર્વજ્ઞદેવ બસ છે. હજારો ગાડરડાં હોય પણ એક સિંહ તેની સામે બસ છે. જ્યાં સિંહ આવે ત્યાં બધાય ગાડરડાં પૂછડાં લઈને ભાગી જાય, તેમ "નિમિત્તથી કામ થાય" એવો અભિપ્રાય જગતના અનંત જીવોનો છે પરંતુ તે બધા અજ્ઞાની છે તેથી

તેમનો અભિપ્રાય સાચો નથી, અને "ઉપાદાનની શક્તિથી જ સર્વ કાર્ય થાય" એમ માનનાર થોડા જ જીવો છે તોપણ તેઓ જ્ઞાની છે, તેમનો અભિપ્રાય સાચો છે. સત્યને સંખ્યા સાથે સંબંધ નથી.

છપ્પનિયાના દુષ્કાળ વખતે ઢોરમાં ઉભા રહેવાની પણ શક્તિ રહી ન હતી, તેને સાંગડા નાંખીને ઉભા કરે તો પણ પાછા પડી જાય. જ્યાં ભૂખ્યા ઢોરમાં પોતામાં જ ઉભા રહેવાની શક્તિ ન હોય ત્યાં સાંગડા વડે તેને કેમ ઉભા રાખી શકાય ? જો ઉપાદાનમાં જ શક્તિ હોય તો કાર્ય થાય છે, પરંતુ જો ઉપાદાનમાં જ શક્તિ ન હોય તો કોઈ નિમિત્તવડે કાર્ય થઈ શકતાં નથી.

આત્માના સ્વભાવથી જ આત્માનાં બધાં કામ થાય છે. પુણ્ય-પાપના પરિણામ પોતાના કરવાથી થાય છે. પોતે જેવા પરિણામ કરે તેવા થાય છે. બીજા જીવોના આશીર્વાદ મળી જાય તો પુણ્ય થાય અને પુણ્યનો સમુદ્ર ફાટીને આત્માની મુક્તિ થાય-એ વાત ખોટી છે. આત્માનું કાર્ય પરાધીન નથી. ભગવાનની સાક્ષાત્ હાજરી પણ તેને તારવા સમર્થ નથી, અને માથું કાપનાર દુશ્મન પણ તને ડુબાડવા સમર્થ નથી. 'દરેક પદાર્થ ભિન્ન છે, હું જુદો આત્મા અને તું જુદો આત્મા, હું તને કાંઈ કરી શકું નહિ, તારા ભાવે તું સમજ તો તારૂં કલ્યાણ થાય' એમ ભગવાન તો સ્વતંત્રતા જાહેર કરીને ઉપાદાન ઉપર જવાબદારી નાંખે છે. ઉપાદાનની જાગૃતિ વગર કદી પણ કલ્યાણ થતું નથી.

**નિમિત્ત કહે છેઃ-**

**દેવ જિનેશ્વર ગુરુ યતી, અરૂ જિન આગમ સાર;**
**ઇહ નિમિત્ત તેં જીવ સબ, પાવત હૈં ભવ પાર. ૮.**

**અર્થઃ**-નિમિત્ત કહે છે કે જિનેશ્વરદેવ, નિર્ગ્રંથ ગુરુ અને વીતરાગનાં આગમ ઉત્કૃષ્ટ છે; એ નિમિત્તોવડે સર્વે જીવ ભવનો પાર પામે છે.

જિનેશ્વરદેવ શ્રી સર્વજ્ઞ ભગવાનને માન્યાવગર કદી આત્માની મુક્તિ ન થાય; કાંઈ કુદેવાદિને માનવાથી મુક્તિ થાય નહિ, માટે પહેલાં જિનેશ્વરદેવને ઓળખવા જોઈએ. આ રીતે પહેલાં નિમિત્તની જરૂર તો આવી ને ? નિમિત્તની જરૂર આવે છે માટે પચાસ ટકા મારી મદદથી કાર્ય થાય છે-આમ નિમિત્તની દલીલ છે.

અહીં, જીવ જ્યારે પોતાનું કલ્યાણ કરે ત્યારે નિમિત્ત તરીકે શ્રીજિનેશ્વરદેવ જ હોય, તે સિવાય કુદેવાદિ તો નિમિત્ત તરીકે ન જ હોય-એટલું ખરૂં છે, પરંતુ શ્રીજિનેશ્વરદેવ આત્માનું કલ્યાણ કરી દે અગર તો પચાસ ટકા મદદ કરે એ વાત ખરી નથી.

સાચા દેવ, નિર્ગ્રંથગુરુ અને ત્રિલોકનાથ પરમાત્માના મુખથી નીકળેલ ધ્વનિ તે આગમસાર-એ ત્રણ નિમિત્તો વગર મુક્તિ ન થાય. અહીં 'આગમસાર' કહ્યું છે, એટલે આગમના નામે બીજા અનેક પુસ્તકો હોય તેની વાત નથી પણ સર્વજ્ઞની વાણીથી પરંપરા આવેલ સત્-શાસ્ત્રોની વાત છે; બીજા કોઈ કુદેવ-કુગુરુ કે કુશાસ્ત્ર તો સતનું નિમિત્ત પણ થઈ શકે નહિ, સત્દેવાદિ જ સતનું નિમિત્ત હોય. આટલી વાત તો સાચી છે; તેને જ વળગીને નિમિત્ત કહે છે કે ભાઈ, ઉપાદાન ! બહુ ન ફાટીએ, એકાંત પોતાનું જ ન તાણીએ, કાંઈક નિમિત્તનું પણ રાખીએ ! એટલે કે નિમિત્તની પણ મદદ છે એમ તે કહેવા માગે છે.

નિમિત્તની દલીલનો એક અંશ એટલો સાચો છે કે-આત્મકલ્યાણમાં સાચા જ દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્તરૂપે હાજર હોય, એની હાજરી વગર ત્રણકાળમાં કોઈ મુક્તિ પામે નહિ. બધા માર્ગો સરખા જ છે-એમ માનનાર તો ત્રણકાળ ત્રણલોકમાં સમ્યગ્દર્શન પામે નહિ, ઊલટો મિથ્યાત્વના મહાપાપની પુષ્ટિ કરે; એટલે સર્વજ્ઞ વીતરાગ દેવ, સાધક સંતમુનિ, અને સર્વજ્ઞની વાણી જ નિમિત્ત હોય એટલું તો સાચું પરંતુ તેનાથી આત્માનું કલ્યાણ થાય નહિ, તે કોઈ આત્મહિતમાં મદદ કરે નહિ. કલ્યાણ તો આત્મા પોતે પોતાથી સમજે તો જ થાય.

સમજવાની શક્તિ તો બધા આત્મામાં ત્રિકાળ છે. જ્યારે તે શક્તિની સંભાળ કરીને આત્મા સમજે ત્યારે નિમિત્તરૂપે પરવસ્તુ સાચા દેવ વગેરે જ હોય. કુદેવાદિને માનતો હોય અને સાચું સમજે એમ ન જ બને. આ વાતને આગળ કરીને નિમિત્ત એમ કહે છે કે પહેલાં મારી જ જરૂર છે, મારાથી જ કલ્યાણ થાય છે.

ઉપાદાન તેની એ દલીલ તોડી નાંખે છેઃ-

**યહ નિમિત્ત ઇહ જીવકે, મિલ્યો અનંતી બાર;**
**ઉપાદાન પલટયો નહિ, તો ભટકયો સંસાર. ૯.**

**અર્થઃ**-ઉપાદાન કહે છે કે એ નિમિત્તો આ જીવને અનંતીવાર મળ્યાં, પણ ઉપાદાન-જીવ પોતે પલટયો નહીં તેથી તે સંસારમાં ભટકયો.

જો દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત આત્માનું કલ્યાણ કરી દેતા હોય તો, આ જીવ સાક્ષાત્ ત્રણલોકના નાથ પાસે અનંતવાર ગયો, છતાં સમજ્યા વગર ધોયેલ મૂળા જેવો

પાછો આવ્યો. ઉપાદાન પોતાની શક્તિથી સમજ્યો નહિ. ભગવાન કંઈક અપૂર્વ સ્વરૂપ કહે છે-એમ પરમાર્થ સમજવાની દરકાર ન કરી અને વ્યવહારની પોતે માની રાખેલી વાત આવતાં એમ માની લે છે કે-હું આમ જ કહેતો હતો, તે જ ભગવાને કહ્યું-એમ પોતાના ગજથી ભગવાનનું માપ કરી ઊલટું પકકડને દૃઢ કરે છે. નિમિત્ત તો સર્વોત્કૃષ્ટ છે, છતાં ઉપાદાન ન પલટે તો સમજાય નહિ. અનંતવાર સાચા મણી રત્નોની સામગ્રી વડે સાક્ષાત્ તીર્થંકરની પૂજા કરી પણ નિમિત્તના અવલંબન રહિત પોતાનું સ્વાધીન સ્વરૂપ ન સમજ્યો તેથી ધર્મ ન થયો, ત્યાં તીર્થંકર શું કરે ?

વળી સાચા જ્ઞાની ગુરુ અને સત્શાસ્ત્રો પણ અનંતવાર મળ્યાં, પણ પોતે અંતરથી સ્વભાવને સમજીને પોતાની દશા પલટાવી નહિ તેથી જીવ સંસારમાં જ ભટકયો.

નિમિત્તે કહ્યું હતું કે-દેવ-ગુરુ-શાસ્ત્રના નિમિત્તને પામીને જીવ ભવપાર પામે છે. તેની વિરુદ્ધમાં ઉપાદાને કહ્યું કે ઉપાદાન-જીવ પોતે ધર્મ ન સમજ્યો તો સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર મળવા છતાં તે સંસારમાં રખડે છે. જો જીવ પોતે સત્ સમજે તો દેવ-ગુરુ-શાસ્ત્રને સમજવાનું નિમિત્ત કહેવાય, પણ જો જીવ સમજે જ નહિ તો નિમિત્ત પણ કેમ કહેવાય ? ઉપાદાન જો પોતે કાર્યરૂપે થાય તો સામી ચીજને નિમિત્ત કહેવાય, પણ ઉપાદાન પોતે કાર્યરૂપ થાય જ નહિ તો નિમિત્ત પણ કહેવાય નહિ. પેંથીએ-પેંથીએ તેલ નાખીને સુંદર માથું કર્યું-એમ કયારે કહેવાય ? કે જો માથામાં વાળની પેંથીઓ હોય તો, પણ જો માથે વાળ જ ન હોય તો ઉપમા કોને ? તેમ સામી ચીજને 'નિમિત્ત' એવી ઉપમા કયારે અપાય કે જો ઉપાદાન પોતે જાગૃત થઈને સમજે તો સામાને નિમિત્તની ઉપમા અપાય, પરંતુ ઉપાદાન જ ન હોય તો નિમિત્ત શેનું કહેવાય ? માટે કાર્ય તો ઉપાદાનને જ આધીન થાય છે.

સાચા દેવ ગુરુ શાસ્ત્રના નિમિત્ત વગર તો કદી પણ સત્ય ન જ સમજાય, પરંતુ તેથી પોતાની સમજવાની તૈયારી થાય ત્યારે કોઈ દેવ ગુરુ શાસ્ત્રને શોધવા જવું પડે એવું ઉપાદાન પરાધીન નથી. પોતાની તૈયારી હોય ત્યાં નિમિત્તનો જોગ જરૂર હોય જ એવો નિયમ છે. ધર્મક્ષેત્ર મહાવિદેહમાં વીસ મહા ધર્મધૂરંધર તીર્થંકરો અનાદિ હોય જ છે. મહાવિદેહમાં તીર્થંકરો ન હોય તેમ કદી ન બને. જો પોતાની તૈયારી હોય તો ગમે ત્યાં સત્ નિમિત્તનો જોગ બને જ. અને જો પોતાની તૈયારી ન હોય તો સત્ નિમિત્તનો જોગ બને છતાં પણ પોતાને સત્નો લાભ ન થાય.

અહીં આ સંવાદમાં નિમિત્ત તરફની દલીલ કરનાર જીવ એવો લીધો છે કે તે ડાહ્યો છે, સમજવા ખાતર દલીલ કરે છે, તે છેવટે ઉપાદાનની બધી સાચી વાત કબૂલ કરશે. તે એવો હઠાગ્રહી નથી કે પોતાનું જ ખેંચ્યા કરે. સત્ય-અસત્યનો નિર્ણય કરીને સત્યનો તુરત જ સ્વીકાર કરે એવા જ જીવની અહીં વાત છે.

દેહાદિની ક્રિયાથી મુક્તિ થાય કે પુણ્યથી ધર્મ થાય એવા પોતાના ઊંધી માન્યતાના ખીચડા જીવે રાખ્યા, તો ભગવાન પાસે જઈને તેમનો ઉપદેશ સાંભળવા છતાં પણ ધર્મનો કિંચિત્ લાભ જીવને ન થયો. ભગવાન તો કહે છે-દેહની ક્રિયા આત્મા કરી જ શકતો નથી અને પુણ્ય તે વિકાર છે તેનાથી આત્મધર્મ નથી-આવી વાત તેને બેઠી નહિ. જો પોતે સમજે તો લાભ થાય અને ત્યારે ભગવાન વગેરેને નિમિત્ત કહેવાય; સાચા નિમિત્ત વગર જ્ઞાન ન થાય પરંતુ સાચા નિમિત્ત હોવા છતાં પોતે ન સમજે તોપણ જ્ઞાન થાય નહિ એટલે નિમિત્તથી જ્ઞાન થાય નહિ. તો પછી નિમિત્તે શું કર્યું ? એ તો માત્ર હાજરીરૂપે જાુદું લટકી રહ્યું.

સામાન્ય રીતે માણસો પણ ઘણી વાર કહે છે કે "મેં તો એને ઘણું કહ્યું પણ એ મીંઢ થઈ ગયો" એટલે કે મારા કહેવાની તેના ઉપર જરાય અસર ન થઈ. પરંતુ ભાઈ રે ! તે માને તો પણ તેના ભાવે માને છે અને ન માને તોપણ તેના ભાવે તેમ કરે છે, કોઈની અસર બીજા ઉપર થતી જ નથી. નિમિત્ત અને ઉપાદાન બંને સ્વતંત્ર પદાર્થો છે.

જીવને સમજવાનાં નિમિત્તો અનંતવાર મળ્યા છતાં પોતાની ઉપાદાન શક્તિથી પોતે સમજ્યો નહિ તેથી તે સંસારમાં રખડયો, માટે નિમિત્તની કાંઈ અસર ઉપાદાન ઉપર નથી.

### શ્રાવણ વદ-૧૪ તા- ૬-૯-૪૫

**ઉપાદાન**-નિમિત્તનો સંવાદ વંચાય છે, નવ દોહાનું વ્યાખ્યાન થઈ ગયું છે. ઉપાદાન એટલે શું ? જે પોતાના સ્વભાવથી કામ કરે તે ઉપાદાન છે અને તે કામ વખતે સાથે બીજી ચીજ હાજર હોય તે નિમિત્ત છે. ઉપાદાન અને નિમિત્ત એ બંનેનો જેમ છે તેમ નિર્ણય કરવો તે પણ એક ધર્મ છે. ધર્મ બીજા પણ છે, એટલે કે સાચા નિર્ણયપૂર્વક રાગદ્વેષ ટાળીને સ્થિરતા કરવી તે

બીજો ચારિત્ર ધર્મ છે. આત્મવસ્તુમાં અનંત ધર્મો છે. ધર્મ એટલે સ્વભાવ. આત્માનો જે ભાવ સંસારના વિકાર ભાવથી બચાવીને અવિકારી સ્વભાવમાં ધારી રાખે તે આત્માનો ધર્મ છે. તેથી સ્વભાવને સમજવો તે જ પહેલો ધર્મ છે. જે જીવ સ્વભાવને ન સમજે તેને જન્મ-મરણના નાશનો અને મુક્તિદશા પ્રગટવાનો લાભ ન મળે. જે સ્વાધીન સ્વભાવને નથી સમજ્યા એવા અજ્ઞાનીઓ બીજી ચીજ હોય તો આત્માનું કલ્યાણ થાય એમ માને છે, તેઓનો નિર્ણય જ ઊંધો છે, તેમને આત્મ કલ્યાણના સાચા ઉપાયની ખબર નથી.

જ્યારે આત્મકલ્યાણની ભાવનાવાળો જીવ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનદ્વારા આત્માનો નિર્ણય કરે ત્યારે સત્દેવ-ગુરુ-શાસ્ત્રની નિમિત્તરૂપ હાજરી હોય છે, પણ તે કોઈ દેવગુરુ-શાસ્ત્ર આત્માની સમજણ કરાવી દેતા નથી. પોતે પોતાના જ્ઞાનથી સાચું સમજે તો સમજાય. જ્ઞાન વગર છ છ માસના ઉપવાસ કર્યા છતાં સાચી સમજણ ન કરી તેથી આત્મકલ્યાણ થયું નહિ.

**પ્રશ્નઃ**-આ બધી ઝીણી વાત અમારે શું કામની ?

**ઉત્તરઃ**-આ આત્માની વાત છે. આત્માનું કલ્યાણ કરવું હોય તો કલ્યાણ કયાં થાય છે અને કઈ રીતે થાય છે તે ઓળખવું જોઈએ. પોતાનું કલ્યાણ પોતાના જ સ્વભાવની શક્તિથી થાય છે, પરથી થતું નથી. જો પોતાનો સ્વભાવ સમજે તો સાચી શ્રધ્ધાનો લાભ થાય અને ખોટી શ્રધ્ધાનું મહા નુકશાન ટળે-આ જ પ્રથમ કલ્યાણ છે.

આત્માનો નિર્ણય સાચા દેવ-ગુરુ-શાસ્ત્રથી પ્રગટે એમ જ્યારે નિમિત્તે કહ્યું ત્યારે ઉપાદાને તેનો ઉત્તર આપ્યો કે ભાઈ ! એ નિમિત્તો તો અનંતવાર જીવને મળ્યાં, પણ જાતે સ્વભાવનો મહિમા લાવી અસંગ આત્મતત્ત્વનો નિર્ણય ન કર્યો તેથી સંસારમાં રખડયો, માટે કોઈ નિમિત્ત આત્માને લાભ કરે નહિ.

હે ભાઈ ! જો પરનિમિત્તથી આત્માને ધર્મ થાય-એવી પરદ્રવ્યાશ્રિત દૃષ્ટિ કરીશ તો પરદ્રવ્યો તો અનંત-અપાર છે તેની દૃષ્ટિમાં કયાંય અંત નહિ આવે અર્થાત્ અનંત પર પદાર્થની દૃષ્ટિથી છૂટીને સ્વ સ્વભાવને જોવાનાં ટાણા કદી નહિ આવે. પણ હું પરદ્રવ્યોથી ભિન્ન છું, મારામાં પરનો પ્રવેશ નથી, મારૂં કલ્યાણ મારામાં જ છે-એવી સ્વાધીન દ્રવ્યની દૃષ્ટિ કરતાં અનંત પરદ્રવ્યો ઉપરની દૃષ્ટિ છૂટી જાય છે અને સ્વભાવ દૃષ્ટિની દૃઢતા થાય છે. અને સ્વભાવ તરફની દૃઢતા એ જ કલ્યાણનું મૂળ છે. પરચીજ ત્રણકાળ-ત્રણલોકમાં આત્માને લાભનુકશાન કરવા સમર્થ નથી. પોતાના ભાવમાં પોતે ઊંધો પડે તો રખડે અને સવળો પડે તો મુક્ત થાય.

**પ્રશ્નઃ**-પૈસા, શરીર વગેરે જે અમારાં છે તે તો અમને લાભ કરે કે નહિ ?

**ઉત્તરઃ**-મૂળ સિધ્ધાંતમાં જ ફેર છે, પૈસા વગેરે તમારાં છે જ નહિ. પૈસા અને શરીર તો જડ છે-અચેતન છે-પર છે. આત્મા તો ચેતન-જ્ઞાનસ્વરૂપ છે. જડ અને ચેતન એ બંને વસ્તુઓ ત્રિકાળ જુદી જ છે, કોઈ એક બીજાની છે જ નહિ. પૈસા વગેરે આત્માથી જુદા છે તે આત્માને મદદ કરે નહિ. પણ સાચું જ્ઞાન આત્માનું પોતાનું હોવાથી તે આત્માને મદદ કરે છે. પૈસા-શરીર વગેરે કોઈ ચીજ આત્માના ધર્મનું સાધન તો છે જ નહિ, પરંતુ તેનાથી આત્માને પુણ્ય-પાપ પણ થતાં નથી. 'પૈસા મારા' એવો જે મમત્વ ભાવ છે તે ભાવ અજ્ઞાન છે-પાપ છે, અને તે મમતા ઘટાડે તો તે ભાવથી પુણ્ય છે; પૈસાને લીધે પાપ કે પુણ્ય નથી. પૈસા મારા અને હું તે રાખું એવો જે મમત્વરૂપ ભાવ તે મહાપાપ છે. જો ખરેખર મમતા ઘટાડે તો દાનાદિ શુભકાર્યમાં લક્ષ્મી ખરચવાનો ભાવ આવ્યા વગર રહે જ નહિ. અહીં તો નિમિત્ત-ઉપાદાનનું સ્વરૂપ સમજવાનો અધિકાર ચાલે છે.

નિમિત્ત તરફથી દલીલ કરનાર જીવ શાસ્ત્રોનો જાણનાર છે, શાસ્ત્રોની કેટલીક વાતો તેણે જાણી છે તેથી તે વાતોને રજુ કરીને તે તર્ક કરે છે. જેણે દાખલો લખ્યો હોય તેને વચ્ચે કાંઈક પૂછવાનું હોય અને તે પ્રશ્ન કરી શકે, પરંતુ જેણે સ્લેટ કોરી રાખી હોય અને કંઈજ લખ્યું ન હોય તે શું પ્રશ્ન કરે ? તેમ જેણે કાંઈક શાસ્ત્રાભ્યાસ કર્યો હોય અગર શ્રવણ કરીને કેટલીક વાત પકડી હોય તે દલીલ કરીને પ્રશ્ન પૂછે, પરંતુ જેણે કદી શાસ્ત્ર ઉઘાડયું ન હોય અને શું વાત ચાલે છે તેની પણ ખબર ન હોય તે શેના પ્રશ્નો પૂછે ?

અહીં શિષ્ય શાસ્ત્ર વાંચીને પ્રશ્ન કરે છે કે-હે ઉપાદાન ! આત્માનો ધર્મ પોતાના ઉપાદાનથી જ થાય છે, નિમિત્ત કંઈ કરતું નથી-એમ તમે કહો છો, પરંતુ ભવ્ય જીવોને ક્ષાયકસમ્યકત્વ થાય છે તે તો કેવળી-શ્રુત-કેવળીની પાસે હોય તો જ થાય છે, એમ શાસ્ત્રોમાં કહ્યું છે, તો ત્યાં નિમિત્તનું જોર આવ્યું કે નહિ ?

આવી દલીલ નિમિત્ત કરે છેઃ-

**કૈં કેવલી કૈં સાધુ કે નિકટ ભવ્ય જો હોય;**
**સો ક્ષાયક સમ્યક લહૈ, યહ નિમિત્ત બલ જોય. ૧૦.**

**અર્થઃ**-નિમિત્ત કહે છે કે-જો કેવળી ભગવાન અગર શ્રુતકેવળી મુનિ પાસે ભવ્ય જીવ હોય તો જ ક્ષાયિક સમ્યકત્વ પ્રગટે છે, એ નિમિત્તનું બળ જુઓ!

[ અહીં દલીલ કરતાં જ નિમિત્તની ભાષા લૂલી આવી છે. "ભવ્યજીવ હોય તો જ ક્ષાયિક સમ્યકત્વ પ્રગટે છે" એમાં ભવ્યજીવ કહેતાં જ લાયકાત તે જીવની પોતાની જ છે તેથી જ ક્ષાયક સમ્યકત્વ પામે છે-એમ દલીલના જ શબ્દમાં આવી જાય છે. ]

ક્ષાયક સમ્યકત્વ એટલે આત્માની એવી સમ્યક્ પ્રતીતિ કે જે કેવળજ્ઞાન લીધે જ છૂટકો કરે. અર્થાત્ એવું આત્મભાન કે જે પાછું ન જ પડે. શ્રેણીક રાજા પહેલી નરકથી નીકળીને આવતી ચોવીશીના પહેલા તીર્થંકર થવાના છે તેમને આવું ક્ષાયક સમકિત છે. ક્ષાયક સમ્યગ્દ્રષ્ટિને આત્માની ખૂબ દ્રઢ શ્રદ્ધા હોય છે. તે એવી દ્રઢ હોય કે ત્રણલોક ફરી જાય કે ઇન્દ્ર તેને ડગાવવા ઉતરે તો પણ તેની શ્રદ્ધા ફરે નહિ; તેને અપ્રતિહત શ્રદ્ધા હોય છે, ચૌદ બ્રહ્માંડથી હલાવ્યો ન હલે અને ત્રણલોક ખળભળી જાય તો પણ ભય-સંદેહ ન પામે એવું નિશ્ચળ સમ્યકત્વ તે ક્ષાયકસમકિત છે. નિમિત્તનો વકીલ દલીલ કરે છે કે શ્રેણીકરાજા, ભરતચક્રવર્તી એ વગેરેને કેવળીશ્રુત કેવળી પાસે જ ક્ષાયક સમકિત થયું; જુઓ નિમિત્તનું જોર! શાસ્ત્રમાં લેખ છે કે તીર્થંકર ભગવાન, કેવળી ભગવાન કે શ્રુતકેવળી (એટલે વીતરાગ જિનશાસનના અંતરના શ્રુતજ્ઞાનમાં પૂરા એવા મુનિરાજ) બિરાજતા હોય તેના ચરણકમળમાં જ ક્ષાયકસમ્યકત્વ થાય છે, તેમના અભાવમાં થતું નથી. માટે નિમિત્તનું જ જોર છે. બીજા નિમિત્ત હોય તો ક્ષાયકસમકિત ન થાય. હે ઉપાદાન! જો તારી જ શક્તિથી કામ થતું હોય તો તીર્થંકર આદિ ન હોય ત્યાં ક્ષાયિકસમ્યકત્વ કેમ થતું નથી? નિમિત્ત નથી માટે થતું નથી, એટલે નિમિત્તનું જ જોર-એવી નિમિત્ત તરફની દલીલ છે. તે દલીલ કઈ રીતે ખોટી છે તે હવે પછીના દોહામાં આવશે.

તીર્થંકર-કેવળી કે શ્રુતકેવળીની હાજરીમાં જ જીવને ક્ષાયકસમકિત થાય છે-એટલી નિમિત્તની વાત બરાબર છે, તે તો શાસ્ત્ર આધારથી વાત મૂકી છે, અદ્ધરથી ગોટો વાળ્યો નથી. પરંતુ ક્ષાયકસમકિત નિમિત્તના જોરથી થયું છે કે ઉપાદાનના જોરથી, તે સમજવામાં નિમિત્ત-પક્ષની શું ભૂલ છે તે હવે કહેવાશે.

ઉપશમસમકિત કે ક્ષયોપશમસમકિત તો ગુરુ વગેરે નિમિત્તની સાક્ષાત્ હાજરી ન હોય તો પણ થઈ શકે છે. પ્રથમ એકવાર સત્ નિમિત્ત પાસેથી પોતે લાયક થઈને શ્રવણ કર્યું હોય, પરંતુ તે ટાણે સમકિત ન પામ્યો હોય તોપણ પાછળથી સત્ નિમિત્ત સમીપ ન હોવા છતાં જીવ પોતે અંતરથી જાગૃત થઈ ઉપશમ-ક્ષયોપશમ સમકિત પામી શકે છે. પરંતુ ક્ષાયક સમકિત તો નિમિત્તની હાજરીમાં જ થાય છે. સાક્ષાત્ તીર્થંકરની સભા હોય અને તત્ત્વોના ગંભીર ન્યાયની એકધારા ધોધવાણી છૂટતી હોય, તે સાંભળતાં જીવને સ્વભાવનો પરમ મહિમા થાય કે અહાહા! આવો પરિપૂર્ણ જ્ઞાયકસ્વરૂપી ભગવાન હું! એક વિકલ્પનો અંશ પણ મારૂં સ્વરૂપ નહિ, હું સ્વતંત્ર સ્વાધીન પરિપૂર્ણ છું-આમ અંતરથી નિજ આત્મસ્વભાવની અપ્રતિહત પ્રતીતિ જાગૃત થતાં જીવને ક્ષાયકસમ્યકત્વ થાય છે; ત્યાં તીર્થંકર કેવળી કે શ્રુતકેવળી નિમિત્ત છે. તેથી નિમિત્ત એમ કહે છે કે આત્માને ક્ષાયકસમ્યકત્વમાં નિમિત્ત મદદગાર જોઈએ જ, એ મારૂં બળ છે.

**તેનો ઉત્તર ઉપાદાન કહે છેઃ-**

**કેવલી અરુ મુનિરાજ કે, પાસ રહૈ બહુ લોય;**
**પૈ જાકો સુલટયો ધની, ક્ષાયક તાકો હોય. ૧૧.**

**અર્થઃ**-ઉપાદાન કહે છે-કેવળી અને શ્રુતકેવળી મુનિરાજ પાસે ઘણા લોકો રહે છે, પણ જેનો ધણી (આત્મા) સવળો થાય તેને જ ક્ષાયકસમ્યકત્વ થાય છે.

ઉપાદાન નિમિત્તને કહે છે કે અરે! સાંભળ, સાંભળ કેવળી ભગવાન અને તે ભવે મોક્ષ જનારા શ્રુતકેવળી મુનિરાજ પાસે તો ઘણા લોકો રહે છે, ઘણા જીવો સાક્ષાત્ તીર્થંકર પાસે જઈ આવ્યા, પરંતુ તે બધાને ક્ષાયકસમકિત થયું નહિ. જેનો આત્મા પોતે સવળો પડયો તે પોતાની શક્તિથી ક્ષાયકસમકિત પામ્યો, અને જેનો આત્મા પોતે સવળો ન પડયો તે ક્ષાયકસમકિત પામ્યા નહિ, માટે ઉપાદાનથી જ ક્ષાયકસમકિત થાય છે, નિમિત્તથી થતું નથી.

જે જીવ ધર્મ સમજે છે તે પોતાના પુરુષાર્થથી સમજે છે. ત્રણલોકનાનાથ તીર્થંકર ભગવાન જેમની કુંખે આવ્યા તે માતા અને પિતા મોક્ષ પામે જ એવો નિયમ છે, પરંતુ તેઓ તેમના સ્વતંત્ર પુરુષાર્થથી મોક્ષ પામે છે, કુળના કારણે કે તીર્થંકર ભગવાનના કારણે તેઓ મોક્ષ પામતા નથી.

તીર્થંકરની સભામાં તો ઘણા જીવો ઘણીવાર જઈ આવ્યા પરંતુ પોતે ન સમજ્યા તે ધોયેલા મૂળા જેવા પાછા ફરે છે, એક પણ યથાર્થવાત અંતરમાં બેસાડી

નહિ અને જેવો ગયો હતો તેવો કોરો ને કોરો અજ્ઞાનપણે પાછો ફર્યો. કોઈ જીવો તો ઊલટા ઊંધા પડી કહે કે–શું આ કહે છે તે એક જ માર્ગ હશે? જગતના બધાય માર્ગો ખોટા?

ભગવાનની સભામાં ઉપશમ-ક્ષયોપશમ સમકિતી જીવો હોય છે તેઓ પણ જો દ્રઢપુરુષાર્થવડે ક્ષાયકસમકિત પોતે કરે તો જ થાય છે; અને ઘણાને પોતે નથી કરતા તેથી, નથી પણ થતું. માટે નિમિત્તનું બળ છે જ નહિ. જો નિમિત્તનું કાંઈ પણ જોર હોય તો ભગવાન પાસે જે ગયા તે બધાય જીવોને ક્ષાયકસમકિત કેમ ન થયું? સમવસરણમાં ભગવાન પાસે જે જીવ જાય તે બધા સમજી જ જાય એમ નથી, પણ જેનો ધણી (આત્મા) સમજીને સવળો થાય તેને આત્માની એવી પ્રતીતિ પ્રગટે કે જે પાછી ન જ ફરે. અહો! પરમ મહિમાવંત પરિપૂર્ણ આત્મ સ્વભાવ! આ સ્વભાવનું અવલોકન કરતાં કરતાં જ કેવળજ્ઞાન થાયછે–આવી દ્રઢ પ્રતીતિ જે જીવ સવળો થઈને સમજે તેને જ થાય છે, પણ ભગવાનની વાણી સાંભળવા છતાં જે સવળો પડતો નથી તે જીવને સમકિત થતું નથી, માટે નિમિત્તનું જોર નથી. જેના પોતાના પગમાં જોર નથી એવા ઢોર સાંગડાથી ઉભા રહી શકે નહિ, તેમ પોતાના આત્માના બળ વગર–સાચી સમજણ વગર સાક્ષાત્ ભગવાન પાસે જઈને પણ અંતરમાં ઘરનો સ્વછંદ ઘાલ્યો તેથી સાચું જ્ઞાન ન થયું. માટે ભગવાનની સમીપે જવાથી ક્ષાયક સમકિત થતું નથી પરંતુ ઉપાદાનની જાગૃતિથી જ જાય છે.

હવે નિમિત્ત બીજી રીતે દલીલ મૂકે છે:–

**હિંસાદિક પાપન કિયે, જીવ નર્કમેં જાહિ;**
**જો નિમિત્ત નહિં કામકો, તો ઇમ કાહે કહાહિ. ૧૨.**

**અર્થ:**–નિમિત્ત કહે છે–જે હિંસાદિક પાપ કરે છે તે નર્કમાં જાય છે, જો નિમિત્ત કામનું ન હોય તો એમ શા માટે કહ્યું?

પરજીવની હિંસા, જૂઠું, પરિગ્રહ, ચોરી અને અબ્રહ્મચર્ય વગેરે પાપથી જીવ નર્કમાં જાય છે. એ બધામાં નિમિત્તનું જ જોર છે. હિંસામાં પરજીવનું નિમિત્ત, જૂઠામાં ભાષાનું નિમિત્ત, પરિગ્રહમાં પરવસ્તુનું નિમિત્ત ચોરીમાં પણ પૈસાવગેરેનું નિમિત્ત અને અબ્રહ્મચર્યમાં શરીરનું નિમિત્ત–એ બધાં નિમિત્તની જરૂર પડે છે કે નહિ? માટે નિમિત્ત જ નરકમાં લઈ જાય છે. પર વસ્તુના નિમિત્તથી જ હિંસાદિ પાપો થાય છે, કાંઈ એકલા આત્માથી હિંસા, ચોરી વગરે થતાં નથી; માટે જો નિમિત્તનું જોર ન હોય તો આ હિંસાદિ કરનાર નરકમાં જાય છે એ કેમ બને? પરવસ્તુ જ તેમને નરકનું કારણ થાય છે, માટે નિમિત્તનું બળ આવ્યું કે નહિ? આવી દલીલ નિમિત્તે કરી.

હવે ઉપાદાન તેનું સમાધાન કરે છે–

**હિંસામે ઉપયોગ જિહાં, રહે બ્રહ્મકે રાચ;**
**તેઇ નર્ક મેં જાત હૈ, મુનિ નહિ જાહિ કદાચ. ૧૩.**

**અર્થ:**–હિંસાદિમાં જેનો ઉપયોગ (ચૈતન્યના પરિણામ) હોય અને જે આત્મા તેમાં રાચી રહે તે જ નર્કમાં જાય છે, ભાવ–મુનિ કદાપિ નર્કમાં જતા નથી.

પરજીવની હિંસા અને જડનો પરિગ્રહ એ વગેરેમાં જીવને જો મમત્વરૂપ અશુભભાવ થાય છે તો જ તે નરકમાં જાય છે. કોઈ પરવસ્તુના કારણે કે પર જીવ મર્યા તે કારણે કોઈ જીવ નરકમાં જતા નથી; પરંતુ જે જીવોનો ઉપયોગ અશુભપરિણામોમાં લીન થઈ રહ્યો છે તે જ નરકમાં જાય છે. પરજીવ મરે કે રાજપાટના અનેક સંયોગ હોય તેથી જીવ નરકમાં જતો નથી પણ મેં રાજ કર્યું, મેં પર જીવને માર્યો, પૈસા મારાં એ વગેરે મમત્વપરિણામથી જ જીવ નરકમાં જાય છે. ભાવમુનિ કદી પણ નરકમાં જતા નથી. કોઈવાર મુનિના પગ નીચે જીવ આવી જવાથી કદાચ કોઈ જીવ મરી જાય તોપણ સાચા મુનિ કદી નરકમાં જતા નથી કેમકે તેમને ઊંધા ભાવ–હિંસક પરિણામ નથી. ઊંધાભાવવાળો નરકમાં જાય છે, પણ કાંઈ નિમિત્તવાળા નરકમાં જાય–એમ નથી.

**પ્રશ્ન:**–આપે કહ્યું કે નિમિત્તવાળા નરકમાં જતા નથી, તો અમારે ઘણા પૈસા વગેરે પરિગ્રહ રાખવામાં વાંધો નથી ને?

**ઉત્તર:**–નિમિત્ત દોષનું કારણ નથી પરંતુ પોતાના મમત્વભાવ તો જરૂર દોષનું કારણ છે. પૈસા રાખવાનો ભાવ થયો તે કાંઈ મમતા વગર થતો હશે? મમતા તે જ પાપભાવ છે. ઘણા પૈસાથી કે પરજીવના મરવાથી આત્મા નરકમાં જતો નથી પરંતુ પરજીવને મારવાનો હિંસકભાવ અને ઘણા પૈસા રાખવાનો તીવ્ર મમત્વભાવ તેથી જ જીવ નરકમમાં જાય છે. કોઈને એક રૂપિયાની જ મૂડી હોય પણ મમત્વભાવ ઘણો હોય તો તે નરકે જાય અને બીજા પાસે કરોડો રૂપિયાની મૂડી હોય છતાં મમત્વભાવ થોડો હોય તો તે નરકે જાય નહિ, એટલે

નિમિત્તના સંયોગ ઉપર આધાર ન રહ્યો, પણ ઉપાદાનના ભાવ ઉપર આધાર રહ્યો. ગૃહસ્થ જો હિંસાદિ તીવ્ર પાપ કષાય ન કરે તો નરકમાં ન જાય અને અજ્ઞાની ત્યાગી પણ જો તીવ્ર કલુષિત પરિણામ કરે તો તે નરકમાં જાય.

ક્ષાયકસમ્યગ્દ્રષ્ટિ ધર્માત્મા ચક્રવર્તીરાજમાં હોય અને લડાઈમાં હજારો મનુષ્યોના સંહાર વચ્ચે ઉભા હોય, પોતે પણ બાણ છોડતા હોય-છતાં-અંતરમાં ભાન છે કે આ મારૂં સ્વરૂપ નથી. હું પર જીવનું કાંઈ કરવા સમર્થ નથી, મારી અસ્થિરતાના કારણે મને રાગની વૃત્તિ આવી જાય છે તે પણ મારૂં સ્વરૂપ નથી, આવું ભાન છે તો તે નરકે જતા નથી. માટે પરજીવની હિંસા તે નરકનું કારણ નથી પણ અંતરના અશુભભાવ તે જ નરકનું કારણ છે.

નિમિત્તે બારમા દોહામાં 'નિમિત્તથી પાપ થાય છે' એવી દલીલ કરી હતી, હવે 'નિમિત્તથી પુણ્ય થાય અને જીવ સુખી થાય છે' એમ દલીલ કરે છેઃ-

**દયા દાન પૂજા કિયે, જીવ સુખી જગ હોય;**
**જો નિમિત્ત જાુઠો કહો, યહ કયોં માનૈ લોય. ૧૪.**

**અર્થ**:-નિમિત્ત કહે છે કે-દયા, દાન, પૂજા કરે તો જીવ જગતમાં સુખી થાય છે. જો તમે કહો છો તેમ નિમિત્ત જાૂઠું હોય તો લોકો તેને કેમ માને?

પરજીવની દયા, લક્ષ્મી વગેરેનું દાન અને ભગવાનની પૂજાદિથી જીવને પુણ્ય બંધાય છે. એ રીતે દયામાં પરજીવનું નિમિત્ત, દાનમાં લક્ષ્મીનું નિમિત્ત અને પૂજામાં ભગવાનનું નિમિત્ત છે અને એ પરનિમિત્તથી જીવ પુણ્ય બાંધીને જગતમાં સુખી થાય છે. તમે કહો છો કે ઉપાદાન સ્વતંત્ર છે અને પુણ્યથી કે પર વસ્તુથી સુખ નથી, પરંતુ આ તો પ્રત્યક્ષ છે કે દયા વગેરેથી પુણ્ય કરે તો સારી સામગ્રી મળે અને જગતમાં જીવ સુખી થાય; જો નિમિત્તથી સુખ ન મળતું હોય તો આમ કેમ બને? આવી નિમિત્તના પક્ષની દલીલ છે. આમાં ત્રણ પ્રકારે નિમિત્તનો પક્ષ આવ્યો-(૧) પર નિમિત્તથી પુણ્ય થાય (૨) પુણ્ય કરવાથી બાહ્ય વસ્તુ મળી અને (૩) બાહ્યવસ્તુ મળવાથી જીવને સુખ મળે છે. આમ આખું જગત* પુણ્યના સંયોગોમાં પોતાને સુખી માને છે, માટે નિમિત્તનું જ બળ છે!

ઉપાદાન પક્ષ નિમિત્તપક્ષની અત્યારસુધીની બધી દલીલો તોડી પાડે છે, તેમ આ દલીલને પણ તોડી નાખે છેઃ-

* 'આખું જગત' કહેતાં જગતના બધા અજ્ઞાની જીવો-એમ સમજવું. જ્ઞાનીઓ જગતથી પાર છે, તેઓ પોતાના સ્વભાવમાં છે. 'આખું જગત' કહેતાં અહીં તેમનો સમાવેશ થતો નથી.

**દયા દાન પૂજા ભલી, જગતમાંહિ સુખકાર;**
**જહાં અનુભવકો આચરન, તહાં યહ બંધ વિચાર. ૧૫**

**અર્થ**:-ઉપાદાન કહે છે-દયા, દાન, પૂજાના શુભભાવ જગતમાં બાહ્ય સગવડ આપે, પણ અનુભવના આચરણનો વિચાર કરતાં એ બધા (-શુભભાવ) બંધ છે, [-ધર્મ નથી].

પરજીવની દયામાં રાગ ઘટાડે, દાનમાં તૃષ્ણા ઘટાડે અને પૂજા ભક્તિમાં શુભરાગ કરીને જે પુણ્ય બંધાય છે તે જગતમાં સંસારના વિકારી સુખનું કારણ છે-ખરેખર તો તે દુઃખ જ છે. સાચા સુખનું સ્વરૂપ જાણનારા સમ્યગ્જ્ઞાનીઓ તે પુણ્યને અને તેના ફળને સુખ માનતા નથી. તે પુણ્યભાવ રહિત પોતાના શુદ્ધ પવિત્ર આત્માનો અનુભવ તે જ સાચું સુખ છે, પુણ્યભાવથી તો આત્માને બંધન થાય છે, માટે તે દુઃખ જ છે, અને તેનું ફળ દુઃખનું જ નિમિત્ત છે. પુણ્ય તો આત્માના ગુણને રોકે છે અને જડનો સંયોગ આપે છે, તેમાં આત્માના ગુણનો લાભ થતો નથી. જો સાચી સમજણવડે આત્માને ઓળખીને તેનો અનુભવ કરે તો પરમ સુખ અને સાચો લાભ થાય. આમાં પુણ્ય અને નિમિત્ત [-પુણ્યનુંફળ] એ બંનેથી સુખ થાય એ વાત ઉડાડી દીધી. પુણ્ય પણ દુઃખદાયક જ છે અને પુણ્યના ફળ તરીકે બાહ્યમાં ધૂળ-ધમાહાનો સંયોગ-જેને અજ્ઞાની જીવો સુખ કહે છે તે-મળે પરંતુ તે જડમાં આત્માનો લાભ કે સુખ કિંચિત નથી જ.

નિમિત્તે કહ્યું હતું કે પુણ્યથી જીવ સુખી થાય છે, અહીં ઉપાદાન કહે છે કે-કોઈ પણ જાતના પુણ્ય પરિણામ થાય તે આત્માને બાંધે છે, આત્માના અવિકારી ધર્મને રોકે છે. આથી અશુભથી બચવા શુભભાવ ન કરવા-એમ ન સમજવું પરંતુ તે પુણ્ય પરિણામ આત્માના ધર્મને-સુખને મદદગાર નથી-એમ સમજવું. આત્માની ઓળખાણ કરે તો જ ધર્મ થાય, પરંતુ ઘણા પુણ્ય કરે તો તે આત્માના ધર્મને નિમિત્તરૂપે નીવડે-એમ કદી છે જ નહિ. ઉપાદાન સ્વરૂપ આત્માનું જ બળ છે, નિમિત્તનું બળ નથી.

જાુઓ તો ખરા! આ બાયડી-છોકરાવાળા ગૃહસ્થે સાં. ૧૭૫૦ માં બનાવ્યું છે. ઉપાદાન-નિમિત્તના સ્વરૂપને કેટલું સ્પષ્ટ કર્યું છે! બધાય પડખાથી દલીલો કરી છે. જેમ કોઈને કોઈ સાથે વાંધો પડયો હોય તો તેની વિરુદ્ધ દલીલો કરી દાવો કરે, ત્યાં ન ફાવે એટલે મોટી કોર્ટમાં જાય અને ત્યાં પણ ન ફાવે એટલે

કાઉન્સીલમાં અપીલ કરે એ રીતે જેટલા બને તેટલા પ્રયત્નો કરે, તેમ અહીં નિમિત્ત પણ નવી નવી અનેક દલીલો કરે છે, ફેરવી ફેરવીને જેટલી બને તેટલી બધી દલીલો કરે છે-પરંતુ તેની એકે દલીલ ઉપાદાન સામે ટકી શકતી નથી, ઉપાદાનની તો એક જ વાત છે કે-આત્મા પોતાના ઉપાદાનથી સ્વતંત્ર છે, આત્મની સાચી શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા તે જ કલ્યાણનો ઉપાય છે, બીજો કોઈ પણ ઉપાય નથી. છેવટ નિમિત્ત અને ઉપાદાન બંનેની દલીલોને બરાબર જાણીને, યથાર્થ નિર્ણયદ્વારા સમ્યગ્જ્ઞાનરૂપી ન્યાયાધીશ ચૂકાદો આપશે, તેમાં ઉપાદાનની જીત અને નિમિત્તની હાર થશે.

[ ઉપાદાન-નિમિત્તના સંવાદના કૂલ ૪૭ દોહરા છે, તે બધા ઉપર પર્યુષણ દરમ્યાન વ્યાખ્યાન થઈ ગયેલ છે-તેમાંથી દોહા ૧ થી ૧૫ સુધીનું વ્યાખ્યાન અત્રે આપેલ છે. ]

।। ॐ ।।

શ્રી સદ્‌ગુરુદેવાય નમ:

# સ....મ્ય....ક્....દ....ર્શ....ન

卐

: પ્રગટ કરનાર :

રામજી માણેકચંદ દોશી

## ( ૧ )

## સમ્યગ્દર્શન શા માટે ?

**પ્રશ્ન:-** સમ્યગ્દર્શનથી ધર્મની શરૂઆત થાય છે એમ જ્ઞાનીઓ કહે છે, તો સમ્યગ્દર્શન વિનાનાં જ્ઞાન અને ચારિત્ર કેવાં હોય ?

**ઉત્તર:-**સમ્યગ્દર્શન ન હોય તો અગીઆર અંગનો જ્ઞાતા પણ મિથ્યાજ્ઞાની છે; અને તેનું ચારિત્ર પણ મિથ્યાચારિત્ર છે. અહીં આશય એ છે કે સમ્યગ્દર્શન વિના વ્રત, તપ, જપ ભક્તિ, પ્રત્યાખ્યાન આદિ જે કાંઈ આચરણ છે તે સર્વે મિથ્યાચારિત્ર છે; માટે સમ્યગ્દર્શન શું છે, તે કેવી રીતે પ્રાપ્ત થઈ શકે છે તે જાણવાની જરૂર છે.

## ( ૨ )

## સમ્યગ્દર્શન શું છે ?

**પ્રશ્ન:-**સમ્યગ્દર્શન શું છે ? તે દ્રવ્ય છે, ગુણ છે કે પર્યાય છે ?

**ઉત્તર:-**સમ્યગ્દર્શન તે જીવદ્રવ્યના શ્રદ્ધા ગુણની એક નિર્મળ પર્યાય છે. આ જગતમાં છ દ્રવ્યો છે તેમાં એક ચેતન દ્રવ્ય [ જીવ ] છે, અને પાંચ અચેતન-જડ દ્રવ્યો [ પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ ] છે. જીવ દ્રવ્ય અર્થાત્ આત્મવસ્તુમાં અનંત ગુણો છે, તેમાં એક ગુણ શ્રદ્ધા [ માન્યતા-વિશ્વાસ-પ્રતીત ] છે, તે ગુણની અવસ્થા અનાદિથી ઊંધી છે તેથી જીવને પોતાના સ્વરૂપની ભ્રમણા છે, તે અવસ્થાને મિથ્યાદર્શન કહેવામાં આવે છે; તે શ્રદ્ધા ગુણની સવળી [ શુદ્ધ ] અવસ્થા તે સમ્યગ્દર્શન છે. આ રીતે આત્માના શ્રદ્ધા ગુણની શુદ્ધ પર્યાય તે સમ્યગ્દર્શન છે.

## ( ૩ )

## શ્રદ્ધાગુણની મુખ્યતાએ નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા

( ૧ )-શ્રદ્ધા ગુણની જે અવસ્થા પ્રગટ થવાથી પોતાના શુદ્ધ આત્માનો પ્રતિભાસ થાય તે સમ્યગ્દર્શન છે.

( ૨ )-સર્વજ્ઞ ભગવાનની વાણીમાં જેવું પૂર્ણ આત્માનું સ્વરૂપ કહ્યું છે તેવું શ્રદ્ધાન તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. [ નિશ્ચય સમ્યગ્દર્શન નિમિત્તને, અધૂરી કે વિકારી પર્યાયને, ભંગ-ભેદને કે ગુણભેદને સ્વીકારતું નથી-લક્ષમાં લેતું નથી. ]

નોંધ-ઘણા માણસો માત્ર એક સર્વ વ્યાપક આત્મા છે એમ માને છે અને તે આત્માને કૂટસ્થ માત્ર માને છે, પણ તેમના કહેવા મુજબ ચૈતન્યમાત્ર આત્માને માનવો તે સમ્યગ્દર્શન નથી.

( ૩ )-સ્વરૂપનું શ્રદ્ધાન.

( ૪ )-આત્મ શ્રદ્ધાન. [ પુરુષાર્થસિદ્ધિ ઉપાય ગાથા-૨૧૬ ]

( ૫ ) સ્વરૂપની યથાર્થ પ્રતીતિ [ મોક્ષમાર્ગ પ્રકાશક પાનું-૩૨૨-૩૨૮ ]

( ૬ ) પરથી ભિન્ન પોતાના આત્માની શ્રદ્ધા-રુચિ. [ સમયસાર કલશ ૬; છહ-ઢાળા-ત્રીજીઢાળ ગાથા-૨ ]

નોંધ:-અહીં 'પરથી ભિન્ન એ શબ્દો એમ સૂચવે છે કે સમ્યગ્દર્શનને પર વસ્તુ, નિમિત્ત, અશુદ્ધપર્યાય, ઉણી શુદ્ધપર્યાય કે ભંગ-ભેદ એ કાંઈ સ્વીકાર્ય નથી. સમ્યગ્દર્શનનો વિષય [ લક્ષ્ય ] પૂર્ણ જ્ઞાન-ઘન ત્રિકાળી આત્મા છે [ પર્યાયની અપૂર્ણતા વગેરે સમ્યગ્જ્ઞાનનો વિષય છે ].

( ૭ )-વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવ સ્વરૂપ નિજ પરમાત્માની રુચિ તે સમ્યગ્દર્શન. [ જયસેનાચાર્ય કૃત ટીકા-હિંદી સમયસાર પાનું ૮ ]

**નોંધ:-**અહીં 'નિજ' શબ્દ છે, તે અનેક આત્માઓ છે તેમનાથી પોતાની ભિન્નતા બતાવે છે.

(૮)–શુધ્ધ જીવાસ્તિકાય રૂચિરૂપ નિશ્ચયસમ્યકત્વ. [ જયસેનાચાર્ય કૃત ટીકા–પંચાસ્તિકાય ગાથા–૧૦૭ પાનું ૧૭૦ ]

## (૪)

## જ્ઞાનગુણની મુખ્યતાએ નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા

(૧)–વિપરિત અભિનિવેશ રહિત જીવાદિ તત્ત્વાર્થ શ્રદ્ધાન તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે. [ મોક્ષમાર્ગ પ્રકાશક પાનું ૩૧૭–૩૨૦ તથા પુરુષાર્થસિદ્ધિ ઉપાય ગાથા–૨૨૦ ]

નોંધઃ–આ વ્યાખ્યા પ્રમાણદ્રષ્ટિએ છે તેમાં નાસ્તિ–અસ્તિ બન્ને બતાવ્યાં છે.

(૨)–જીવાદિનું શ્રદ્ધાન સમ્યકત્વ છે એટલે કે જીવાદિ પદાર્થોની યથાર્થ શ્રધ્ધાન તે શ્રધ્ધા સ્વભાવે આત્માનું પરિણમન તે સમ્યકત્વ છે. [ સમયસાર ગાથા–૧૫૫. હિંદી પાનું–૨૨૫ ગુજરાતી પાનું–૨૦૧ ]

(૩)–ભૂતાર્થે જાણેલા પદાર્થોથી શુધ્ધાત્માના જુદાપણાનું સમ્યક્અવલોકન. [ જયસેનાચાર્ય કૃત ટીકા–હિંદી સમયસાર પાનું–૨૨૬ ]

નોંધ–કોલમ નં–૨ તથા ૩ એમ સૂચવે છે કે જેને નવ પદાર્થોનું સમ્યગ્જ્ઞાન હોય તેને જ સમ્યગ્દર્શન હોય, આ રીતે સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનનું અવિનાભાવીપણું બતાવે છે. આ કથન દ્રવ્યાર્થિકનયે છે.

(૪)– પંચાધ્યાયીમાં જ્ઞાન અપેક્ષાએ નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા ગાથા– ૧૮૬ થી ૧૮૯ માં આપી છે, તે કથન પર્યાયાર્થિકનયે છે. તે ગાથામાં નીચે પ્રમાણે કહ્યું છે–

[ ગાથા–૧૮૬ ]–“તેથી શુધ્ધત્વ કાંઈ તે નવતત્ત્વથી વિલક્ષણ અર્થાંતર નથી, પરંતુ કેવળ નવતત્ત્વસંબંધી વિકારોને છોડીને નવતત્ત્વ જ શુદ્ધ છે. ભાવાર્થઃ–તેથી સિદ્ધ થાય છે કે કેવળ વિકારની ઉપેક્ષા કરવાથી નવતત્ત્વ જ શુદ્ધ જીવ છે, નવતત્ત્વોથી કાંઈ સર્વથા ભિન્ન શુદ્ધત્વ નથી.”

[ ગાથા–૧૮૭ ]– “તેથી સૂત્રમાં તત્ત્વાર્થની શ્રદ્ધા કરવી તેને સમ્યગ્દર્શન માનવામાં આવ્યું છે, અને તે પણ જીવ–અજીવાદિરૂપ નવ છે; × × ×. ભાવાર્થ–વિકારની ઉપેક્ષા કરતાં શુદ્ધત્વ નવતત્ત્વોથી અભિન્ન છે, તેથી સૂત્રકારે [ તત્ત્વાર્થસૂત્રમાં ] નવતત્ત્વોની યથાર્થ શ્રદ્ધાનને સમ્યગ્દર્શન કહ્યું છે. × × ×.”

[ ગાથા–૧૮૮ ]–આ ગાથામાં જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વોનાં નામ આપ્યા છે.

[ ગાથા–૧૮૯ ]–“પુણ્ય અને પાપની સાથે એ સાત તત્ત્વને નવ પદાર્થ કહેવામાં આવે છે અને તે નવપદાર્થ, ભૂતાર્થને આશ્રયે, સમ્યગ્દર્શનનો વાસ્તવિક વિષય છે.

ભાવાર્થઃ–તથા પુણ્ય અને પાપની સાથે એ સાત તત્ત્વ જ નવપદાર્થ કહેવાય છે, અને તે નવપદાર્થ યથાર્થપણાને આશ્રયે સમ્યગ્દર્શનનો યથાર્થ વિષય છે.”

નોંધ–એ ખ્યાલમાં રાખવું કે આ કથન જ્ઞાન અપેક્ષાએ છે; દર્શન અપેક્ષાએ સમ્યગ્દર્શનનો વિષય પોતાનો અખંડ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પરિપૂર્ણ આત્મા છે–તે બાબત ઉપર જણાવી છે.

(૫)–“શુધ્ધચેતના એક પ્રકાર છે કેમકે શુધ્ધ એક પ્રકાર છે. શુધ્ધચેતનામાં શુધ્ધતાની ઉપલબ્ધિ થાય છે તેથી તે શુધ્ધરૂપ છે અને તે જ્ઞાનરૂપ છે તેથી તે જ્ઞાન–ચેતના છે.” [ પંચાધ્યાયી ગાથા–૧૯૪ ]

“બધા સમ્યગ્દ્રષ્ટિઓને આ જ્ઞાનચેતના પ્રવાહરૂપથી અથવા અખંડ એકધારારૂપ રહે છે. [ પંચાધ્યાયી ગાથા–૮૫૧ ]

(૬)–જ્ઞેય જ્ઞાતૃતત્ત્વની યથાવત્ પ્રતીતિ જેનું લક્ષણ છે તે સમ્યગ્દર્શન પર્યાય. [ પ્રવચનસાર અધ્યાય ૩ ગાથા–૪૨. શ્રી અમૃતચંદ્રાચાર્ય કૃત ટીકા પાનું ૩૩૫ ]

(૭) આત્માને આત્માથી જાણતો જીવ તે નિશ્ચય સમ્યગ્દ્રષ્ટિ છે. [ પરમાત્મ પ્રકાશ ગાથા ૮૨ ]

(૮)–‘तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्’ [ તત્ત્વાર્થસૂત્ર અધ્યાય ૧ સૂત્ર ૨ ]

## (૫)

## ચારિત્રગુણની મુખ્યતાએ નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા

(૧) “જ્ઞાનચેતનામાં ‘જ્ઞાન’ શબ્દથી જ્ઞાનમય હોવાના કારણે શુધ્ધાત્માનું ગ્રહણ છે અને તે શુધ્ધાત્મા જે–દ્વારા અનુભૂત થાય તેને જ્ઞાનચેતના કહે છે” [ પંચાધ્યાયી ગાથા ૧૯૬–ભાવાર્થ ]

(૨) “તેનો ખૂલાસો એ છે કે–જે વખતે, આત્માનો જ્ઞાનગુણ સમ્યકત્વયુક્ત થતાં આત્મસ્વરૂપની ઉપલબ્ધિ થાય છે તેને જ્ઞાનચેતના કહે છે.” [ પંચાધ્યાયી ગા.–૧૯૭ ]

(૩) “નિશ્ચયથી આ જ્ઞાનચેતના સમ્યગ્દ્રષ્ટિને જ હોય છે.

[ પંચાધ્યાયી ગા.–૧૯૮ ]

નોંધ–અહીં આત્માનો જે શુધ્ધોપયોગ છે–અનુભવ છે તે ચારિત્રગુણની પર્યાય છે.

(૪) આત્માની શુધ્ધ ઉપલબ્ધિ સમ્યગ્દર્શનનું લક્ષણ છે.

[ પંચાધ્યાયી ગા.–૨૧૫ ]

નોંધ–અહીં એટલું લક્ષમાં રાખવું કે જ્ઞાનની મુખ્યતાએ તથા ચારિત્રની મુખ્યતાએ જે કથન છે તેને સમ્યગ્દર્શનનું બાહ્ય

લક્ષણ જાણવું કેમકે સમ્યગ્જ્ઞાન અને અનુભવની સાથે સમ્યગ્દર્શન અવિનાભાવી હોવાથી તે સમ્યગ્દર્શનને અનુમાનથી સિદ્ધ કરે છે, એ અપેક્ષાએ તેને વ્યવહાર કથન કહેવામાં આવે છે, અને દર્શન [ શ્રદ્ધા ] ગુણ અપેક્ષાએ જે કથન છે તેને નિશ્ચય કથન કહેવામાં આવે છે.

## ( ૬ )

## અનેકાન્ત સ્વરૂપ

દર્શન-જ્ઞાન-ચારિત્ર સંબંધી અનેકાન્ત સ્વરૂપ સમજવા લાયક હોવાથી અહીં કહેવામાં આવે છે.

( ૧ )-સમ્યગ્દર્શન-તમામ સમ્યગ્દ્રષ્ટિઓને એટલે ચોથા ગુણસ્થાનકથી સિદ્ધ સુધી બધાને એક સરખું છે, એટલે કે શુધ્ધાત્માની માન્યતા તે બધાને એક સરખી છે-માન્યતામાં કાંઈ ફારફેર નથી.

( ૨ )-સમ્યગ્જ્ઞાન-તમામ સમ્યગ્દ્રષ્ટિઓને સમ્યક્-પણાની અપેક્ષાએ જ્ઞાન એક જાતનું છે, પણ જ્ઞાન કોઈને હીન, કોઈને અધિક હોય છે. તેરમે ગુણસ્થાનથી સિધ્ધ સુધીનું જ્ઞાન સંપૂર્ણ હોવાથી સર્વ વસ્તુઓને યુગપત્ જાણે છે. નીચેના ગુણસ્થાનોમાં [ ચારથી બાર સુધીમાં ] જ્ઞાન ક્રમેક્રમે થાય છે અને ત્યાં જો કે જ્ઞાન સમ્યક્ છે તો પણ ઓછું-વધતું છે, તે અવસ્થામાં જે જ્ઞાન ઉઘાડરૂપ નથી તે અભાવરૂપ છે, પણ તેમાં વિકાર નથી, આ રીતે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં તફાવત છે.

( ૩ )-સમ્યક્ચારિત્ર-તમામ સમ્યગ્દ્રષ્ટિઓને જે કાંઈ ચારિત્ર પ્રગટયું હોય તે સમ્યક્ છે, અને દસમા ગુણસ્થાન સુધી જે પ્રગટયું નથી તે વિભાવરૂપ છે. તેરમા ગુણસ્થાને અનુજીવી યોગ કંપનરૂપ હોવાથી વિભાવરૂપ છે, અને ત્યાં પ્રતિજીવી ગુણો બિલકુલ પ્રગટ નથી. ચૌદમા ગુણસ્થાને પણ ઉપાદાનની કચાશ છે તેથી ત્યાં ઉદયભાવ છે.

( ૪ )-જ્યાં સમ્યગ્દર્શન છે ત્યાં સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપાચરણચારિત્રનો અંશ અભેદરૂપ હોય છે અને ઉપર કહ્યા પ્રમાણે દર્શનગુણથી જ્ઞાનગુણનું જુદાપણું અને તે બંને ગુણથી ચારિત્રગુણનું જુદાપણું સિદ્ધ થયું એ રીતે અનેકાંત સ્વરૂપ થયું.

( ૫ )-આ ભેદ પર્યાયાર્થિકનયથી છે, દ્રવ્ય અખંડ હોવાથી દ્રવ્યાર્થિકનયે બધા ગુણો અભેદ-અખંડ છે એમ સમજવું.

## ( ૭ )

## દર્શન ( શ્રદ્ધા ), જ્ઞાન, ચારિત્ર એ ત્રણે ગુણોની અભેદદ્રષ્ટિએ નિશ્ચય સમ્યગ્દર્શનની વ્યાખ્યા

( ૧ ) અખંડ પ્રતિભાસમય, અનંત, વિજ્ઞાનઘન, પરમાત્માસ્વરૂપ સમયસારને જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે-[ અર્થાત્ શ્રધ્ધાય છે ] અને જણાય છે તેથી સમયસાર જ સમ્યક્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે. નયોના પક્ષપાતને છોડીને એક અખંડ પ્રતિભાસનો અનુભવ કરવો તે જ 'સમ્યગ્દર્શન' અને 'સમ્યગ્જ્ઞાન' એવાં નામ પામે છે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન કાંઈ અનુભવથી જુદાં નથી. [ સમયસાર ગાથા-૧૪૪ ટીકા-ભાવાર્થ. ગુજરાતી પાનું-૧૮૪ ]

( ૨ ) **વર્તે નિજ સ્વભાવનો અનુભવ લક્ષ પ્રતીત,**
**વૃતિ વહે નિજભાવમાં પરમાર્થે સમકિત.**

[ આત્મસિદ્ધિ ગાથા-૧૧ ]

**અર્થ**-પોતાના સ્વભાવની પ્રતીત, જ્ઞાન અને અનુભવ વર્તે અને પોતાના ભાવમાં પોતાની વૃતિ વહે તે પરમાર્થ સમ્યકત્વ છે.

## ( ૮ )

## નિશ્ચય સમ્યગ્દર્શનનું ચારિત્રના ભેદ અપેક્ષાએ કથન

નિશ્ચય સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનકથી શરૂ થાય છે, ચોથા અને પાંચમા ગુણસ્થાનકે ચારિત્રમાં મુખ્યપણે રાગ હોય છે તેથી તેને 'સરાગ સમ્યક્ત્વ' કહેવાય છે. છઠ્ઠા ગુણસ્થાનકે ચારિત્રમાં રાગ ગૌણ છે અને પછીના ગુણસ્થાનોમાં તે ટળતાં ટળતાં છેવટે સંપૂર્ણ વીતરાગ ચારિત્ર થાય છે તેથી છઠ્ઠા ગુણસ્થાનકથી 'વીતરાગ સમ્યક્ત્વ' કહેવાય છે.

## ( ૯ )

## નિશ્ચય સમ્યગ્દર્શન સંબંધે પ્રશ્નોતર

**પ્રશ્નઃ**-મિથ્યાત્વ અને અનંતાનુબંધીના નિમિત્તે થતા વિપરિત અભિનિવેશ રહિત જે શ્રદ્ધા છે તે નિશ્ચય સમ્યક્ત્વ છે કે વ્યવહાર સમ્યકત્વ છે?

**ઉત્તરઃ**-તે નિશ્ચય સમ્યક્ત્વ છે, વ્યવહાર સમ્યકત્વ નથી.

**પ્રશ્નઃ**-પંચાસ્તિકાયની ગાથા ૧૦૭ની સંસ્કૃત ટીકામાં તેને વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું તે ખરૂં?

**ઉત્તરઃ**-એ ખરૂં નથી. તેમાં આ પ્રમાણે શબ્દો છે- '**मिथ्यात्वोदयजनित विपरीताभिनिवेश रहितं श्रद्धान**' અહીં '**श्रद्धानं**' કહીને શ્રદ્ધાનની ઓળખાણ આપી છે, પણ તેને વ્યવહાર સમ્યકત્વ કહ્યું નથી. વ્યવહાર અને નિશ્ચય સમ્યકત્વની વ્યાખ્યા તો ગાથા ૧૦૭ માં કહેલ '**भावाणं**' શબ્દના અર્થમાં કહી છે.

**પ્રશ્નઃ**-અધ્યાત્મ કમલમાર્તંડની ૭ મી ગાથામાં તેને વ્યવહાર સમ્યક્ત્વ કહ્યું છે એ ખરૂં?

ATMADHARAM With the permissdon of the Baroda Govt. Regd No. B. 4787
order No. 30/24 date 31-10-44

**ઉત્તરઃ**-ત્યાં નિશ્ચય સમ્યકત્વની વ્યાખ્યા છે; દ્રવ્ય-કર્મના ઉપશમ, ક્ષય વગેરેના નિમિત્તથી સમ્યકત્વ પેદા થાય છે-એમ નિશ્ચય સમ્યક્ત્વની વ્યાખ્યા કરવી તે વ્યવહારનયથી છે કેમકે તે વ્યાખ્યા પરદ્રવ્યની અપેક્ષાએ કહી છે. પોતાના પુરુષાર્થથી નિશ્ચય સમ્યક્ત્વ પ્રગટે છે એ નિશ્ચય નયનું કથન છે. હિંદીમાં જે 'વ્યવહાર સમ્યકત્વ' એવો અર્થ ભર્યો છે તે મૂળ ગાથા સાથે બંધ બેસતો નથી.

## ( ૧૦ )

## વ્યવહાર સમ્યગ્દર્શનની વ્યાખ્યા

( ૧ ) પાંચઅસ્તિકાય, છ દ્રવ્યો તથા જીવ-પુદ્‌ગલના સંયોગ પરિણામોથી ઉત્પન્ન આસ્રવ, બંધ, પુણ્ય, પાપ, સંવર, નિર્જરા અને મોક્ષ એ રીતે નવ પદાર્થોના વિકલ્પરૂપ વ્યવહાર સમ્યક્ત્વ.

[ પંચાસ્તિકાય, જયસેનાચાર્યકૃત ટીકા ગાથા-૧૦૭ પા. ૧૭૦ ]

( ૨ ) જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વો જેમ છે તેમ યથાર્થ અટળ શ્રદ્ધા કરવી તે વ્યવહાર સમ્યગ્દર્શન છે.

[ છહઢાળા-ઢાળ-૩ ગાથા-૩ ]

( ૩ ) **પ્રશ્નઃ**-વ્યવહાર સમ્યગ્દર્શન કયા જીવને અને કયારે હોય છે? તથા નિશ્ચય સમ્યગ્દર્શન નહિ હોવા છતાં તેને વ્યવહાર સમ્યગ્દર્શન શા માટે કહેવામાં આવે છે?

**ઉત્તરઃ**-પ્રથમ નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટ થાય ત્યારે વિકલ્પરૂપ વ્યવહાર સમ્યગ્દર્શનનો અભાવ થાય છે. તેથી તે [ વ્યવહાર સમ્યગ્દર્શન ] ખરેખર નિશ્ચયસમ્યગ્દર્શનનું સાધક નથી, તો પણ તેને ભૂત નૈગમનયથી સાધક કહેવામાં આવે છે, એટલે કે પૂર્વે જે વ્યવહાર સમ્યગ્દર્શન હતું તે નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થતી વખતે અભાવરૂપ થાય છે, તેથી જ્યારે તેનો અભાવ થાય છે ત્યારે પૂર્વની વિકલ્પ સહિતની શ્રદ્ધાને વ્યવહાર સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. [ પરમાત્મ પ્રકાશ-ગાથા-૧૪૦ પાનું-૧૪૩ આવૃત્તિ પહેલી સંસ્કૃત ટીકા ] આ રીતે વ્યવહાર સમ્યગ્દર્શન તે નિશ્ચય સમ્યગ્દર્શનનું કારણ નથી, પણ તેનો અભાવ તે કારણ છે.

## ( ૧૧ )

## વ્યવહારાભાસ સમ્યગ્દર્શનને કોઈવાર વ્યવહાર સમ્યગ્દર્શન પણ કહે છે.

દ્રવ્યલીંગી મુનિને આત્મજ્ઞાનશૂન્ય આગમજ્ઞાન, તત્ત્વાર્થશ્રદ્ધાન અને સંયમભાવની એકતા પણ કાર્યકારી નથી. [ જુઓ પ્રવચનસાર અધ્યાય ૩ ગાથા-૩૯ તથા મોક્ષમાર્ગ પ્રકાશક પાનું ૨૩૭-૨૩૮-૨૪૧ ] અહીં જે 'તત્ત્વાર્થ શ્રધ્ધાન' શબ્દ વાપર્યો છે, તે ભાવ નિક્ષેપે નથી પણ નામ નિક્ષેપે તે કથન છે.

'જેને સ્વ-પરનું યથાર્થ શ્રદ્ધાન નથી પણ વીતરાગે કહેલા દેવ-ગુરુ અને ધર્મ એ ત્રણેને માને છે તથા અન્યમતમાં કહેલા દેવાદિ તથા તત્ત્વાદિને માને નહિ-તો એવા કેવળ વ્યવહાર સમ્યકત્વવડે તે નિશ્ચય સમ્યકત્વી નામ પામે નહિ.' [ મોક્ષમાર્ગ પ્રકાશક પનું. ૩૪૩. ] તેને ગૃહીત મિથ્યાત્વ ટળ્યું છે એ અપેક્ષાએ વ્યવહારસમ્યકત્વ થયું છે એમ કહેવાય છે; પણ તેને અગૃહીત મિથ્યાદર્શન છે માટે ખરી રીતે તેને વ્યવહારાભાસ સમ્યગ્દર્શન છે.

મિથ્યાદૃષ્ટિ જીવને દેવ-ગુરુ-ધર્માદિનું શ્રદ્ધાન આભાસમાત્ર હોય છે, તેના શ્રદ્ધાનમાંથી વિપરીતાભિનિવેશનો અભાવ થયો નથી; વળી તેને વ્યવહાર સમ્યકત્વ આભાસ માત્ર છે તેથી તેને જે દેવ-ગુરુ-ધર્મ નવ તત્ત્વાદિનું શ્રદ્ધાન છે તે વિપરીતાભિનિવેશના અભાવ માટે કારણ ન થયું, અને કારણ થયા વિના તેમાં [ સમ્યગ્દર્શનનો ] ઉપચાર સંભવતો નથી; તેથી તેને વ્યવહાર સમ્યગ્દર્શન પણ સંભવતું નથી, તેને વ્યવહાર સમ્યકત્વ માત્ર નામ નિક્ષેપથી કહેવામાં આવે છે.

[ મોક્ષમાર્ગ પ્રકાશક-પાનું. ૩૨૪-૩૩૨ ]

## આ....ત્મ....ધ....ર્મ....ની....પ્ર....ભા....વ....ના

### સત્‌દેવ, ગુરુ અને શાસ્ત્ર પ્રત્યેની ભક્તિના ઉલ્લાસથી

મોટા આંકડિયાના રહીશ ધર્મપ્રેમી બહેનશ્રી હેમકુંવરબહેન તરફથી રૂપિયા પાંચસોને એક આત્મધર્મ માસિકના ૨૫ મા અંકને ખાસ અંક-ભગવાન શ્રી મહાવીર નિર્વાણ મહોત્સવ અંક-તરીકે પ્રગટ કરી આત્મધર્મની પ્રભાવના કરવા માટે પર્યુષણપર્વ વખતે મળ્યા હતા, તે મુજબ આજે ચાલુ અંકના ૧૬ પાનાં ઉપરાંત બીજા ૨૮ પાનાં મળી ૪૪ પાનાંનો આ અંક આપવામાં આવેલ છે. પ્રકાશક

મુદ્રક-પ્રકાશક—શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી જમનાદાસ માણેકચંદ રવાણી
શિષ્ટ સાહિત્ય મુદ્રણાલય, દાસકુંજ, મોટો આંકડિયા, કાઠિયાવાડ. તા. ૭-૧૧-૪૫